એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૭ ● અંક : ૧

ઓક્ટોબર - નવેમ્બર '૧૧

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૯૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

જયેશ ઘડીયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબ સાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**વિતરણ વ્યવસ્થા**

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩

(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**નાણાકીય વ્યવસ્થા**

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**જાહેરાત - લવાજમ માટે સંપર્ક**

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪ (રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫ (ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની

ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે,

દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**કાર્યાલય :**

રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ** : www.gnyatisetu.com

**ઈ-મેલ** : editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

વિક્રમ સંવત ૨૦૬૮નો આરંભ થઈ ગયો છે.

સ્વાભાવિક રીતે જ સહુ કોઈ વ્યવસાયીક કે સમાજસેવી સંગઠનનું, એના ગત વર્ષના લેખા જોખા સાથે, આગામી વર્ષનું આયોજન મુજબ કાર્યાન્વત શરૂ થઈ જતું હોય છે. જેમ કે ભુજ જ્ઞાતિ મંડળે, ડિસેમ્બરમાં આગામી સમૂહ લગ્ન કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. મહા મંડળની સામાજીક સમિતિએ સગાઈ લગ્ન અને છુટાછેડા સંદર્ભે ઉપસ્થિત થતા પ્રશ્નોના સમાધાન માટે બંધુઓના વિચારો, સૂચનો એકત્ર કરવાની જાહેરાત કરી દીધી છે. અમને વિશ્વાસ છે કે મહામંડળની અન્ય સમિતિઓ પણ એમનો એજન્ડા સત્વરે પ્રસ્તુત કરશે. આવું થશે તો જ આપણું મહામંડળ એના ક્રિયાત્મક હોવાની પ્રતીતિ કરાવી શકશે. જે હવે, પાંચ-છ વર્ષની અવધિ પછી મહામંડળ માટે અત્યંત આવશ્યક છે.

'સેતુ'એ એના વાચકો સાથેના સંપર્કો થકી જે 'જન-માનસ'નું પ્રતિબિંબ ઝીલ્યું છે, તેના પરથી ભારપૂર્વક કહી શકે છે કે હવે સમાજનો સામાન્યજન મહામંડળ પાસેથી અપેક્ષા રાખે છે કે મહામંડળ એની સ્થાપના - ઉદ્દેશો અનુસાર 'બહુજન હિતાય' કાર્યક્રમોનું વિચારપૂર્વક આયોજન કરે, એની વિધિપૂર્વક આમ સમાજને જાણ કરે અને નિર્ધારીત કાર્યોનો અમલ કરે.

"બહુજન હિતાય..." શબ્દની થોડી વ્યાખ્યા અત્રે આપવી અસ્થાને નહીં ગણાય. કોઈપણ રાજકીય, સામાજીક કે વ્યાપારીક સંગઠનને એના સભ્યો માટે, નિશ્ચિત ઉદ્દેશો અનુસાર કાર્ય કરવાનું હોય છે. જે માટે પૂર્વનિર્ધારીત આયોજન જરૂરી હોય છે. અને આ પૂર્વ નિર્ધારણનો આધાર, સંબંધિત આમ જન સમુદાયની 'માંગ' આધારીત હોય છે. અને આ 'માંગ' એની પ્રાથમિકતાને આધારે નક્કી થતી હોય છે.

પરંતુ સામાજીક સંગઠનની મર્યાદા એ હોય છે કે, ઘણી વખત એ માટે આવશ્યક કાર્યો માટે 'ધનરાશિ' ઉપલબ્ધ થતી નથી. પરંતુ બીજા જ કોઈ મહત્ત્વનાં ન હોય એવા કાર્ય માટે 'ધનરાશિ' મળે છે અથવા એકઠી કરવામાં આવે છે અને ઍડહોક ધોરણે કોઈપણ પ્રકારના પરાપૂર્વ-વિચાર વિમર્શ વિના 'આમ જન સમુદાય'ની પ્રાથમિકતાને સંતોષતી ન હોવા છતાં એ પ્રવૃત્તિ થઈ જતી હોય છે. એટલું જ નહીં, પરંતુ એ માટે કાર્યકર્તાઓ ગૌરવ પણ અનુભવતા હોય છે. પરિણામે 'માંગ' આધારિત પ્રવૃત્તિઓ થતી નથી.

આવું ન થાય એનો એક જ ઉપાય છે, 'આમ જન સમાજ'ને ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિઓ અંગે 'જન મત' મેળવવો અને એને કેળવવો. અને આવો 'જનમત' મેળવવાથી લોકો, મંડળને વધુ પોતાનું સમજતા થશે અને મહામંડળની લોકપ્રિયતા વધશે.

વિક્રમ સંવત ૨૦૬૮ના આરંભે, 'સેતુ'ને વિશ્વાસ છે કે આપણા સમાજનું સુજ્ઞ 'નેતૃત્વ' આ બાબતે સચિંત છે. અને એ મુજબ એ કાર્યોનું સમાયોજન કરશે.

આ વર્ષ દરમ્યાન 'મહામંડળ' એના કાર્યો થકી સર્વત્ર 'લોકપ્રિય' થાય તેવી 'સેતુ' પ્રાર્થના. અસ્તુ.

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |

# સંગ તેવો રંગ

કુ. એકતા કટ્ટા - અંજાર

*"संतप्तायसि संस्थितस्य पयसो नामाऽपि न ज्ञायते*
*मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते।*
*स्वात्यां सागरशुक्तिमध्यपतितं तन्मौतिकं जायते*
*प्रायेणाधममध्यमोत्तमगुणः संसर्गतो जायते ॥"*

અર્થાત્ "તપેલા લોખંડ પર પડેલા પાણીનું નામોનિશાન પણ જણાતું નથી. કમળનાં પાંદડા પર રહેલું તેજ (પાણી) મોતીનાં આકારે શોભે છે. સ્વાતિ નક્ષત્રમાં દરિયાની છીપમાં પડેલું તે (પાણી) મોતી બની જાય છે. ઘણું ખરું, અધમ, મધ્યમ કે ઉત્તમ ગુણ સોબતથી થાય છે."

"સંગ તેવો રંગ" લોકોક્તિનો ઉંડાણપૂર્ણ વિશ્લેષણ પ્રકટ કરવા ઉત્તમ ઉદાહરણનો ઉપયોગ સુભાષિતકારે ઉપરોક્ત સુભાષિતમાં કરેલ છે. કોઇપણ મૂળભૂત ગુણધર્મ સંસર્ગ મુજબ પરિવર્તન પામે જ છે તે કુદરતી સિદ્ધાંતને સુભાષિતકારે પ્રસ્તુત કર્યું છે. વિવિધ સંસર્ગમાં ભિન્ન-ભિન્ન પરિવર્તન પ્રકટ થતાં હોય છે. સંગનો પ્રભાવ એવો હોય છે કે તે મૂળભૂત ગુણધર્મોને સંપૂર્ણપણે બદલવા સક્ષમ હોય છે. માનવીય જીવનનાં ગુણસ્તરને પ્રભાવિત કરનાર સંગનાં મહત્વને એક જ સંજ્ઞા (પાણી)નાં ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવા સુભાષિતકાર સફળ રહ્યા છે.

પાણીનો મૂળભૂત ગુણધર્મ સરળતા, નિર્મળતા અને પારદર્શકતા છે. તે પાણી જ્યારે તપેલા લોખંડ પર પડે છે ત્યારે તે લોખંડના તાપનાં કારણે બળીને નાશ પામે છે. કમળનાં પાંદડા પર તે પાણી મોતી સમાન ઝળકી ઊઠે છે. કમળનાં પાંદડાની કોમળતા અને તેનાં પર રહેલ કુદરતી મીણ સમું સ્તર તે પાણીને શોષતું પણ નથી. પરિણામે તે જ પાણી મોતી જેવું આભાસ ઉભું કરવામાં સફળ નીવડે છે. સ્વાતિ નક્ષત્રમાં દરિયાની છીપમાં જ્યારે આ જ પાણી પડે છે ત્યારે સાચો-સાચ મોતી જ બની જાય છે! સ્વાતિ નક્ષત્રનાં સમયે નિસર્ગની તાસીર પરિણામે વરસેલ પાણી અને દરિયાની છીપની તાસીર એજ પાણીને સાચુકલાં મોતીમાં પરિવર્તિત કરી દે છે!

એક જ પાણી અને ત્રણ-ત્રણ જુદાં-જુદાં સંસર્ગ, જેનાં પરિણામો પણ જુદાં-જુદાં! તપેલા લોખંડ પર પાણીનો વિનાશ, કમળપત્ર પર મોતીનો આભાસ અને સ્વાતિ નક્ષત્રે દરિયાની છીપ પર સાચો-સાચ મોતીનો નિર્માણ! અધમ સ્તરનાં સંગમાં વિનાશ, મધ્યમ સ્તરનાં સંગમાં વિશિષ્ટ ગુણ મેળવવાનો આભાસ અને ઉત્તમ સ્તરનાં સંગમાં વિશિષ્ટ ગુણની પ્રાપ્તિ – આ ત્રણેય સ્તરનાં સંગનાં પરિણામો સ્પષ્ટપણે સમજી શકાય છે.

તપેલા લોખંડનો તાપ પાણીને શોષી લે છે. તેનું નામો-નિશાન પણ બચતું નથી! કમળપત્રનો કુદરતી મીણનો કવચ પાણીને શોષતું પણ નથી અને વહેવા પણ દેતું નથી. પરિણામે પાણી જેવું છે તેવું જ રહે છે તેની સ્થિરતા અને કમળપત્રની સતહ પાણીનું મોતી હોવાનો આભાસ ઊભો કરે છે. જ્યારે સ્વાતિ નક્ષત્રમાં દરિયાની છીપ પાણીને મોતી બનાવી દે છે. છીપમાં રહેલ કઠોરતા અને ચમકનો તત્ત્વ પાણીને મોતી બનાવે છે! લોખંડના તાપરૂપી અધમ સંગ પાણીનું સર્વસ્વ શોષી લે છે, કમળપત્રની સતહરૂપી મધ્યમસંગ પાણીને શોષિત પણ નથી કરતું તેમ પોતાનું કંઇ આપતું પણ નથી તેમ છતાંય કંઇ વિશિષ્ટ (મોતીનો આકાર) આપવાનો આભાસ જરૂર ઊભો કરે છે. જ્યારે છીપરૂપી ઉત્તમ સંગ પોતાની કઠોરતા અને ચમક પાણીને આપી પોતા જેવો જ કઠોર અને ચમકદાર બનાવી દે છે. જે સિદ્ધ કરે છે કે, અધમનો સંગ આપણું સર્વસ્વ છીનવી લે છે, મધ્યમનો સંગ આપણું કશું લેતુંય નથી અને પોતાનું દેતુંય નથી પણ તેમ છતાંય કંઇક વિશિષ્ટ પ્રાપ્તિનો આભાસ જરૂર ઊભો કરે છે. જ્યારે ઉત્તમનો સંગ તો આપણું કશુંય લીધા વિના પોતાનું આપી આપણામાં ઉમેરો કરી આપણને વિશિષ્ટ બનાવી જ દે છે.

એક અન્ય દૃષ્ટિકોણ મુજબ પરિસ્થિતિ અને પરિમાણ પણ સંગના પરિણામો બદલવા સક્ષમ હોય છે. સુભાષિતમાં આપેલ ત્રણેય ઉદાહરણમાં પરિસ્થિતિ મહત્ત્વનું પાસું બની રહે છે. અહીં લોખંડ તપેલું છે, પાંદડું કમળનું છે અને સ્વાતિ નક્ષત્રમાં જ દરિયાની છીપમાં પાણીનું પડવું એ પરિસ્થિતિનો દ્યોતક છે. લોખંડ તપેલું ન હોય તો, પાંદડું કમળનું ન હોય તો અને સ્વાતિ નક્ષત્ર ન હોય તો ત્રણેય પ્રકારનાં સંગમાં પરિણામો જુદાં જ આવશે. તદુપરાંત પરિમાણ (માત્રા) પણ મહત્વનું પાસું ગણી શકાય. અહીં પાણીનાં ટીપાંનો ઉલ્લેખ છે. તપેલા લોખંડ પર પાણીનાં ટીપાંનાં સ્થાને ધોધ હોય તો તાપનાં કારણે પાણીનાં શોષણનાં સ્થાને લોખંડના તાપમાં પરિવર્તન આવશે. કમળનું પાંદડું પણ પાણીની ટીપાં સિવાયની વધુ માત્રાને પોતાની સતહ પર સ્થિરતા નહીં આપી શકે અને તેવી જ રીતે દરિયાની છીપ એક જ ટીપાંને મોતી બનાવી શકશે! તેથી પરિમાણ (માત્રા) પણ પરિણામ બદલી શકે છે!

માણસ એક સામાજીક પ્રાણી છે. સંગ અનુકરણ તેનાં મૂળભૂત ગુણધર્મોમાં મહત્વનાં ગુણધર્મ છે. જન્મથી મૃત્યુ સુધી જીવન પર્યંત તે વિવિધ વ્યક્તિઓનાં સંસર્ગમાં આવે છે અને તે સંગનું પ્રભાવ તેનાં વ્યક્તિત્વ નિર્માણમાં મહત્વનું ભાગ ભજવે છે. માતા-પિતાથી લઇ મિત્ર વર્તુળ કે અન્ય કોઇપણ ક્ષેત્રની વ્યક્તિનાં સંગનાં આધારે તેનો વ્યક્તિત્વ અને વર્તણૂંકનું સ્તર જળવાતું હોય છે. ત્યારે સંગનો અધમ, મધ્યમ કે ઉત્તમ ગુણવત્તાનાં આધારે બુદ્ધિ વિવેક દાખવી ચયન કરવો જોઇએ. અત્રે એ ઉલ્લેખનીય ગણાય કે, માતા-પિતા અને પારિવારિક સંસ્કારો માણસનાં વ્યક્તિત્વનાં મૂળભૂત ગુણધર્મો નિયત કરતાં હોય છે, જ્યારે તે સિવાયનાં મિત્ર ઇત્યાદિ સંબંધોનાં સંગમાં માણસે સ્વયં બુદ્ધિ વિવેક દાખવવો પડે છે. તે સમયે જો અધમ સ્તરની વ્યક્તિનો સંગ થઇ જાય તો મૂળભૂત રૂપે ઉત્તમ વ્યક્તિત્વ પણ નાશ પામે છે, મધ્યમ સ્તરની વ્યક્તિનો સંગ મૂળભૂત વ્યક્તિત્વને કશું નુકસાન પહોંચાડતો નથી તેમ વ્યક્તિત્વને કંઇ વિશિષ્ટ પ્રદાન પણ કરતો નથી અને વ્યક્તિત્વ જેવું છે તેવું જ રહે છે. પોતાનાં વ્યક્તિત્વ સરીખીજ વ્યક્તિનાં સંગનો સંતોષ કંઇક વિશિષ્ટ મેળવ્યાનો આભાસ ઊભો કરતો હોય છે. જ્યારે ઉત્તમ સ્તરની વ્યક્તિનો સંગ મૂળભૂત વ્યક્તિત્વનાં સ્તરને ઊંચું લઇ જવા સમર્થ હોય છે. માટે જ ઉત્તમ સંગનો પ્રયાસ અને અધમ સંગનો નિષેધ વિવિધ નીતિશાસ્ત્રોમાં સૂચવવામાં આવ્યો છે. અધમ, મધ્યમ કે ઉત્તમ સંગનાં ચયનમાં પણ વિવિધ પરિસ્થિતિ અને સંગનો પરિમાણ (માત્રા)નો પણ વિશેષ મહત્વ રહે છે. તેથી બુદ્ધિશાળી વ્યક્તિએ તે બાબતે પણ જાગૃત રહેવું જ ઘટે!.. ■



# 2 # SETU-NOV.-2011 # FINAL PROOF # 2 #

# સત્સંગનું ફળ

લતા કે. હેડાઉ - નાંગલપુર, માંડવી

સત્સંગથી પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે અને અંતઃકરણ શુદ્ધ બને છે અને પરમાત્માને આનંદ પ્રાપ્ત થાય છે.

સત્સંગનું ફળ ઘણું મોટું છે. પાણીથી આપણું શરીર સ્વચ્છ થાય પરંતુ અંતઃકરણ કેમ શુદ્ધ થાય? અંતકરણ શુદ્ધ કરવા માટે કથા-કીર્તન-સત્સંગ વગેરે દરરોજ કરવા જોઇએ. એનાથી પરમાત્માનો આનંદ પ્રાપ્ત થાય છે.

સત્સંગનો આ મોટો મહિમા છે.

એક વખત નારદ ઋષિને એમ થયું કે આ સત્સંગનું ફળ શું હશે? એ હું ભગવાન વિષ્ણુને પૂછી આવું. આવો પ્રશ્ન જાગ્યો.

નારદજી ગયા ભગવાન વિષ્ણુ પાસે. વંદન કરી કહે "હે પરમાત્મા વિષ્ણુ! મને સત્સંગનું ફળ કહો." ક્ષણમાત્રના સત્સંગથી બહુ લાભ થાય છે. તો એનું "ફળ શું છે?".

વિષ્ણુ ભગવાનને એમ થયું કે નારદજીને સમજાવું તો પણ એમ નહિં સમજે. એક વાત કરી.

તમે કુંભી નર્કમાં જાઓ. ત્યાં એક જીવ છે. એને પૂછી આવો. એ તમને જવાબ દેશે. નારદજી તો ગયા કુંભી નર્કમાં. ત્યાં એક જીવ ખૂબ દુઃખી થઇ ગયો હતો. નરકમાં ડૂબકા ખાતો હતો. કુંભી નર્કમાં તો દુઃખ જ હોય! નારદજી પૂછે છે "હે ભાઈ સત્સંગનું ફળ શું?' કુંભી નર્કમાં દુઃખી થઇ રહેલા જીવે તુરત જ "સત્સંગનું ફળ શું?" આટલા શબ્દો સાંભળ્યા તેજ ક્ષણે તે જીવનું મૃત્યું થયું.

નારદજીને એમ થયું કે આ સત્સંગનું ફળ શું મૃત્યું છે?

એકદમ ભગવાન વિષ્ણુની પાસે આવીને કહ્યું કે, 'ભગવાન વિષ્ણુ, મેં જીવને જઇને ત્યાં પૂછ્યું તો તે વ્યક્તિનું મૃત્યુ થઇ ગયું.'

ભગવાન વિષ્ણુને એમ લાગ્યું કે હજુ નારદજીને આ વાત સમજાણી નથી. અને વળી કહ્યું : "હે નારદ! તમે પૂર્વ દિશામાં જાઓ. જંગલમાં એક વડલો છે. તેની બખોલમાં એક પોપટનાં બચ્ચાનો જન્મ થયો છે. એને જઇને પૂછી આવો "સત્સંગનું ફળ શું?"

વળી નારદજી જંગલમાં ગયા. ત્યાં પોપટના બચ્ચાંને પૂછ્યું કે "સત્સંગનું ફળ શું?" તુરત જ બચ્ચું મૃત્યું પામ્યું.

નારદજી વિચારે છે કે જેને પૂછું છું તે બધા મૃત્યુ પામે છે.

વળી પાછા નારદજી ગયા ભગવાન વિષ્ણુ પાસે અને કહ્યું, "અરે ભગવાન! એને પૂછ્યું તો તેનું પણ મૃત્યુ થયું. તો શું આ સત્સંગનું ફળ મૃત્યું છે?"

વિષ્ણુ ભગવાનને એમ થયું કે હજુ નારદજીને ખ્યાલ આવ્યો નથી કે "સત્સંગનું ફળ શું?"

વિષ્ણુ ભગવાને નારદજીને કહ્યું, "એમ કરો, હજી એક વખત જાવ. થોડે દૂર જશો એટલે એક મંદિર આવશે. ત્યાં પૂજારી છે એ પૂજારીએ ગાય રાખી છે. ગાયે એક વાછરડાને જન્મ આપ્યો છે. એને જઇને પૂછો.

નારદજી તો ત્યાં ગયા અને વાછરડાને પૂછ્યું. તો વાછરડું પણ મૃત્યુ પામ્યું.

એકદમ ઉતાવળે પગલે નારદજી તો ગયા ભગવાન વિષ્ણુ પાસે અને કહેવા લાગ્યા, 'અરે ભગવાન, આ તો બધા મૃત્યુ પામે છે.'

વિષ્ણુ ભગવાને કહ્યું, હજુ એક પ્રયોગ કરો. તમે જાઓ. દૂર દૂર જંગલમાં એક નગર આવશે. એ નગરમાં એક રાજા રહે છે. રાજાને ત્યાં એક પુત્રનો જન્મ થયો છે એને "સત્સંગનું ફળ શું?" એ પૂછી આવો.

નારદજી કહે એક તો રાજા અને એને ત્યાં પુત્રનો જન્મ થયો અને તેને જઇને પૂછું ને રાજકુંવર મૃત્યુ પામે તો?

ભગવાન વિષ્ણુએ કહ્યું, 'તમે જાવ તો ખરા. આ છેલ્લો પ્રયોગ છે. તમને કંઇ વાંધો નહિં આવે. તમે જાવ.'

નારદજી તો ગયા નગરમાં રાજાને ત્યાં. અને ત્યાંજ રાજાએ સ્વાગત કર્યું. નારદજીએ વાત કરી કે મારે તમારા રાજકુમારના દર્શન કરવા છે. નારદજી ગયા રાજકુંવર પાસે અને જઇને પૂછ્યું "સત્સંગનું ફળ શું?"

રાજકુમાર જવાબ આપે છે, અરે નારદજી હજુ તમને ખ્યાલ નથી આવ્યો કે "સત્સંગનું ફળ શું?"

મનોમન હસે છે. બાળક કહે છે હે નારદજી તમને સત્સંગનું ફળ હજુ સમજાણું નહિં.

કુંભીનર્કમાં દુઃખ ભોગવી રહેલો હું જ એ જીવ હતો, અને તમે આવીને જ્યાં મને સત્સંગનું ફળ શું? એ કહ્યું ત્યાંજ મારા બધા પાપ નાશ થઇ ગયા. અને કુંભી નર્કની યોનિ મારી ખલાસ થઇ અને તરત જ મારો પુનર્જન્મ પોપટના બચ્ચા તરીકે થયો. પાપની યોનિ નર્કની યોનિ ખલાસ થઇ ત્યાં વળી પાછા તમે આવ્યા અને પૂછ્યું સત્સંગનું ફળ શું?

તો પોપટના બચ્ચા તરીકે જન્મ્યો હતો એ યોનિ મારી ખલાસ થઇ અને વાછરડા તરીકે મારો જન્મ થયો. ત્યાં તરત જ તમે આવ્યા અને વળી કહ્યું કે સત્સંગનું ફળ શું? તો એ યોનિ મારી ખલાસ થઇ ગઇ અને એમ કરતા કરતા મને રાજાને ત્યાં જન્મ મળી ગયો. નારદજીને આનંદ આનંદ થયો. અને નારદજીના પ્રશ્નનો ઉત્તર મળી ગયો. આમ સત્સંગનું માત્ર નામ સાંભળવામાં આવે 'સત્સંગનું ફળ શું?' તોપણ કલ્યાણ થાય છે, તો એક ક્ષણ માટે પણ સત્સંગ થાય તો જીવન ધન્ય થઇ જાય.

*તુલસીદાસજી તો કહે છે :*

***"એક ઘડી આધી ઘડી, આધી મેં પુનિ આધ***
***તુલસી સંગત સાધુ કી તો કટે કોટી અપરાધ."***

આમ સત્સંગનો બહુ મોટો મહિમા છે અને એનું ફળ બહુ મોટું છે. તો ભગવાન પાસે પ્રાર્થના કરીએ કે અમને સત્સંગ પ્રાપ્ત થતા રહે. ■

*આ દિવસ અંગે પ.પૂ. દાદા (પાંડુરંગ શાસ્ત્રીજી)એ સુંદર વિશ્લેષણ આપ્યું છે. સમાજના સુષુપ્ત નેતૃત્વને જગાડવાનો, ઉઠેલાને જગાડવાનો સંદેશ આપ્યો છે.*

*– મુખ્યતંત્રી*

કાર્તિક સુદ એકાદશી એટલે ચાર મહિનાથી પોઢેલા પ્રભુને ઉઠાડવાનો શુભ દિવસ.

*अतिष्ठोतिष्ठ गोविंद उतिष्ठ गरुड ध्वज ।*
*उतिष्ठ कमलाकान्त त्रैलोक्यमंगलं कुरु ॥*

*(वृतराज)*

કાર્તિક સુદ એકાદશી એટલે અષાઢ મહિનામાં સૂઈ ગયેલા ભગવાનને ચાર મહિનાની લાંબી ઊંઘ પછી ઉઠાડવાની એકાદશી. તેને પ્રબોધિની એકાદશી – એવું નામ આપવામાં આવ્યું છે. આપણામાં તો રામ જાગે, આપણને આપણી જવાબદારીનું ભાન થાય તે માટે, લક્ષણાત્મક રીતે આપણા ઋષિઓએ ભગવાનને જગાડ્યા....

...શાસ્ત્રકારો પણ વારંવાર આપણને ઢંઢોળીને જગાડે છે.

*जन्मदु:खं जरादुखं जायादु:खं पुन: पुन:*
*अन्तकाले महादुखं तस्याद् जागृहि जागृहि ।*

વેદની ગર્જના છે,

*उतिष्ठित जाग्रत प्राप्य वरान् निबोधत*

**Arise, awake and stop not till the goal is reached.**

શ્રુતિનો આદેશ છે કે ઉઠ અને જાગ..... ઉઠ્યા પછી જાગવાનું કહેનાર શ્રુતિ આપણને સમજાવે છે કે ઘણા ઉઠેલા માણસો જાગેલા હોતા નથી...

...સાચી જાગૃતિના અભાવમાં આપણા જીવનના બધા જ વ્યવહારો ઉપલકીયા બન્યા છે.

...કારણકે આપણા કર્મની પાછળ જ્ઞાનનો પ્રકાશ કે ભાવની ભીનાશ હોતી નથી.

....લક્ષ્મણે જે દિવસે પ્રમાદી સુગ્રીવને જગાડ્યો તેજ આ પ્રબોધિની એકાદશી.

*ब्रह्मघ्ने च सुरापे च चौरे मग्नवृते तथा*
*निष्कृतिर्विहिता लोके कृतघ्ने नास्ति निष्कृति: ॥*

...પ્રબોધિની એકાદશી એટલે જીવનની ઘોર સુષુપ્તિમાંથી જાગવાનો દિવસ. આળસ ખંખેરવાનો, પ્રમાદને પડખે મૂકવાનો દિવસ! પ્રબોધિની એકાદશી એટલે પ્રભુ કાર્યાર્થે કટીબધ્ધ થવાનો દિવસ... આવા પ્રકારની 'જાગૃત સમજ' સાથે આપણે આ ઉત્સવ ઉજવીએ તો કેવું સારૂં?...

***પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીનાં પ્રવચનોમાંથી સાંપડેલા પ્રસાદના પુસ્તક 'સંસ્કૃતિ પૂજન'માં 'પ્રબોધિની એકાદશી' વિશે પૂ. દાદાએ કહેલી વાતોના કેટલાક અંશ....***

*સ્વ. ઠાકરશી પી. કંસારાના અપ્રકાશિત લેખોનો એક અંશ.*

*– મુખ્યતંત્રી*

*ॐ भू र्भुव: स्व: ।*
*तत् सवितुर्वरेण्यम्*
*भर्गो देवस्य धीमहि*
*धियो योन: प्रचोदयात् ॥*

ૐ એટલે જેની પ્રેરણાથી સારો સંસાર બને છે, જેનાં સહારે રહે છે અને જેમાં લય પામી જાય છે, એવા રક્ષક સ્વરૂપ પરમાત્મા. જેઓ પ્રાણાધાર, દુ:ખોથી મુક્ત કરનાર તથા સુખ, ચેતન અને આનંદ આપનાર છે તે, જગતનાં માતા-પિતા પ્રેરક પરમાત્મા દેવતા, એ વરવા (ઉપાસના, સ્તુતિ, પ્રાર્થના તથા સમર્પણ) યોગ્ય, શુદ્ધ સ્વરૂપ, પાલન કરનાર તેજનું અમે આરાધન કરીએ છીએ. જે અમારી બુધ્ધિઓને પ્રેરણા આપે, સારા કામોમાં પ્રવૃત્ત કરે અને આપ પરમાત્મા તરફ લઈ જાય.

*We meditate upon the Divine Light of that adorable sum (Almighty) of spiritual consciousness, which stimulates our power of spiritual perception.*

ગાયન્તં માય તે ઇતિ ગાયત્રી !

(ગાનારનું રક્ષણ કરે તે ગાયત્રી)

That which saves the Chanter.

આ ગચ્છ વરદે દેવી! ત્ર્યક્ષર બ્રહ્મવાદિની!

ગાયત્રી છંદસાં માતર્ બ્રહ્મયોનિ નમોઽસ્તુતે ॥

(ત્રણ અક્ષરધારી, બ્રહ્મનું જ્ઞાન આપનાર, છંદો ઋગ્વેદ વગેરે વેદોની વાચાઓ તથા મંત્રો)ની માતા, વરદાયક ગાયત્રી દેવી! અમને દર્શન આપો (પધારો) તમને અમારા પ્રણામ હો!)

*Gayatri is Mantra and Prayer combined. It is found in all the four Vedas.*

આ નો ભદ્રાઃ ઋતવઃ યન્તુ વિશ્વતઃ

***ઋગ્વેદ ૧-૮૯-૧***

*(Let noble thoughts come to us from way side.)*

## સાભાર સ્વીકાર

અમદાવાદના શ્રી દીપકભાઈ ભાણજીભાઈ પરમારે તેમના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે "જ્ઞાતિસેતુ"ને રૂા. ૫૦૦/- સપ્રેમ ભેટ આપેલ છે. જેનો સાભાર સ્વીકાર કરેલ છે.

*તેમના નવા રહેણાંકનું સરનામું :*

**દીપકભાઈ ભાણજીભાઈ પરમાર**
૩૬, નંદનવન સોસાયટી, ગેરતપુર રેલ્વે સ્ટેશન પાસે,
ગેરતપુર, અમદાવાદ-૩૮૨ ૪૩૫.



# 4 # SETU-NOV.-2011 # FINAL PROOF # 4 #

## સામાજીક સમિતિની પહેલ

**શિવલાલ શામજી મહીચા**

તા. ૨૮-૮-૧૧ના અંજારમાં મળેલી મિટિંગમાં કારોબારીની રચના કરવામાં આવી. ત્યાં અંજાર જ્ઞાતિને સાથે રાખીને ૨૮-૮-૧૧ ના અંજારમાં જ્ઞાતિ મેળાવડામાં એક ફોર્મ બનાવ્યા હતા તે જ્ઞાતિજનોને આપ્યા હતા તેમાં તેમના મત મુજબ સગપણ ફોક અને છુટાછેડાના કારણ અને નિવારણ માટે વિચાર આપ્યા હતા.

હવે પછી જ્યાં આપણા ઘટક કાર્યરત છે, ત્યાં સામાજીક કાર્યક્રમ હોય ત્યાં પણ જ્ઞાતિજનોના વિચાર જાણવા માટે ત્યાં ઘટકને સાથે રાખીને આ કાર્ય કરવાનુ આયોજન છે.

તા. ૨૮-૮-૧૧ મળેલી મિટીંગમાં મહામંડળ સામાજીક સમિતિનાં ચેરમેનશ્રી શીવલાલ શામજી મહેચા દ્વારા નીચે મુજબની સમિતિની રચના કરતાં નીચેના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો.

૧. શિવલાલ શામજી મહીચા - અંજાર (ચેરમેન શ્રી) અંજાર
૨. પ્રકાશભાઇ નરોત્તમભાઇ બારમેડા - અંજાર
૩. ફોરમ સુરેશભાઇ પોમલ - અંજાર
૪. હસમુખભાઇ ફુલચંદ પોમલ - અંજાર
૫. શૈલેષભાઇ વેલજીભાઇ પોમલ - અંજાર
૬. શાન્તાબેન અમૃતલાલ બારમેડા - અંજાર
૭. સોની બકુલભાઇ જેન્તીલાલ ગુજરાતી - ભુજ
૮. ગુજરાતી મહેશભાઇ મોહનલાલ - ભુજ
૯. બુદ્ધભટ્ટી બીપીન શીવજીભાઇ - ભુજ
૧૦. બુદ્ધભટ્ટી હર્ષદ ઝવેરીલાલ - ભુજ
૧૧. સોની પ્રદીપ જીવરામ - ભુજ
૧૨. સોલંકી ઇન્દુભાઇ રવજી - ભુજ
૧૩. પરમાર જયશ્રીબેન ભરતભાઇ - ભુજ
૧૪. હિતેશ ધીરજલાલ પોમલ - ભુજ
૧૫. છત્રાળા અનિલ કેશવલાલ - ભુજ
૧૬. બગ્ગા ભરતભાઇ તુલસીદાસ - નખત્રાણા
૧૭. કંસારા હેમેન્દ્રભાઇ મોહનલાલ - નખત્રાણા
૧૮. રમેશભાઇ રાઘવજીભાઇ કંસારા - નખત્રાણા
૧૯. બુદ્ધભટ્ટી જેરામભાઇ ધનજીભાઇ - નખત્રાણા
૨૦. સોની શાંતિલાલભાઇ મૂળજી - રવાપર
૨૧. સોલંકી સુરેશભાઇ પ્રાગજી - માંડવી
૨૨. સોની પ્રજ્ઞેશભાઇ પ્રભુલાલ - મુંબઈ
૨૩. સોની વિનોદભાઇ લાલજીભાઇ - સાબરકાંઠા
૨૪. સાકરીયા જયંતીભાઇ હીરજીભાઇ - મુંબઇ
૨૫. સોલંકી જયેષ્ઠાબેન અનિલભાઇ - ભુજ

***તા. ૨૮-૮-૧૧ના રોજ મળેલી સામાજીક સમિતિની મીટીંગમાં થયેલી ચર્ચા.***

★ શાંતાબેન અમૃતલાલ બારમેડાએ જણાવેલ સૂચન મુજબ દૂધપીણાં કરતાં છોકરીને સાસરે તેડવાની રીત છે. તેને બદલાવવી જોઇએ. અને સગાઇ થયે દાગીના ચડાવ્યા બાદ છોકરીને સાસરે તેડવાની પ્રથા રાખવી જોઇએ એવું સૂચન કર્યુ.

★ ભુજનાં સોની ચંદ્રકાન્તભાઇનાં જણાવ્યા મુજબ, છોકરા છોકરીને સગાઇથી લગ્ન વચ્ચેના સમયગાળામાં છોકરા છોકરીને ફરવા માટે સ્વતંત્રતા આપવી જરૂરી છે એવું સૂચન કર્યુ.

★ હસમુખભાઇ સોનીના જણાવ્યા મુજબ ૨૦ થી ૨૫ વર્ષનાં છોકરા છોકરીઓની સગાઇ તથા લગ્નની જાણકારી માટે અલગ અલગ સ્થળ પર સેમિનાર યોજવો જોઇએ એવું સૂચન કર્યુ.

★ ભરતભાઇ બગ્ગાનાં કહેવા પ્રમાણે એકતા જાળવવી સમાજ માટે ખૂબ જ જરૂરી છે.

★ રમેશભાઇનાં જણાવ્યા પ્રમાણે આખા ભારતમાં આપણા સમાજનાં રીતરીવાજો અને નિયમો એક સરખા હોવા જરૂરી છે. સમાજનાં વિવિધ સ્થળનાં ઘટકોના રીત રીવજો જાણી તેમાંથી સર્વમાન્ય રીવાજો બનાવવા જોઇએ.

★ એકતાબેન કટ્ટાના જણાવ્યા મુજબ - એકજ મહામંડળના નેજા હેઠળ કાર્ય કરી શકે તે માટે પ્રયત્નો કરવા જોઇએ.

ત્યારબાદ આભારવિધિ એકતાબેન કટ્ટા દ્વારા કરવામાં આવી.

---

### શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ (સામાજીક સમિતિ) તથા અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિના સંયુક્ત ઉપક્રમે ચિંતન શિબિર

આપણા સમાજમાં સામાજીક પ્રશ્નો જેવા કે છુટાછેડા, સગાઈ ફોકનું પ્રમાણ ચિંતાજનક છે. અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ, તે બાબત સમાજના લોકોના વિચાર જાણવા તેમજ ઉકેલ શોધવા ઉત્સુક છે.

આ સંદર્ભે આપના મતે સગપણ ફોક, છુટાછેડા અંગેના કારણો તેમજ સૂચનો જણાવવા અનુરોધ છે.

આ સંદર્ભે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ તરફથી આવા સામાજીક પ્રશ્ન બાબતે ટુંક સમયમાં ચિંતન શિબિરનું આયોજન થનાર છે. આપ જો આ શિબિરમાં ભાગ લેવા માંગતા હો તો આપનું નામ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજારના પ્રમુખશ્રી પાસે લેખિતમાં નામ, સરનામું અને ટેલીફોન નંબર સહિત મોકલાવવા વિનંતી.



# 5 # SETU-NOV.-2011 # FINAL PROOF # 5 #

# ૨૬મા સમૂહ લગ્ન સમારોહ નિમિત્તે નિવેદન

*સુજ્ઞ જ્ઞાતિજનો,*

સને ૧૯૮૬માં દ્રઢ સંકલ્પ સાથે આપણી જ્ઞાતિમાં શરૂ થયેલા સમૂહલગ્ન જેવી સામાજિક પ્રવૃત્તિ જ્ઞાતિજનો માટે આશીર્વાદરૂપી પુરવાર થયેલ છે. લગ્નપ્રસંગે જ્ઞાતિજનોને આર્થિકરૂપે, સમયરૂપે કે કાર્યકરોના અભાવરૂપે વિટંબણાઓ હોય છે. સમૂહલગ્ન એક સાસમાજિક કવચ પૂરૂં પાડી, આવી મુશ્કેલીઓ દૂર કરે છે.

આપણી જ્ઞાતિએ ૨૫ સમૂહ લગ્નો સફળતાપૂર્વક પાર પાડી આગામી માગશર સુદ ૭, ગુરૂવાર, તા. ૧-૧૨-૨૦૧૧ ના રોજ ૨૬માં સમૂહલગ્નનું આયોજન કરેલ છે. તે સમયે અમારે સમાજનું ધ્યાન દોરતાં જણાવવાનું કે, આ સામાજિક ઉત્સવમાં જોડાનાર જ્ઞાતિજનોની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે.

આપણાં સમાજમાં અઢી દાયકાથી નિર્વિઘ્ને સળંગ સફળતા પ્રાપ્ત આ સમૂહલગ્ન જેવી સામાજિક પ્રવૃત્તિ ૨૫ સમૂહલગ્ન પૂર્ણ કરી ૨૬માં સમૂહલગ્નના આયોજન માટે પ્રેરણા આપે છે. આ સહિયારા સામાજિક સેવાના કાર્યના ફળ સ્વરૂપે સમાજના સભ્યોની કડવાશો દૂર થઇ, એકતા વધી, સંપ-સહકાર વધ્યા, એકીકરણ થયા, શૈક્ષણિક-મેડિકલ-ધાર્મિક પ્રવૃત્તિ વિકાસ પામી. જેના કારણે એકંદરે સમાજ ઉન્નતિ અને વિકાસના માર્ગે ગતિ કરી રહ્યો છે.

રજતજંયતી સમૂહલગ્ન સમયે રચના કરવામાં આવેલ "સમૂહ લગ્ન કાયમી ફંડ"નો જે ઉદ્દેશ છે, તે અમલમાં મૂકતાં પ્રથમ વર્ષે કન્યા પક્ષને પ્રવેશ ફીના ૫૦% રાહત આપવાનું નક્કી કરેલ છે. ભવિષ્યમાં કાયમી ફંડની આવક વધતી જશે તેમ તેમ વધુ રાહત આપવામાં આવતી જશે. સમૂહ લગ્ન કાયમી ફંડનો ઉદ્દેશ બહાર પાડવા આ વર્ષે પણ દાતાઓને દાન સંબંધી કેટલીક ઓફરો કરવામાં આવે છે. જેમાં આપશ્રીને ઉદારતાથી આર્થિક સહયોગ આપવા જ્ઞાતિ ટ્રસ્ટ તથા સમૂહલગ્ન સમિતિ તરફથી નમ્ર અપીલ કરીએ છીએ. આશા છે, આપના તરફથી પૂરતો સહયોગ મળી રહેશે.

આપ સૌના સાથ-સહકારથી ૨૬મો સમૂહલગ્ન ભવ્ય રીતે પાર પાડવા અમે સૌ કટીબદ્ધ છીએ. આ સાથે એ પણ વિનંતી કરવાની કે અગાઉ ૧ થી ૨૫ સમૂહલગ્નમાં જોડાઇને સમાજ સેવા કે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનું ચૂકાઇ ગયેલ હોય તો આ વર્ષે યથાયોગ્ય ઓફર, સેવા સ્વીકારી ધન્યતા અનુભવવા તક ઝડપી લેશો. બધા જ સમૂહલગ્નો અરસ-પરસના વિશ્વાસ અને સહકારથી જ સફળતાને વરેલા છે. દરેક ગામેગામથી પધારતા જ્ઞાતિજનો તેમાં એકરૂપ બની ખભે ખભા મિલાવી ઉત્સાહ સાથે સહયોગ આપી સફળતાના યશભાગી બનશો તેવા વિશ્વાસ સાથે.

દાન-સૌજન્ય ઓફર માટે સમૂહલગ્નોત્સવનો અંદાજીત ખર્ચ

| | | |
|---|---|---|
| ૧. લગ્નોત્સવ સંપૂર્ણ ખર્ચ | રૂા. | ૭,૦૦,૦૦૦/- |
| ૨. ભોજન ખર્ચ | રૂા. | ૩,૦૦,૦૦૦/- |
| ૩. મંડપ ખર્ચ | રૂા. | ૧,૨૫,૦૦૦/- |
| ૪. ધાર્મિક ખર્ચ... | રૂા. | ૨૫,૦૦૦/- |
| ૫. કંકોત્રી ખર્ચ | રૂા. | ૨૫,૦૦૦/- |
| ૬. ભેટ-સોગાદ ખર્ચ | રૂા. | ૨૫,૦૦૦/- |
| ૭. પ્રોગ્રામ ખર્ચ | રૂા. | ૩૫,૦૦૦/- |
| ૮. લાઇટ-ડેકોરેશન ખર્ચ | રૂા. | ૧૫,૦૦૦/- |
| ૯. જાહેરાત ખર્ચ | રૂા. | ૧૫,૦૦૦/- |
| ૧૦. પ્રિન્ટીંગ - સ્ટેશનરી ખર્ચ | રૂા. | ૨૦,૦૦૦/- |
| ૧૧. સન્માન ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૧૨. પરચૂરણ ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |

**દાતાશ્રીઓનું સન્માન :**

૧. રૂા. ૧૫,૦૦૦/- તથા તેની ઉપરનું દાન આપનાર દાતાશ્રીનું યોગ્ય સન્માન તેમજ લગ્નપત્રિકામાં ફોટો.

૨. રૂા. ૧૧,૦૦૦/- તથા તેની ઉપરનું દાન આપનાર દાતાશ્રીનો લગ્નપત્રિકામાં ફોટો.

૩. રૂા. ૫,૦૦૦/- તથા તેની ઉપરનું દાન આપનાર દાતાશ્રીનું લગ્નપત્રિકામાં નામ.

**વિશેષ નોંધ :**

૧. આ સાથે રજુ કરવામાં આવેલ દાન યોજના-સૌજન્યનો લાભ લેવા માંગતા દાતાશ્રીએ પોતાની ઓફર શક્ય તેટલી જલ્દી જણાવવાની રહેશે.

૨. આ સાથે રજુ કરવામાં આવેલ દાન યોજનામાં જણાવ્યા સિવાય કોઇપણ દાતાશ્રી પોતાના વિચાર પ્રમાણે દાન આપવા ઇચ્છતા હોય તેઓએ વહેલી તકે જ્ઞાતિ ટ્રસ્ટ અથવા સમૂહલગ્ન કન્વીનરશ્રીનો સંપર્ક કરવો.

૩. ભુજ જ્ઞાતિના લાણેદાર સિવાય બહાર ગામથી જોડાનાર પક્ષકારને ઉતારા જરૂર હશે તો તેઓના ખર્ચે સમિતિ તરફથી વ્યવસ્થા કરી આપવામાં આવશે.

***નોંધ : સમૂહલગ્ન અંગેની વધુ માહિતી માટે નીચે જણાવેલ સ્થળોએ સંપર્ક કરવો.***

- શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટની ઓફિસ
  કંસારા બજાર, ભુજ, કચ્છ. મો. ૭૮૭૪૧ ૬૭૭૫૨
- જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઇ જટુભાઇ ચનાણી
  હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ. મો. ૯૮૨૫૮ ૫૭૪૧૩
- જ્ઞાતિ મંત્રી શ્રી દિલીપભાઇ કાનજીભાઇ બગ્ગા
  શરાફ બજાર, ભુજ, કચ્છ. મો. ૯૮૨૫૨ ૨૬૬૧૭

- સમૂહ લગ્ન સમિતિ કન્વીનર
  શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉ
  રવાણી ફળિયા ભુજ, કચ્છ. મો. ૯૮૭૯૦ ૮૦૫૩૬
- સમૂહલગ્ન સમિતિ મંત્રી
  શ્રી પ્રદીપભાઈ જીવરામ બીજલાણી
  કંસારા બજાર, ભુજ, કચ્છ. મો. ૯૯૭૮૭ ૩૪૦૨૪

**નિયમો :**

૧. સમૂહલગ્નમાં જોડાનાર વરપક્ષને રૂા. ૪૦૦૦ (ચાર હજાર) તેમજ કન્યાપક્ષને રૂા. ૨૦૦૦ (બે હજાર) ફોર્મ ભરતી વખતે આપવાના રહેશે.

૨. સરકારી લગ્ન નોંધણી ફી ના રૂા. ૩૦૦ (ત્રણસો) બન્ને પક્ષને અલગ-અલગ આપવાના રહેશે.

૩. વર તેમજ કન્યાના પાસપોર્ટ સાઈઝના બે-બે કલર ફોટા આપવાના રહેશે.

૪. વર તેમજ કન્યાનો ફોટો ઓળખ કાર્ડ આપવાનું રહેશે.

૫. પક્ષકારે રાશનકાર્ડની એક-એક ઝેરોક્ષ આપવાની રહેશે.

૬. વર તેમજ કન્યાની ઉંમર અનુક્રમે ૨૧ તથા ૧૮ વર્ષ પૂરા થયેલા હોવા જોઈએ. આ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા ગ્રામ પંચાયત કે મ્યુનિ.નો જન્મનો દાખલો પ્રવેશ ફોર્મ ભરતી વખતે સાથે આપવાનું રહેશે. મૂળ દાખલા સાથે પ્રમાણિત ત્રણ નકલો (ટ્રુ કોપી) આપવાની રહેશે. ઉંમર અંગેના દાખલા વગરના તેમજ અધૂરાશવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, તેમજ તેવા ફોર્મ રદ કરવામાં આવશે.

૭. બાળલગ્ન પ્રતિબંધક ધારાના ગુના માટે જ્ઞાતિ ટ્રસ્ટ કે સમૂહલગ્ન સમિતિ જવાબદાર રહેશે નહીં.

૮. પ્રવેશ ફોર્મ તા. ૬-૧૦-૨૦૧૧ થી તા. ૬-૧૧-૨૦૧૧ સુધી જ સ્વીકારવામાં આવશે. ત્યારપછી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

૯. વર તેમજ કન્યા તરફથી કોઈપણ પ્રકારના દહેજની લેતી-દેતી કરી શકાશે નહીં.

૧૦. લગ્ન સમયે અપાતી પહેરામણીમાં જે કંઈ પણ વસ્તુ આપવી હશે, તે જાહેરમાં આપી શકાશે નહીં. જાહેરમાં કોઈપણ વસ્તુની ભેટ કોઈ એક વર-કન્યાને આપી શકાશે નહીં, તેમજ વર-કન્યા સ્વીકારી શકશે નહીં.

૧૧. બધા વર-કન્યા માટે ભેટ લાવનાર જ જાહેરમાં ભેટ આપી શકશે જે સમિતિ પાસે જમા કરાવવાની રહેશે.

૧૨. લગ્નવિધિ માટે વર-કન્યાએ કાર્યક્રમના સમય અનુસાર તૈયાર થઈ મંડપમાં હાજર થવું. મોડા આવનાર વર કન્યાને જે વિધિ ચાલુ હશે તે વિધિથી જોડાવવાનું રહેશે.

૧૩. સમૂહલગ્નના ભોજન સમારંભમાં જ્ઞાતિ સિવાયના પોતાના હેતુ-સંતોષી, મિત્રો કે અન્ય કોઈ સામેલ થઈ શકશે નહીં.

૧૪. સમૂહલગ્ન વૈદિક રીતે (ગાયત્રી વિધિ) કરવામાં આવશે.

૧૫. મંડપદીઠ બ્રાહ્મણની વ્યવસ્થા શક્ય ન હોવાથી લગ્નવિધિ જ્ઞાતિના ગોરશ્રીની સૂચના મુજબ જ્ઞાતિના કાર્યકરોના સહકારથી સંપન્ન કરવામાં આવશે.

૧૬. રોકડ રકમની ભેટ, ડોનેશન, વધાવો કે ચાંદલો સમૂહલગ્ન સમિતિને આપવાનો રહેશે.

૧૭. વર તેમજ કન્યાપક્ષે મંડપ પ્રવેશ પાસ તેમજ પોતાના ફોટોગ્રાફર માટેના પાસ મેળવી લેવાના રહેશે.

૧૮. વરપક્ષે લાવવાની વસ્તુઓ : (૧) રાડી, (૨) વાણી, (૩) ચૂંદડી

૧૯. કન્યાપક્ષે લાવવાની વસ્તુઓ : (૧) પાનેતર, (૨) માયમાટલું, (૩) કંસારના વાસણો, (૪) પસનું નાળિયેર.

૨૦. જ્ઞાતિના રિવાજ મુજબ સગપણની લાગત આપેલ નહીં હોય તેમને લાગત આપવાની રહેશે.

૨૧. સમિતિ શક્ય હશે તેટલી વ્યવસ્થા કરશે તથા નિયમોમાં સંજોગોવસાત ફેરફાર કરી શકશે.

૨૨. દરેક પક્ષકાર નીતિ તેમજ વ્યવસ્થા અંગેના સમિતિના નિયમોનું પાલન કરી કાર્યને સફળ બનાવશે.

૨૩. વર તેમજ કન્યા માટે ભોજન વ્યવસ્થા અલગથી કરવામાં આવશે.

૨૪. ફોર્મ ભરનારને આથી વિશેષ માર્ગદર્શનની જરૂર જણાય તો તે સમિતિ તથા જ્ઞાતિ ટ્રસ્ટના કારોબારી સભ્યો પાસેથી મેળવી શકાશે.

૨૫. લગ્ન પત્રિકા, સમિતિ તરફથી છપાવી વહેંચવામાં આવશે. માટે પક્ષકારોએ ફોર્મ ભરતી વખતે પત્રિકા માટે સરનામાં આપી જવાના રહેશે.

***કન્વીનર-મંત્રી-સમિતિના સર્વે સભ્યો***
***સમૂહલગ્ન સમિતિ***
***શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ***

## વિદ્યાર્થી એટલે શું?

વિદ્યાર્થી એટલે આવતીકાલનો નાગરિક
વિદ્યાર્થી એટલે દેશનું સુખ
વિદ્યાર્થી એટલે સમાજની સુગંધ
વિદ્યાર્થી એટલે સમાજનો પાયો.
વિદ્યાર્થી એટલે શાળાનું ગૌરવ
વિદ્યાર્થી એટલે મા-બાપની લાકડી
વિદ્યાર્થી એટલે શિક્ષકનું સ્મિત.

***ગોહિલ કોમલ જયસુખલાલ - મીરજાપુર, ભુજ***



# 7 # SETU-NOV.-2011 # FINAL PROOF # 7 #

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - અંજાર

**અંજના પોમલ**

અંજાર મહિલા મંડળની સ્થાપનાને પાંચ વર્ષ ફેબ્રુઆરીમાં પૂરા થશે. તેનાથી પહેલા ત્રણ વર્ષથી મંડળ કાર્યાન્વિત હતું. તે ત્રણ વર્ષમાં ભજન સત્સંગ તથા અન્ય ધાર્મિક કાર્યક્રમ તેમજ નવરાત્રીમાં મંદિરમાં રાસગરબાનું આયોજન થતું. ત્યારબાદ મહિલા મંડળની સ્થાપના થઇ. મંડળ ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહ્યું છે. પાંચ વર્ષથી મંદિરની બહાર પટાંગણામાં મંડપ બાંધી રાસ-ગરબાનું આયોજન કરીએ છીએ. આ વર્ષે તા. ૨૮-૯ થી તા. ૬-૧૦ દરમ્યાન નવરાત્રીમાં રાસ ગરબાનું આયોજન રાખવામાં આવ્યું હતું. તેમાં દર વર્ષની જેમ રોજના ચાર ઇનામો વેલડ્રેસ, વેલ પ્લેયર, બાળકો તથા બહેનો માટે રાખવામાં આવતા. ઇનામો મંડળ દ્વારા સરખા જ લેવામાં આવે છે પણ રોજના ઇનામો તથા પ્રસાદીના દાતાઓ અલગ-અલગ હોય છે. જે બહેનો ઇનામોના દાતા હોય છે તેઓજ એ દિવસના નિર્ણાયક રહે છે. જ્ઞાતિની તમામ બહેનોનો સહકાર ખૂબજ સરસ મળી રહે છે. બહેનોનો સહકાર મળી રહેતા દર સાલ ચોસઠ જોગણી (કુમારીકા)નો જમણવાર રાખીએ છીએ. આ સાલ તા. ૨-૧૦ ના રવિવારે ચોસઠ જોગણીનો જમણવાર રાખવામાં આવ્યો હતો, તેમાં ૭૦ જેટલી કુમારીકાઓ આવી હતી.

નવરાત્રી દરમ્યાન બહેનોનો ઉત્સાહ અનેરો હોય છે. બહેનોનો ઉત્સાહ તથા સહકાર મળી રહેતા મંડળને આયોજનમાં નવીનતા લાવવાનું ગમે છે. આ વર્ષે પ્રતિદિન ડ્રેસકોડ રાખવામાં આવ્યો હતો તેમજ આરતીની થાળી સજાવટ ફરીફાઇ, વાનગી હરીફાઇ તેમજ બાળકો માટે ડ્રોઇંગ હરીફાઇ રાખવામાં આવી હતી. તેમજ આ સાલ ઢોલી તથા કેશિયોના તાલે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

બીજા નોરતે તા. ૨૯-૯ ના આરતીની થાળી સજાવટ હરીફાઇ રાખવામાં આવી હતી. તેમાં બહેનોએ ખૂબજ કલાત્મક રીતે આરતી સજાવી હતી. જેમાં પ્રથમ નંબર દેવીનાબેન બુદ્ધભટ્ટી રહ્યા હતા. તેમણે ગ્લાસ પેઇન્ટથી આરતી સજાવી હતી જ્યારે બીજા નંબર પર આરતીબેન ગોહિલ રહ્યા હતા જેઓએ શાકભાજીની આરતી સજાવી હતી અને ત્રીજા નંબર પર ગીતાબેન બુદ્ધભટ્ટી રહ્યા હતા.

નવરાત્રીમાં માતાજીને વિવિધ પ્રસાદી ધરાવતા હોઇએ છીએ પણ તે એક દિવસ એક પ્રસાદી તો બીજા દિવસે બીજી પ્રસાદી અને એ પણ મોટાભાગે બજારમાંથી મળતી તૈયાર વાનગી જ હોય છે પણ એકજ દિવસમાં પંદરથી વધુ વિવિધ વાનગી ધરાવવાની હોય એ પણ પોતાના ઘરે પોતે પ્રેમથી બનાવીને લાવવી તે તો લગભગ અશક્ય જ હોય છે. અહીં તે શક્ય રહ્યું હતું. ત્રીજા નોરતાના દિવસે વાનગી હરીફાઇ માતાજીની પ્રસાદી (મિષ્ટાન્ન) રાખવામાં આવી હતી. તેમાં નિયમ રાખવામાં આવ્યો હતો વાનગી પોતાના હાથે ઘરેથી બનાવીને લાવવી અને સાથે રેસીપી લખીને લાવવાની અને જેઓ વિજેતા થાય તેઓએ પોતાની અનુકૂળતાએ જ્ઞાતિની બહેનોને તે વાનગી શીખવવાની રહે. તેમાં ૧૬ બહેનોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે રશ્મીતાબેન પોમલ રહ્યા હતા. તેમાં પ્રથમ વિજેતા દર્શનાબેન બુદ્ધભટ્ટી રહ્યા હતા. જેઓએ ગુલાબ કોકોનટ પાક અને પાઇનેપલ પીસ્તા બરફી બનાવી હતી. બીજા નંબર પર દેવીનાબેન ગોહિલ રહ્યા હતા તેમણે પંચરત્ન કેક (ડ્રાયફ્રુટ્સ) બનાવી હતી અને ત્રીજા નંબર પર મીતાબેન બુદ્ધભટ્ટી રહ્યા હતા તેઓએ બીટની સેન્ડવીચ બનાવી હતી.


તા. ૨-૧૦ ના રવિવારે ચોસઠ જોગણીનો જમણવાર રાખવામાં આવ્યો હતો. ત્યારે જમણવારથી અગાઉ બાળકો માટે ડ્રોઇંગ હરીફાઇ રાખવામાં આવી હતી. ડ્રોઇંગ માટે બાળકોને ૧ કલાકનો સમય આપવામાં આવ્યો હતો અને મંદિરની થીમ આપવામાં આવી હતી. બાળકોને ડ્રોઇંગની કીટ આપવામાં આવી હતી. દરેક બાળકોએ તેમની ઉંમરના પ્રમાણમાં ખૂબ જ સરસ ડ્રોઇંગ કર્યું હતું. તેમાં ૧૦ વર્ષ અંદરમાં પ્રથમ ઉર્વશી મહીચા અને દ્વિતીય હર્ષ બુદ્ધ હતા જ્યા ૧૦ વર્ષથી ઉપરમાં પ્રથમ તુલસી પોમલ અને દ્વિતીય માનસી બુદ્ધભટ્ટી રહ્યા હતા.

## શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટ - નખત્રાણા


### હોદ્દેદારો

લખમશીભાઈ ઈશ્વરદાસ કોટડિયા (નખત્રાણા) - પ્રમુખ
ધનજીભાઈ હરીદાસ બુધ્ધભટ્ટી (કોઠારા) - ઉપપ્રમુખ
હેમેન્દ્રભાઈ મોહનલાલ કંસારા (ગુજરાતી) (નખત્રાણા) - મહામંત્રી
સોની જેરામભાઈ ધનજી બુધ્ધભટ્ટી (નખત્રાણા) - ખજાનચી
સોની દિનેશભાઈ જેઠાલાલ બગ્ગા (નખત્રાણા) - મંત્રી

*મેનેજીંગ ટ્રસ્ટીશ્રીઓ :*
શ્રી મણિલાલ ગોવિંદજી કટ્ટા (નખત્રાણા)
શ્રી ગંગારામ કરશનદાસ કટ્ટા (નખત્રાણા)
શ્રી રમણિકલાલ ગોકલદાસ સાકરીયા (નખત્રાણા)
શ્રી નારાયણભાઈ મોહનલાલ પરમાર (ખોંભડી મોટી)


**પ્રમુખ**


**ઉપપ્રમુખ**


**મહામંત્રી**


**ખજાનચી**


**મંત્રી**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહિણી બી. બુધ્ધભટ્ટી**

મા ભગવતીના નવ નવરાત્રી પછી પ્રકાશપર્વ દિપાવલીનું આગમન આપણા મનને ઓર તાજગી બક્ષે છે. આગામી વર્ષની સફળતાઓ દરેક ક્ષેત્રમાં હાંસિલ કરવાની હોંશ તન-મનમાં તરવરાટ લાવી દે છે. આવુંજ નવરાત્રી મહોત્સવ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજે ઉજવ્યું અને આગામી વર્ષ માટેના વિવિધ સોણલા પણ સજાવ્યા.

નવરાત્રી મહોત્સવ-૨૦૧૧ની ઉજવણી શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - ભુજએ ખૂબજ ધામધૂમથી કરી. જ્ઞાતિના સર્વશ્રેષ્ઠ દાતાઓના સહકારથી જ હંમેશા અમે બહેનોએ પોતાના દરેક કાર્યક્રમો ખૂબજ સહેલાઇથી પાર પાડ્યા છે. એજ રીતે આ નવરાત્રી મહોત્સવ માટે પણ મુખ્ય દાતાઓ સર્વશ્રી પ્રભુદાસભાઇ ખેતશી સોની, શ્રી મગનભાઇ વેલજી ચનાણી તેમજ શ્રી જટુભાઇ વેલજી ચનાણી તરફથી આર્થિક સહયોગ સાંપડતા આ નવરાત્રી મહોત્સવ સુપેરે પાર પાડી શકાયો.

સમગ્ર કાર્યક્રમ જયશ્રીબેન જયંતીભાઇ બુદ્ધભટ્ટીએ ખૂબજ સાહજિકતાથી સંભાળ્યો. સમગ્ર મહોત્સવ દરમ્યાન મહિલા મંડળના દરેકે દરેક સભ્યોએ વ્યવસ્થા સંભાળી હતી.

દરરોજ બાળકોનો એક રાઉન્ડ તેમજ બહેનોના બે રાઉન્ડ, જુનીયર સીનીયર સીટીઝન એ રીતે બહેનોને રમાડવામાં આવતા હતા. ઓરકેસ્ટ્રા માટેની સેવા દર વર્ષની જેમ શ્રી પ્રતાપભાઇ બીજલાણીએ નોબત પર સંગત કરી હતી તો ભાઇ શ્રી તરૂણ બીજલાણીએ ઓરગન પર હાથ જમાવ્યો હતો. રોટોડ્રમ પર વિશાલ નરેશભાઇ ગુજરાતીએ સાથ આપ્યો હતો. સુરીલા ગળાના માલીક એવા સુધાબેન એ. બુદ્ધભટ્ટીએ માતાજીના સુંદર મજાના ગરબા ગાઇ બાળકો અને બહેનોને દરરોજ કુલ નવ ઇનામો જાહેર કરવામાં આવતા હતા. નિર્ણાયકો તરીકે મહિલા મંડળના સભ્યોએ સેવા આપી હતી. અમારા આમંત્રણને માન આપીને દાતાશ્રીઓ તેમના કુટુંબીજનો તથા યુવક મંડળ પ્રમુખશ્રી તથા તેમની કારોબારીના સભ્યો, વગેરેએ રવિવારને દિવસે હાજરી આપી બહેનો અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર નવરાત્રી મહોત્સવના ઇનામના દાતા શ્રી પ્રભુદાસભાઇ ખેતશી સોની રહ્યા હતા. તે ઉપરાંત વિશેષ ફંડ તેમના તરફથી સાંપડ્યું હતું.



*નવરાત્રી મહોત્સવ-૨૦૧૧. રાસ રમતી બહેનો.*



*નવરાત્રી મહોત્સવ-૨૦૧૧*
*દાતા પરિવાર સાથે મહિલા મંડળના સભ્યો*

## દાતાશ્રીઓના નામ

| | | | |
|---|---|---|---|
| સોની પ્રભુદાસભાઇ<br>તેમજ સમગ્ર કાર્યક્રમના ઇનામોના દાતા | રૂા. ૫૦૦૦ | શ્રી જનકભાઇ કાંતીલાલ સોલંકી | રૂા. ૧૦૦ |
| | | શ્રી યોગેશભાઇ ઇશ્વરલાલ સોલંકી | રૂા. ૧૫૧ |
| સોની જટુભાઇ વેલજી | રૂા. ૫૦૦૦ | શ્રી પ્રાણલાલ નરભેરામ સોલંકી | રૂા. ૨૫૧ |
| સોની પ્રેમકુંવરબેન મગનભાઇ ચનાણી | રૂા. ૫૦૦૦ | શ્રી સુનીલભાઇ એમ. પોમલ | રૂા. ૨૫૦ |
| ભારતીબેન હરીલાલ ગુજરાતી | રૂા. ૨૦૦ | શ્રી વી.પી. જ્વેલર્સ | રૂા. ૨૫૦ |
| શ્રી જે.કે. કટ્ટા | રૂા. ૧૫૧ | શ્રી નવીનભાઇ | રૂા. ૧૦૧ |
| શ્રી જગદીશચંદ્ર દયારામ ચૌહાણ | રૂા. ૩૦૦ | શ્રી શિશિરભાઇ અમૃતલાલ હેડાઉ | રૂા. ૨૫૦ |
| શ્રી હરીરામ રવજી | રૂા. ૨૫૧ | શ્રી મદનભાઇ લખમશી બુદ્ધભટ્ટી | રૂા. ૧૫૧ |
| શ્રી જવેરલાલ શીવજી બુદ્ધભટ્ટી | રૂા. ૨૫૧ | શ્રી હિંમતલાલ કાનજી બગ્ગા | રૂા. ૨૫૧ |



# 9 # SETU-NOV.-2011 # FINAL PROOF # 9 #

| | | |
|---|---|---|
| શ્રી માવજી શીવજી બુદ્ધભટ્ટી | રૂા. | ૫૦૫ |
| શ્રી લખમશી સુંદરજી બુદ્ધભટ્ટી | રૂા. | ૨૦૧ |
| શ્રી નરેન્દ્રભાઇ પ્રેમજી બુદ્ધભટ્ટી | રૂા. | ૧૨૫ |
| શ્રી કાંતિલાલ માધવજી સોલંકી | રૂા. | ૧૦૧ |
| શ્રી રોહિત ભાઇલાલ પોમલ | રૂા. | ૧૫૧ |
| શ્રી અમૃતલાલભાઇ જેઠાલાલ સોલંકી | રૂા. | ૨૫૧ |
| શ્રી સરસ્વતીબેન ધનજી બુદ્ધભટ્ટી | રૂા. | ૧૦૧ |
| શ્રી મહેન્દ્રભાઇ શીવજી બુદ્ધભટ્ટી | રૂા. | ૧૫૧ |
| શ્રી જીતેન્દ્રભાઇ જેઠાલાલ સોલંકી | રૂા. | ૧૦૧ |
| શ્રી જે.કે. કંસારા | રૂા. | ૨૫૧ |
| શ્રી ઓધવજી રતનશી બારમેડા | રૂા. | ૨૫૧ |
| શ્રી સંજયભાઇ અરવિંદ બુદ્ધભટ્ટી | રૂા. | ૧૦૧ |
| શ્રી જેન્તીલાલ કાનજી બુદ્ધભટ્ટી | રૂા. | ૨૦૧ |
| શ્રી મનસુખભાઇ કાનજી બુદ્ધભટ્ટી | રૂા. | ૧૫૧ |
| શ્રી પંકજભાઇ કટ્ટા | રૂા. | ૧૫૦ |
| શ્રી રીટાબેન જગદીશભાઇ બુદ્ધભટ્ટી | રૂા. | ૧૫૧ |
| શ્રી ધનસુખભાઇ ગોવિંદજી પરમાર | રૂા. | ૧૦૧ |
| શ્રી કાન્તીલાલ એમ. બારમેડા | રૂા. | ૧૦૫ |
| શ્રી વિજયભાઇ એમ. બુદ્ધભટ્ટી (માંડવીવાળા) | રૂા. | ૨૫૧ |
| શ્રી સોની જગદીશ પીતાંબર મૈયા | રૂા. | ૧૦૦ |
| શ્રી એસ.કે. જ્વેલર્સ | રૂા. | ૫૦૦ |
| શ્રી ઇન્દુલાલ હરીરામ સોલંકી | રૂા. | ૨૫૧ |
| શ્રી મધુબેન શૈલેષભાઇ ગોહીલ | રૂા. | ૧૦૨ |
| શ્રી પારૂલબેન જયભાઇ બુદ્ધભટ્ટી (મુંબઇ) | રૂા. | ૧૦૨ |
| શ્રી ભાવેશભાઇ હિંમતલાલ બગ્ગા | રૂા. | ૨૦૦ |
| શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ | રૂા. | ૨૫૦ |
| શ્રી બીપીનભાઇ શીવજી બુદ્ધભટ્ટી | રૂા. | ૫૦૦ |
| શ્રી સુરેશભાઇ પ્રેમજી સોલંકી | રૂા. | ૧૦૨ |
| શ્રી હીનાબેન જયેશ સોલંકી | રૂા. | ૧૦૧ |
| શ્રી કામીનીબેન દિલીપ બીજલાણી | રૂા. | ૧૦૦ |
| શ્રી માનસી વિનોદભાઇ સોલંકી | રૂા. | ૫૧ |
| શ્રી તૃપ્તીબેન સાકરીયા | રૂા. | ૧૦૦ |
| શ્રી લક્ષ્મીબેન માવજી પોમલ | રૂા. | ૨૦૧ |
| શ્રી મોહનલાલ રવજી બુદ્ધભટ્ટી | રૂા. | ૨૫૧ |

આ ઉપરાંત દર વર્ષની જેમ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજની સભ્ય બહેનોએ હિલગાર્ડન ખાતે રોટરી કલબ તરફથી યોજાતા રાસગરબા સ્પર્ધામાં દ્વિતીય ક્રમે રહી જ્ઞાતિનું માન વધાર્યું હતું. જેનું સંચાલન શીતલબેન અરૂણભાઇ બુદ્ધભટ્ટીએ સંભાળ્યું હતું.

નવરાત્રીના નવમા નોરતે વિજેતાઓને દાતા પરિવારના સભ્યો તેમજ કાર્યક્રમના અધ્યક્ષા તથા મહિલા મંડળના પ્રમુખશ્રી તથા સભ્યોના હાથે ઇનામ વિતરણ કરાયું હતું. રોટરી તરફથી યોજાયેલ રાઉન્ડમાં ભાગ લેનાર બહેનોનું પણ જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. ઓરકેસ્ટ્રામાં વગાડનાર ભાઇઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સાથે આગામી કાર્યક્રમોની જાહેરાત પણ કરવામાં આવી હતી. આભાર વિધિ તેમજ ઇનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બી. બુધ્ધભટ્ટીએ કર્યું હતું.

**"NEVER THINK THAT YOU ARE NOT LIKE OTHERS.
MAKE OTHER THINK THAT THEY ARE NOT LIKE YOU."**

## નળ સરોવર ખાતે અમદાવાદ જ્ઞાતિનું વાર્ષિક સ્નેહ મિલન

અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા દર વર્ષે દિપાવલી બાદ વાર્ષિક સ્નેહ મિલન તથા સામાન્ય સભાનું આયોજન કરવામાં આવે છે.



આ વર્ષે વાર્ષિક સ્નેહમિલન અમદાવાદથી ૭૦ કિ.મી.ના અંતરે આવેલ પક્ષીઓના અદ્ભુત અભયારણ્ય નળ સરોવર ખાતે તા. ૧૮-૧૨-૨૦૧૧ના રોજ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. તા. ૨૦-૧૧-૨૦૧૧ના રોજ શ્રી રમેશભાઇ સોનીના નિવાસ સ્થાને મળેલ કારોબારી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવેલ છે.

સ્નેહ મિલન તથા સામૂહિક પીકનીકનો લાભ લેવા સર્વે જ્ઞાતિજનોને હાર્દિક આમંત્રણ છે. આ અંગેની વિગતવાર માહિતી અમદાવાદના સભ્યોને આપવામાં આવશે. આ કાર્યક્રમ માટે સભ્યોમાં ખૂબ ઉત્સાહ જોવા મળેલ છે.



# 10 # SETU-NOV.-2011 # FINAL PROOF # 10 #

# શ્રી મારૂ કંસારા જ્ઞાતિ મહિલા મંડળ - રાયપુર (છ.ગ.)

*આપણી જ્ઞાતિ સંસ્થાઓ ઉપરાંત મહિલા મંડળ, યુવા મંડળ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ થતી હોય છે. સમાજ વિકાસ માટે આ સંસ્થાઓ વિશેષ યોગદાન આપી રહેલ છે. મહિલા મંડળોની પ્રગતિ અને પ્રવૃત્તિઓનું યોગ્ય દસ્તાવેજીકરણ થાય, તેની યોગ્ય નોંધ લેવાય તે હેતુથી ગત અંકમાં મહિલા મંડળોને તેમની માહિતી મોકલવા આહવાન કરેલ. તેના પ્રતિભાવમાં રાયપુર મહિલા મંડળની વિગતો પ્રાપ્ત થયેલ છે, જે અત્રે પ્રસ્તુત છે.*

*– મુખ્ય તંત્રી*

*મહિલા મંડળનું સ્વર્ણિમ સ્થાપના વર્ષ ૨૦૦૩*

- **વર્ષ ૨૦૦૩-૨૦૦૪ તેમજ વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના અધ્યક્ષ : પુષ્પાબેન મનસુખભાઇ બારમેડા આયોજીત કાર્યક્રમ**

આ વર્ષ દરમ્યાન સમાજનાં નવનિર્મિત ભવનમાં શ્રી સત્યનારાયણની કથા કરાવવામાં આવી. શ્રાવણ માસ નિમિત્તે રાયપુરથી થોડેક દૂર શીરપુર ક્ષેત્રે પીકનીકનું આયોજન કરેલ હતું. શરદ પૂનમના દિવસે રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન હતું. ૩૧ ડિસેમ્બરનાં દિવસે નવ વર્ષના ઉપલક્ષમાં પ્રદર્શની રાખવામાં આવેલ હતી.

*ઉદ્દેશ :* સમાજની ઉત્તરોત્તર પ્રગતિ અને સમાજની બહેનોને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્રમ યોજયા હતા.

- **વર્ષ ૨૦૦૫-૨૦૦૬ના અધ્યક્ષ શ્રીમતી શોભનાબેન જયેશભાઇ પોમલ આયોજીત કાર્યક્રમ :**

આ વર્ષ દરમ્યાન સમાજનાં દરેક બાળકોને પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વર્ષ દરમ્યાન સર્વ પ્રથમ શૈક્ષણિક ક્ષેત્રે ઇનામોનું વિતરણ ચાલુ કરવામાં આવેલ હતું. સાથે સાથે બહેનોને પ્રોત્સાહન મળે તે માટે ઝુલા શણગાર પ્રતિયોગીતા, નાટક, ફ્લાવર ડેકોરેશન, મહેંદી શણગાર, રાબડી શણગાર, જેવી વિવિધ કાર્યક્રમો કર્યા હતા.

*ઉદ્દેશ :* સમાજની પ્રગતિ

- **વર્ષ ૨૦૦૬-૨૦૦૭ના અધ્યક્ષ- શ્રીમતી રંજનબેન મગનભાઇ બારમેડા આયોજીત કાર્યક્રમ :**

(સદસ્યા સંખ્યા - ૪૦) સર્વપ્રથમ એમણે સમાજ ભવનમાં શ્રી સત્યનારાયણની કથા રાખવામાં આવેલ હતી. મહિલા મંડળ દ્વારા પરષોતમ માસ નિમિત્તે ફાળો ભેગો કરી ગાયને ચારો નાખવામાં આવેલ હતો. સર્વ પ્રથમ સમાજમાં શ્રાવણ મેળાનું આયોજન કરેલ હતું. જેમાં વિવિધ પ્રકારનાં જેમકે કપડાં, રાખડી, ઇમિટેશન જ્વેલરી, નાસ્તા અને ચા નાં સ્ટોલ રાખી શહેરનાં અલગ અલગ જ્ઞાતિજનોએ પણ ભાગ લીધેલ હતો. મહિલા મંડળ દ્વારા રૂા. ૭૦૦૧/- નો ફાળો ભેગો કરી ભુજ સ્થિત મહા મંડળને શિક્ષા અને મેડિકલ ક્ષેત્રે યોગદાન કરવા આપેલ હતો. શ્રાવણ માસની ઉજવણી પ્રસંગે અનેક કાર્યક્રમો જેમાં રાજસ્થાની ડ્રેસ પ્રતિયોગિતા, હાઉઝી, મિસ અને મિસ્ટર મારૂ કંસારા – જેવા અનેક કાર્યક્રમ યોજવામાં આવેલ હતાં.

*ઉદ્દેશ :* સમાજને પ્રગતિનાં પંથે વધારવા અને મહિલાને પ્રોત્સાહન આપવા.

- **વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના અધ્યક્ષ - શ્રીમતિ નયનાબેન પ્રકાશભાઇ બારમેડા આયોજીત કાર્યક્રમ :**

(સદસ્ય સંખ્યા - ૪૨) સર્વપ્રથમ દયાબેન ભગતભાઇ બારમેડા અને અમૃતબેન બાબુલાલભાઇ પોમલની પ્રેરણાથી 'શ્રી મારૂ કંસારા મહિલા સત્સંગ મંડળ'ની સ્થાપના કરવામાં આવેલ. સત્સંગ મંડળમાં નાની-મોટી વયનાં દરેક મહિલા, અગિયારસનાં દિવસે સત્સંગ નિમિત્તે ભેગા થાય છે. વર્ષ દરમ્યાન દરેક અગિયારસના દિવસે ભજન-કિર્તન કરે છે અને આરતીથી મળેલ ફાળો ધાર્મિક કાર્યક્રમમાં ખર્ચ કરે છે. સૌપ્રથમ સત્સંગ મંડળ બહેનો દ્વારા હરિદ્વાર જાત્રાનું આયોજન કરેલ હતું. હરિદ્વાર જઇને બહેનોએ ભીક્ષુક ભોજન, વૃદ્ધાશ્રમમાં દાન કરેલ છે. ત્યારબાદ અધ્યક્ષ દ્વારા ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા મહિલાઓનું ચેક-અપ કરવામાં આવેલ હતું. નાના બાળકોને હોમિયોપેથિક દવાનું વિતરણ કરેલ હતું. 'હોળી મિલન' તથા પીકનિક જેવાં કાર્યક્રમો કર્યા હતા. શ્રાવણ માસની ઉજવણી નિમિત્તે અનેક મનોરંજન કાર્યક્રમ સાથે સમાજનાં વયોવૃદ્ધ સદસ્યોનું શાલ તથા શ્રીફળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

*ઉદ્દેશ :* સમાજનાં દરેક બાળકોને શૈક્ષણિક રીતે મદદ કરી આગળ વધવામાં મદદરૂપ બને છે. સાથે સાથે જરૂરત મંદોને દવાની વ્યવસ્થા કરે છે. સમાજને આગળ વધારવા પ્રયત્ન કરવા.

- **વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના અધ્યક્ષ - શ્રીમતી નીતાબેન નીલેષભાઇ બુદ્ધભટ્ટી આયોજીત કાર્યક્રમ :**

(સદસ્ય સંખ્યા : ૨૦૦૮-૨૦૦૯માં ૬૫, ૨૦૦૯-૨૦૧૦ માં ૭૫) આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૮ માર્ચ)નાં ઉપલક્ષ્યમાં એક સંસ્થા દ્વારા રાયપુરમાં આયોજીત કાર્યક્રમમાં શ્રી મારૂ કંસારા મહિલા સત્સંગ મંડળ બહેનો દ્વારા ભજનની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી. જેમાં પ્રતિક રૂપે 'શિલ્ડ' મેળવેલ છે. સમર વેકેશન દરમ્યાન સમાજ તથા બીજા સમાજનાં બાળકોને પ્રોત્સાહન આપવા માટે સમર કેમ્પનું આયોજન કરેલ હતું. જેમાં ડાન્સ, ડ્રોઇંગ, પેઇન્ટીંગ, સીરામિક ક્લાસીસ, ફાઉન્ટેન ક્લાસીસ કરવામાં આવેલ હતું. રાયપુર સ્થિત સમગ્ર સમાજ દ્વારા 'નિજ મહોત્સવ' માં આપણાં સમાજની બહેનો દ્વારા નાસ્તાનાં સ્ટોલ અને રાસ-ગરબા રાખવામાં આવેલ હતા.



# 11 # SETU-NOV.-2011 # FINAL PROOF # 11 #

સાથે સાથે સમાજનાં બાળકોએ મહેંદી કોમ્પીટીશન, રાખડી કોમ્પીટીશન, દુલ્હન શણગારમાં ભાગ લઇને વિજેતા થયેલ હતાં. શ્રાવણ માસ દરમ્યાન રૂદ્ર અભિષેકનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો. શ્રાવણ માસની ઉજવણીનાં કાર્યક્રમમાં લાઇવ સાપસીડી, કેક શણગાર કોમ્પીટીશન, રાખડી કોમ્પીટીશન વગેરે જેવા કાર્યક્રમ રાખેલ હતા. રાયપુર છત્તીસગઢ કલ્ચરલ ડેવલપમેન્ટ સંસ્થા દ્વારા આયોજીત 'સ્વદેશી મેલા'નાં કાર્યક્રમમાં બે વર્ષ સુધી લગાતાર ગુજરાતી સમાજની આગેવાની હેઠળ આપણા સમાજની બહેનોએ ગુજરાતી વાનગી સ્ટોલ રાખેલ હતું. સત્સંગ મંડળ દ્વારા ભજનની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી.

તથા સત્સંગ મંડળ દ્વારા રૂા. ૨૫૦૦૦/- નું ફંડ જ્ઞાતિની વાડીમાં મા કાલિકા માતાજીનું મંદિર બનાવવા માટે સમાજનાં પ્રમુખને આપવામાં આવેલ હતું.

*ઉદ્દેશ :* સમાજને સારી તકોનો લાભ મળે તથા સમાજનાં બાળકો પોતાની પ્રતિભા વધારી શકે.

- **વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના અધ્યક્ષ શ્રીમતી પૂર્ણિમાબેન જુગતભાઇ બુદ્ધભટ્ટી આયોજીત કાર્યક્રમ :**

(સદસ્ય સંખ્યા - ૭૯ ચાલુ વર્ષ) વર્ષ શરૂઆત દરમ્યાન પાટોત્સવનાં દિવસે ભજન પ્રસ્તુતિ કરેલ હતી અને સમાજનાં મહિલાઓએ ફાળો એકત્ર કરી વૃદ્ધાશ્રમમાં જઇને ત્યાંના લોકો સાથે સમય વિતાવ્યો અને એમની સમસ્યાઓની જાણકારી મેળવી. વૃદ્ધાશ્રમમાં રહેનારાઓની જરૂરિયાતો મુજબ નાસ્તો, ફ્રુટ, કપડાં અને જીવન જરૂરિયાતની ચીજોનું વિતરણ કરેલ હતું. 'જલ બચાવો જીવન બચાવો' 'Save Water Save Life'ને ધ્યાનમાં રાખી ફૂલ, અબીલ, ગુલાલ દ્વારા હોળી મિલન નિમિત્તે ખુરશી દોડ, હાઉઝી, ૧ મિનિટ ગેમ શો રમાડ્યાં. સાથે સાથે નાસ્તા પાણીનું આયોજન કરેલ હતું. શ્રાવણ માસની ઉજવણી નિમિત્તે અનેક પ્રતિયોગીતાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નેઇલ આર્ટસ, ઝુલા શણગાર, કપલ ગેમ્સ, હાઉઝી જેવી ગેમો રમાડી આનંદ લીધેલ હતો.

*ઉદ્દેશ :* "એક નહીં દો દો માંત્રાંએ, નર સે ભારી નારી."

નારી શબ્દ પોતાનામાં જ નર કરતાં ભારી છે. નારી અગર સશક્ત અને સ્વાવલંબી હશે તો સમાજ ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન ચડતો રહેશે. મહિલાને વધુમાં વધુ સશક્ત બનાવવાનાં કાર્યક્રમ કરી આપણાં સમાજને મજબૂત કરવું.

ચાલુ વર્ષનાં મહિલા મંડળ દ્વારા વિચારણામાં મુકેલ કાર્યક્રમ - આનંદ મેળો, બાળકોને પ્રોત્સાહન મળે તેવા કાર્યક્રમો કરાશે.

***શ્રીમતી શિવાંગી પંકજભાઈ પોમલ - સચિવ***
***શ્રીમતી પૂર્ણિમાબેન જુગલભાઈ બુધ્ધભટ્ટી - અધ્યક્ષ***

**DEFINE BIRTHDAY**
**The only day in your life, when you cried, your mother was smilling.**

## ભગવાનનું મંગલાષ્ટક
## તુલસી વિવાહમાં નાની ખડોલ ખાતે

વૈકુંઠે વસીયા વિરાટ વદને લક્ષ્મી તણાં સંગમાં
શૈયા શેષ તણી ધરી હરિ સૂતા પાવન કીધા અંગનાં
લીલાઓ કરવા ધરા ઉર ગૃહે વામન બની આવીયાં
વાંચ્છે ગૌરી ગજાનન શિવ ત્યહીં યુગ્મે હજો મંગલ... (૧)

કેવો કાર્તિક માસ આજે મળીયો એકાદશી પર્વણી
વિઠ્ઠલનાથ સહિત રખુમા રાચી રહ્યાં પંઢરી
તુલસીજી તડપી રહ્યાં મિલનને પત્રો દલો પર્ણથી
નારાયણ ચતુઃભૂજ રુપધરી યુગ્મે કરો મંગલ.. (૨)

આષાઢી વનવેલડી દ્રવી રહી પ્રેમોર્મિનાં સિંચને
આવીને મન માલતી મધુ બની સિંચે અમીધારને
પ્રકૃતિ નરબેલ ડી ઉભયને આલિંગતી લાડમાં
એવા પુણ્ય પ્રસંગે સહુ વદે કુર્યાત સદા મંગલ.. (૩)

ના માયા નથી માન મોહ મમતાના દેહનાં બંધનો
ના કર્મો ગઠબંધનો નથી ભર્યા બેડાં બુરા સારનાં
પૂર્ણબ્રહ્મ વિલસી રહ્યું તુલસીમાં રાધારૂપે વિશ્વમાં
એવા આજ પ્રણય પલકને અર્પો સદા મંગલ... (૪)

દીસે દિવ્યરૂપે જગતમાં લીલા તણી બેલડી
શ્યામાશ્યામ તણી વિરાટ પગલી ધારી શિરે ધારિણી
છેડાં સપ્તપદી તણાં તડપતાં એકાત્મ અદ્વૈતને
રૂડા આ અવસર મળ્યા મિલનનાં કુર્યાત સદા મંગલ... (૫)

ડાકોરે રણછોડ સાથ તુલસી વરમાળને પહેરીને
આંખે આંખ પરોવી લાસ્ય કરતાં લજ્જા ઢળી પાંપણે
નિષ્કામી નિર્લેપ આ લગ્નમાં માણો સદા પ્રેમને
આનંદે રૂપ પ્રેમના મિલનમાં કુર્યાત સદા મંગલ... (૬)

આવિર્ભાવ સજ્યો જીવનમાં તૃષા અને તૃપ્તિનો
મહેકે છે શુભ પર્ણ સાથ તુલસી કેવી દીસે મંજરી
વિષ્ણુ શિર ચઢી વળી ચરણમાં ઉરે સમાઇ ગઇ
સ્નેહથી અર્પો સદા યુગલને માંગલ્યની ભાવના... (૭)

વાગી છે મુરલી મધુર મીઠડી દોડાવતી ગોપીને
સૌંદર્ય શરમાઇને હસી પડે રાધા શ્રીકૃષ્ણ પ્રતિ
મેઘ શ્યામ સમાય ગૌર વસને જામી ઉઠી રાતડી
રાકાની રજની રસીકવરને અર્પો સદા મંગલ.. (૮)

***સંકલનકર્તા : શ્રીમતી મીનાક્ષી એ. માંકડ***



# 12 # SETU-NOV.-2011 # FINAL PROOF # 12 #

# શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ

**પ્રફુલ એમ. કંસારા**

શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ તથા યુવક મંડળ આયોજીત "સરસ્વતી સન્માન" તથા સાંસ્કૃતિક કાર્યક્રમ - અખિલ ભારતીય મા. કં. સોની જ્ઞાતી મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્યથી ખુલ્લો મુકવામાં આવેલ હતો. જ્ઞાતિ પ્રમુખ હિંમતલાલ બગાના અધ્યક્ષપદે આ કાર્યક્રમ યોજાયેલ હતો.

આ પ્રસંગે નખત્રાણા જ્ઞાતિ યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા મહામંડળના પ્રમુખ તરીકે શ્રી પ્રભુદાસભાઇની પુનઃવરણી થતાં તેમનું સન્માન કરવામાં આવેલ. જ્ઞાતિ પ્રમુખ હિંમતલાલભાઇ બગા, પ્રફુલભાઇ કંસારા તથા રસીલાબહેન બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ હતું.

સન્માનનો પ્રત્યુત્તર આપતા તેમણે જણાવ્યું કે, જ્ઞાતિ આજે-છેવાડાના નાના ગામથી કરી સમગ્ર ભારતભરમાં રહેતાં આપણા જ્ઞાતિ ભાઇઓને મહામંડળ દ્વારા એક તાંતણે બાંધી એક "સેતુ" બનાવેલ છે. આજે જ્ઞાતિના લોકો વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપી રહ્યાં છે, ત્યારે છેવાડાનો જ્ઞાતિનો કોઇ ગરીબ માણસ દુઃખી ન રહે તે માટે પ્રયત્ન કરવામાં આવશે. તેમણે નખત્રાણા જ્ઞાતિ યુવક મંડળ તથા મહિલા મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને જ્યારે જરૂર પડે યોગદાન આપવાની ખાત્રી આપી હતી.




ભુજ જ્ઞાતિના પ્રમુખ કિશોરભાઇ ચનાણીએ પણ જ્ઞાતિમાં આવેલ જાગૃતિ અને ખાસ કરીને સમૂહલગ્નને સરસ્વતી સન્માનના માધ્યમથી એક "જ્ઞાતિમેળો" યોજાય છે, તે બદલ ખુશી વ્યક્ત કરી - તમામ સહકારની ખાત્રી આપી હતી.

પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી લખમશીભાઇ કોટડીયાએ જણાવેલ કે જ્ઞાતિમાં શિક્ષણ અને ખાસ કરીને બહેનોમાં શિક્ષણનો વ્યાપ વધવાથી સામાજીક પ્રશ્નોમાં જાગૃતિ આવશે. તેમણે એજ્યુકેશન ટ્રસ્ટની રચનાની માહિતી આપી હતી. સમાજના અગ્રણીઓ શ્રી હેમેન્દ્રભાઇ કંસારા, હિંમતલાલભાઇ બગ્ગા, ભરતભાઇ સોની, અમૃતલાલ જે. સોલંકી, ચેતનભાઇ બારમેડા, યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઇ કંસારાએ પણ જ્ઞાતિ એકતા ઉપર ભાર મુકી જ્ઞાતિમાં આવેલ જાગૃતિથી આનંદ વ્યક્ત કરેલ હતો.

આ પ્રસંગે નખત્રાણા જ્ઞાતિના અગ્રણી દિનેશભાઇ ભગવાનજી સોનીની પુત્રીઓ મિત્તલબહેને સી.એ. ફાઇનલ કરેલ તથા ભક્તિબહેને એમ.બી.બી.એસ.નું બીજું વર્ષ પૂર્ણ કરતાં મિત્તલના સન્માન સાથે દિનેશભાઇ તથા પ્રવીણાબહેનનું નખત્રાણા જ્ઞાતિ યુવક મંડળ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

નખત્રાણા જ્ઞાતિના યુવક મંડળ દ્વારા "બચતપેટી" તથા "કુટુંબ કાર્ડ"નું જ્ઞાતિ આગેવાનોના વરદ્ હસ્તે વિતરણ કરી બચત પેટી દ્વારા દર વર્ષે - જ્ઞાતિને ડોનેશન આપવા યુવક મંડળના પ્રમુખશ્રી પ્રફુલભાઇ કંસારાએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જ્ઞાતિના ધો. ૧ થી કોલેજ તથા અંગ્રેજી માધ્યમ તેમજ વિવિધ ક્ષેત્રમાં સિધ્ધિ પ્રાપ્ત કરેલ બાળકોનું શૈક્ષણિક સન્માન જ્ઞાતિના આગેવાનોના હસ્તે કરવામાં આવેલ.

નખત્રાણા જ્ઞાતિ મહિલા મંડળના આયોજનથી એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજુ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમને ઉપસ્થિત જ્ઞાતિ આગેવાનો દ્વારા રોકડ પુરસ્કાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ હતાં.

સાંસ્કૃતિક કાર્યક્રમ મહિલા મંડળના પ્રમુખ રસીલાબેન બુદ્ધભટ્ટી, ઉપપ્રમુખ ભાવનાબેન કંસારા, ખજાનચી જયાબેન બુદ્ધભટ્ટીના માર્ગદર્શન હેઠળ તથા નિર્મળાબેન સોલંકી, હેતલબેન પોમલ, રંજનબેન સાકરીયાના સહયોગથી યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં માંડવી, અંજાર, માધાપર ઉપરાંત રવાપર, ગઢશીશા, વિરાણી મોટી વિ. ગામોના મહિલા મંડળોના હોદ્દેદારોનું નખત્રાણા જ્ઞાતિના અગ્રણીઓ શ્રી રવજીભાઇ સાકરીયા, ગંગારામભાઇ સોની, ભોગીલાલ હંસરાજ, રમેશભાઇ સોની, રમણીકલાલ સાકરીયા, હરીલાલ હેમરાજ, જેરામ ધનજી સોની, યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઇ કંસારા, મહિલા મંડળના પ્રમુખ રસીલાબેન બુદ્ધભટ્ટી, ભાવનાબેન કંસારા, મંત્રી જ્યોતિબેન કટ્ટા, જયાબેન બુદ્ધભટ્ટી, ધીરજલાલ એમ. સોની વિ. દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

પ્રારંભમાં જ્ઞાતિના મંત્રીશ્રી રવજીભાઇ સાકરીયાએ સ્વાગત પ્રવચન કરેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના દીપકભાઇ કટ્ટા, કૈલાસભાઇ કટ્ટા, પ્રકાશ કટ્ટા, મનીષ સોલંકી, તરૂણ બુદ્ધભટ્ટી, જયેશ કટ્ટા, શૈલેષ બગ્ગા, ભાવેશ બગ્ગા, પ્રકાશ સોલંકી, કમલેશ કટ્ટા, અનિલ સોલંકી, નીલેશ કટ્ટા, નિકુંજ બુદ્ધભટ્ટી, મેહ્રીન બગ્ગા, જીજ્ઞેશ સાકરીયા, દિલીપ કટ્ટા સહિતે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું સંચાલન દર્શનાબેન ગુજરાતી (માનકુવા)એ તથા ઉદય કંસારા (નખત્રાણા)એ કરેલ જ્યારે આભારવિધિ હેમેન્દ્રભાઇ કંસારાએ કરેલ. ■

# માનવ જીવનનું એક લક્ષ્ય – કામ અને આનંદ

**વીરેન્દ્ર એસ. પોમલ - અંજાર**

પ્રાચીનકાળથી દરેક મનુષ્ય, જીવનનો આનંદ માણવા પ્રયત્નશીલ છે. બાળકથી માંડીને વૃદ્ધો સુધી સૌ આ પ્રકારની ઝંખના ધરાવે છે અને તે જરૂરી પણ છે. જીવનનું એક લક્ષ્ય છે, આનંદ મેળવીને પ્રકૃતિમય જીવન વીતાવવું. આપણા જીવનની પ્રવૃત્તિઓ પ્રાકૃતિક હોય તો કુદરતી આનંદ આપોઆપ મળે જ છે. કેમકે પ્રકૃતિ ખુદ આનંદમય છે, તાલબદ્ધ છે, લયબદ્ધ છે, સંગીતમય છે. એટલે જ તો પ્રાકૃતિક સ્થળો જોવા આપણને ગમે છે.



*કુદરત પોતાનો પ્રકાશ સૂર્ય દ્વારા પૃથ્વી પર રેલાવે છે ત્યારે સોનેરી સવાર થાય છે.*

ઘૂઘવતો સાગર, કલકલ વહેતું ઝરણું, વૃક્ષોને નવા ફુલ અને પાન આવે તે વસંત પંચમી, સદાય નિર્મળ જળ વહાવતી નદીઓ, બાળકોનો કિલકિલાટ, પંખીઓનો કલરવ, ગાયોને સીમ જતી-આવતી જોવાનો આનંદ – આ બધું જ પ્રાકૃતિક છે. સૌને ઉત્સાહ પ્રેરે છે.



*ચાલો, સવાર પડી. આકાશી ઉડાન ભરીને સવારની તાજી હવાની મજા માણી લઈએ.*

ગ્રામ્ય જીવનમાં આજે પણ આ પ્રવૃત્તિઓ હજુ પણ સચવાયેલી છે. જે આપણને કુદરતની વાસ્તવિક્તાના દર્શન કરાવે છે. કુંભાર માટલા, તાવડી, ગરબા, માટીના રમકડાં વગેરે બનાવતાં પ્રકૃતિની સેવા કરવાનો આનંદ મેળવે છે. તેજ રીતે લુહાર, સુથાર, દરજી, સોની, માળી, ઘાંચી, ભરવાડ, મણિયાર, સરાણિયો, પીંજારા દરેક કારીગર પણ પોતાના કામ દ્વારા લોકોની સેવા સાથે પ્રાકૃતિક આનંદ મેળવે છે.



*જળ પર સંતુલન જાળવીને હોડી કિનારે પહોંચે છે. માનવી પણ સંસારમાં જલકમલવત્ રહીને સંસારરૂપી સાગર પાર કરવા સંતુલન જાળવે તે જરૂરી છે.*

પરોઢિયે મંદિરની ઝાલર વાગતી હોય, મસ્જિદે બાંગ પોકારાતી હોય, સ્તુતિ, આરતી અને બંદગી જગદીશ્વરને ધરતી પર આવવા-પધારવા સૌને આશીર્વાદ આપવા રીઝવતા હોય, મંદ પવન લહેરાતો હોય, લોકો નાહી-ધોઇ તૈયાર થઇને દર્શને જતાં હોય અને તે પછી જ પોતાને કામધંધે ચડતા હોય તેમાં અનેરો આનંદ ઉત્સાહ જોવા મળતો હોય છે.

કાર્યનો શુભારંભ આનંદદાયક અને સંતોષપ્રદ હોય છે. જીવનની - આપણી આસપાસ હકારાત્મક ઉર્જા ઉદભવે છે.

સુંદર-સ્વચ્છ પોશાકમાં બાળકો, માતા-પિતા, દાદા-દાદી, વડીલોને, ઇષ્ટદેવી-દેવતાને વંદન કરીને શાળાએ જતા હોય, વૃદ્ધ સ્ત્રીઓ મંદિરના ચોગાનમાં પંખીને ચણ નાખતી હોય તેની સાથે ક્યારેક ક્યારેક આંગળી ઝાલીને આવતાં બાળકો પણ પંખીને ચણ નાંખતા હોય ત્યારે ભારતીય સંસ્કૃતિના સંસ્કાર પ્રાપ્ત કરતા બાળકોને જોઇ સૌ ધન્યતા અનુભવે છે. જીવનનો એક લ્હાવો છે.

વૃદ્ધો માળા ફેરવતાં હોય. યુવાનો મંદિરની પ્રદક્ષિણા કરતાં હોય, બ્રાહ્મણો વેદમંત્રોનું પઠન કરતાં હોય, ભજનો ગવાતા હોય ત્યારે આખું વાતાવરણ પ્રકૃતિસભર બની જાય છે અને એજ સાચું જીવન જીવવાની પ્રેરણા પણ આપે છે.

શેરીઓમાં બાળકો જુદી જુદી રમતો, ઘરિયા ઝારી, ગીલ્લીદંડા, સંતાકૂકડી વગેરે રમતોનો અવાજ ગૂંજતો હોય શાળામાંથી નવરા પડેલા બાળકો ટીવીને બદલે ફળિયા સંસ્કૃતિ વિકાસ પામે તેવી રમતો રમીને શેરીની એકતાને વધારતા હોય ત્યારે રમતની સાથે-સાથે સૌના સુખદુઃખથી માહિતગાર થવાતું. બાળકો જ સમાજનું ભાવિ ગણાય છે. નાના-મોટાના ભેદ ભૂલીને રમવાનો જે આનંદ મેળવાય છે. સૌને એક તાંતણે બાંધી રાખી, સૌ હળીમળીને સહકારથી જીવન વિતાવે. પ્રસંગે ઉપયોગી થવાનો આનંદ મેળવાતો હોય છે.



# 14 # SETU-NOV.-2011 # FINAL PROOF # 14 #

ઘરમાં વૃદ્ધોની સેવા થતી હોય, બાળકોને અવનવી વાર્તાઓ સાંભળવા મળતી હોય, હાલરડા ગવાતા હોય, મોકળાશભર્યા માહોલમાં બાળકોને છૂટથી રમવા મળતું હોય, યુવાન હૈયાના સ્વપ્નાંઓ હિલોળે ચડતા હોય, ઘરની સન્નારીઓ ઉત્સાહભર્યા માહોલમાં ઉત્તમ સ્વાદિષ્ટ રસોઇ તૈયાર કરીને હોંશે હોંશે પીરસતી હોય, મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત્ થતું હોય, ભગવાનની, પંખી-પશુઓની, પિતૃઓની સદ્‌ભાવનાપૂર્વક વંદના થતી હોય એ ઘર ખરેખર "ઘર મંદિર" છે, જ્યાં પ્રાકૃતિક આનંદની અનુભૂતિ થાય છે, જીવન સાર્થક થતું દેખાય છે.

પ્રકૃતિ હંમેશા પરિવર્તનશીલ છે. તે શાંત અને સૌમ્ય છે તેમ રૌદ્ર સ્વરૂપના દર્શન પણ કરાવતી હોય છે. જેમ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે, જીવનની ઘટમાળ ચાલ્યા કરે છે, તેમ પ્રકૃતિ પણ સર્જનાત્મક પ્રવૃત્તિની સાથે સાથે ક્યારેક ખંડનાત્મક ઘટનાઓને પણ સર્જે છે. જેમકે ધરતીકંપ, વાવાઝોડું, ઘોડાપુર, સુનામી, જ્વાળામુખીનું ફાટવું, રોગચાળો ફાટી નીકળવું. આ બધું જ દુઃખદાયી છે. કુદરતી આપત્તિઓ પણ કંઇકને કંઇક શીખવી જાય છે. નવસર્જન તરફ લઇ જાય છે. માનવીય ભૂલોનું જ્ઞાન કરાવી જાય છે. છતાં પણ તેમાંથી જ બેઠા થવાનો, ફરીથી આગળ વધવાનો સંદેશ અને તક દેતી જાય છે.



*કલકલ સુમધુર ધ્વનિ સાથે ખડકો પરથી વહેતું પાણી સુંદર ઝરણાનું સર્જન કરે છે.*

જીવનની ઘટમાળ, જે સતત ફર્યા જ કરે છે પરંતુ સુખદુઃખ – બન્ને સ્થિતિને જીરવી જીવાનું બળ પરમાત્મા પ્રદાન કરે છે. કસોટી કાળ દરેકનો હોય છે. તેમાંથી પસાર થવાની હિંમત જે કેળવી લે છે તેને વિષાદ વધુ પરેશાન કરી શકતો નથી. જે મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી સાહસિકતાથી આગળ આવે છે તેને માર્ગદર્શન પણ મળી જ રહે છે.

આપત્તિ વખતે ઉદ્યમ જ એકમાત્ર સહારો બની રહે છે. તેની સાથે-સાથે પણ આનંદને જાળવી રાખવાનું હોય છે. આનંદી સ્વભાવ દરેક સ્થિતિને સમભાવથી જ નિહાળે છે. જીવનના આનંદને કદી ઓસરવા ન દેવાય તો ક્યારેક તો કામમાં સફળતા અવશ્ય પ્રાપ્ત થાય જ છે.



*પ્રકૃતિમાં આનંદ છવાયો તો આપણે પણ સુંદર કળા કરીને આનંદ વ્યક્ત કરીએ.*

વર્તમાનમાં આજે માનવીની દોટ વૈશ્વિકરણ તરફ છે. દુનિયામાં વિકાસ સાધવા, લોકોને પણ દોડવું જ પડે છે. ભોગ પ્રધાન માનસિકતા અને વસતિવૃદ્ધિને લીધે મોંઘવારી, આતંકવાદ, ભ્રષ્ટાચાર, ધાર્મિક ઝનૂન, રાજકીય હલચલ - સત્તા પલટા અને કુદરતી આપદાઓ વગેરે પણ વસ્તી સાથે કુદકે ને ભૂસકે વધતાં જોવા મળે છે. આ સ્થિતિમાં માનવીએ ધીરજ ટકાવી રાખીને, સ્વાવલંબી બનીને, જરૂરીયાતો ઘટાડીને, નજર સમક્ષ દરેક સ્થિતિનું સમાવલોકન કરીને તેમાંથી જલકમલવત્ રહીને પણ જીવનનો આનંદ જાળવી રાખવાનો છે.

જળ પર સંતુલન જાળવીને હોડી કિનારે પહોંચે છે. માનવી પણ સંસારમાં જલકમલવત્ રહીને સંસારરૂપી સાગર પાર કરવા સંતુલન જાળવે તે જરૂરી છે.

મનમોહક સંધ્યા રંગોથી વધુ સુંદર લાગે છે. પરંતુ હવે તુરતમાંજ રાત્રિનો અંધકાર છવાઇ જશે તેવો સંકેત પણ તે ચારે તરફ ફેલાવવા લાગે છે.

ઋતુઓ બદલાય છે. તેમ સમાજના મૂલ્યો પણ બદલાતા રહે છે. માનવ જીવનમાં પણ અનેક પરિવર્તનો આવે છે. પરંતુ "સદાચાર" શાશ્વત છે.

દરેક ધર્મ "સદાચાર"ને જ પ્રાથમિકતા આપે છે. આપણા જીવનના સદાચાર સદ્‌કાર્યોની પ્રેરણા આપે છે અને આપણને જીવનનો ખરો આનંદ આપે છે.

વિજ્ઞાન અને વૈજ્ઞાનિક શોધોને કારણે માનવીય જીવનમાં વિક્ષેપ જરૂર થયો છે. તેમ સાથે સાથે માનવી આધુનિક જીવન જીવવાનો, સુખ સગવડોથી ભરપૂર આનંદ ઉઠાવવાનો તથા અનેક પડકારોને ઝીલવાનું બળ મેળવતો થયો છે. પરંતુ ઔદ્યોગીકરણને પગલે-પગલે જે બદીઓ વિકસી છે તેને નિયંત્રિત કરવાનો સમય પાક્યો છે. માનવી ગમે તેટલી વૈજ્ઞાનિક કે તકનીકી ક્ષેત્રે આગળ વધે પણ




# 15 # SETU-NOV.-2011 # FINAL PROOF # 15 #

આધ્યાત્મિક દૃષ્ટિ નહીં રાખે ત્યાં સુધી એને નૈતિક માનવ જીવનનો સાચો આનંદ નહીં મળે.

ટી.વી. કલ્ચર પર નિયંત્રણ જરૂરી છે. પુસ્તકોનું વાંચન વધારવાની જરૂર છે. સાથે-સાથે માનવીનું દરેક કાર્ય ભક્તિમય-ધર્મમય બનશે તો સદાચાર આપોઆપ પ્રગટશે. પ્રકૃતિના દરેક કાર્યો લયબદ્ધ છે તેવો અહેસાસ અત્યાર સુધી સૌને થયો છે. પરંતુ બદલાયેલા વાતાવરણે પ્રકૃતિના કાર્યોમાં પણ વિક્ષેપ પહોંચાડ્યો છે તે આપણને દેખાય છે. આજે નદી, તળાવ, સરોવર, ધરતી, દરિયો, ગાય, પંખીઓ, હવા વગેરે આપણને કંઇક કહે છે. તે કહે છે કે "હે માનવ તારે સાચો માનવીય - પ્રાકૃતિક આનંદ પ્રાપ્ત કરવો હોય તો ઉમદા કાર્યો તરફ આગળ વધ. સદાચાર અપનાવ અને સાચો માનવી બની બતાવ."

રોજબરોજના જીવનકાર્યો જિંદગીના પાનાને સજાવે છે. શણગારે છે જીવન યાદગાર બનાવે છે. સદ્‌ભાવના પ્રગટાવે છે. વિચારોને સુંદર અને આદર્શ બનાવે છે. નદીના ખળખળ વહેતા નીર જેવું જીવન આપણને કુદરતી લય આપે છે. આબાલવૃદ્ધ સૌ તેમજ પશુ-પંખી-જીવજંતુ પોતાની પ્રાકૃતિક પ્રવૃત્તિઓથી સુંદરતા પ્રાપ્ત કરે છે. પૃથ્વી પર જ સ્વર્ગ સમો આનંદ પ્રાપ્ત કરી શકે છે.

કાયમ યાદ રાખીએ : પ્રકૃતિથી અળગા થઇશું તો તે



*મનમોહક સંધ્યા રંગોથી વધુ સુંદર લાગે છે. પરંતુ હવે તુરતમાં જ રાત્રિનો અંધકાર છવાઈ જશે તેવો સંકેત પણ તે ચારે તરફ ફેલાવવા લાગે છે.*



***પુષ્પો સુંદરતાની સાથે સુગંધ પ્રસરાવે છે. હળીમળીને રહેતા પુષ્પો એકતાનો સંદેશ અને સુવાસ ફેલાવે છે.***



***આવો કરીએ વસંતના વધામણા!***
***જીવનને રંગોથી ભરીને પ્રકૃતિને મન ભરીને માણીએ.***

આપણને ફેંકી દેશે. પ્રકૃતિની સાથે રહીશું તો તે આપણને સ્વીકારશે. તો નૂતન વર્ષે આપણે સૌ એક બાબત જરૂર સમજી લેશું.

"ચાલો આપણે સૌ પ્રકૃતિ તરફ પાછા વળીએ કૃત્રિમ યાંત્રિક જીવનને ધીમે ધીમે છોડી દઈએ."

***"કલ કરે સો આજ કર, આજ***
***કરે સો અભી***
***જીવન પ્રાકૃતિક બન જાયેગા તેરા***
***કભી ન કભી***
***મન સે હારે, જીવન સે હારે,***
***હારે હૈ ન હમ સભી***
***ઉમ્મીદ બનાયેં જીયેંગે,***
***સુવર્ણકાલ હોગા કભી ન કભી"***

કામને આનંદમય બનાવવા પ્રાચીનકાળના સમયે

૧. સંત કબીર કાપડ વણતા વણતા ભજનો ગાતા.

૨. ભગત ગોરા કુંભાર માટીકામ કરતા કરતા માટી સાથે વાતો કરતા.

૩. ગુરુનાનક ખેતરની સંભાળ રાખતાં રાખતાં પંખીઓ સાથે વાતો કરતા. તેઓ કહેતા :

***રામકી ચીડિયા રામ કી ખેત***
***ખાલો ચીડિયાં ભર ભર પેટ.***

ક્યારેક ક્યારેક વર્તમાનકાળમાં શેરીમાં આવતા ફેરીયાઓ પોતાની સાથે લાવેલ વસ્તુઓના વેચાણ માટે સુંદર અવાજના લહેકા સાથે સર્વત્ર ફરે છે અને કામના આનંદને વધારે છે.

## GOOD THOUGHTS

★ Paper said to money, "You are just a piece of paper." Money smiled & said, "Yes, I am a piece of paper. But I haven't seen a dustbin in my life."

"Thats attitude"

## GREAT LINE BY ABDUL KALAM :-

"I am not a "HANDSOME". But I can give my "Hand" to "Some" one who needs help.

Beauty is in heart, not in face! SO become handsome.

# આપણાં પરિવારો : મણકો (૩)

તુલસીદાસ કંસારા

આ લેખમાળા શરૂ કરીને બીજો મણકો બહાર પાડ્યો ત્યારે એક ફોન આવ્યો કે આ બધી મજુરી તમે શા માટે કરો છો? મેં તેમની વાતનો મર્મ પકડવા કોશીષ કરી અને કહ્યું કે જુઓ વડિલ, પહેલાં આપણે ત્યાં રાજસ્થાનથી ભાટ આવતા. દરેકને ઘેર જઇને વિગતો પૂછી પોતાના ચોપડાઓમાં લખતા અને એમ આખી જ્ઞાતિનો રેકોર્ડ એક જગ્યાએ રહેતા. હવે એ લોકો તો આવતા નથી, તેથી આ કોમ્પ્યુટર જો ભાટનું કામ કરી આપતું હોય તો મારે થોડા પ્રયત્નો કરવાના છે, જ્ઞાતિ ભાઇ-બહેનોએ પોતપોતાના કુટુંબોની માહિતી આપવાની છે અને મારે આંગળીઓ ચલાવવાની છે, જેથી ભવિષ્યની પેઢીઓને કંઇ જાણવું હોય તો તેમને સંદર્ભ મળે.

હવે, આ મણકામાં આપણે અંજારથી જયાબેન કાકુભાઇ બુદ્ધભટ્ટીએ મોકલાવેલી પૂરક માહિતીને સહારે, આ લેખમાળા જેમની સાચવી રાખેલી એક ચબરખીથી શરૂ થયેલ છે, તે સ્વ. શ્રી પ્રાગજી નાનજી ડોસાના ત્રણ કાકાઓ લધા, ગોવિંદજી અને દેવશીમાંથી ગોવિંદજી ડોસાના પરિવાર વિશે વાત કરીશું. અને તે સાથે જેમ જેમ માહિતી મળતી જશે તેમ તેમ મુખ્યતંત્રીના સૂચન મુજબ દિકરીઓ વિશેની વાતો પણ તેમના ઉલ્લેખ સાથે કરતા જઇશું.

આ ગોવિંદજીની વાત કરીએ તો તેમને છ સંતાનો હતા. જેમાં જમનાબેન અને ગંગાબેન નામે બે પુત્રીઓ તેમજ પ્રેમજીભાઇ, પુરૂષોત્તમભાઇ, હરીરામ અને દેવરામભાઇ નામે ચાર પુત્રો હતા. પ્રેમજીભાઇ કદાચ કરાંચીથી માધાપર (કચ્છ) થઇ અમદદાવાદ આવી વસેલ હતા અને તેમના લગ્ન માધાપર મુકામે થયાનું મને યાદ છે. તે સિવાય તેમને અન્ય ચાર પુત્રીઓ, કંકુબેન (ભુજમાં રહે છે), તારાબેન (ધનસુરા રહે છે) લીલાબેન (તલોદ રહે છે) અને પુષ્પાબેન (કદાચ જામનગર રહે છે) તેમજ મોટા પુત્ર સ્વ. જમનાદાસભાઇ અને નાના કાકુભાઇ (અંજાર રહે છે, જેમના પત્ની જયાબેને કાળજી લઇને આ પૂરક માહિતી મોકલાવેલ છે).



શ્રી કાકુભાઇની ત્રણ દિકરીઓમાંથી ગીતાબેનને અમદાવાદમાં ગોદાવરી જ્વેલર્સવાળા કુટુંબમાં પંકજભાઇ સાથે પરણાવેલ છે અને બાકીની બે બહેનોના નામ છે રેખાબેન તથા હર્ષાબેન. જેમની વધારાની વિગતો મળ્યેથી ઉમેરવામાં આવશે. તેમના બે પુત્રો અતુલભાઇ અને ભરતભાઇ. અને અતુલભાઇને એક પુત્રી હેમાંશી અને એક પુત્ર રાહુલ. આ રાહુલ શ્રી સતીમાંનો નવમી પેઢીએ પુત્ર થાય અને જેમના નામ પરથી દામણી ઓળખ આવી છે તે દામજીભાઇનો આઠમી પેઢીએ પુત્ર થાય.

આજ પરિવારમાં, શ્રી પ્રેમજીભાઇના ભાઇ પુરૂષોત્તમભાઇના વિસ્તારમાં જોઇએ તો, તેમને બે પુત્રીઓ, ગુલાલબેન અને પુંજીબેન અને પાંચ પુત્રો ધનજીભાઇ, જેઠુભાઇ, ત્રિકમભાઇ, ભગવાનજી અને રસિકભાઇ. રતનકાકી જેઓ આ સાત સંતાનોના માતુશ્રી થતા તેઓ મને યાદ છે કે હું ત્રણ-ચાર વરસનો હતો ત્યારે અમારી બાજુમાં અંજારીયા ફળીયા (ભુજ)માં રહેતા હતા. અને વરસો પછી, તેમના પુત્ર ભગવાનજી, જે એક સારા સ્કૂટર મિકેનીક હતા તેમને ત્યાં હું મારું લેમ્બ્રેટા મૂકી આવેલ તેને નવા રંગ-રૂપ આપી, રિનોવેટ કરીને મને અમદાવાદમાં ૧૯૭૭-૭૮માં ડિલીવર કરવા આવેલ. પુંજીબેનના પુત્ર શ્રી સૂર્યકાંતભાઇ, નવનીતલાલ એન્ડ કંપની નામની અમદાવાદની મોટી ઍડ એજન્સીમાંથી સારા હોદ્દા ઉપરથી નિવૃત્ત થઇને અમદાવાદના મંડળમાં અત્યારે સક્રિય કામગીરી બજાવે છે.

શ્રી પ્રેમજીભાઇના ત્રીજા ભાઇ હરીરામભાઇને પાંચ પુત્રીઓ અને ત્રણ પુત્રો ભૂપત, રમેશ અને અનંત. તેમજ ચોથા ભાઇ દેવરામભાઇને બે પુત્રો સુરેશ અને હસમુખ. હરીરામભાઇની પાંચ દિકરીઓના નામ તેમજ અન્ય વિગતો ન હોવાથી અત્યારે માત્ર ઉલ્લેખ જ કરેલ છે.

આમ અત્યાર સુધીમાં આપણે પ્રાગજી-નાનજીના પરિવારની અત્યાર સુધીની માહિતી મણકા એકમાં મૂકેલ છે. કેશવજી-પ્રેમજી-દયાળજી-કુંવરજીની માહિતી મણકા બે માં સાંકળેલ છે અને અહીં નાનજીભાઇના ત્રણ ભાઇઓના પરિવારને સ્થાન આપેલ છે. આમ છતાં આ સર્વે પરિવારોની પૂરક માહિતી આવકાર્ય છે.

- **કોટડિયા પરિવારોને પોતપોતાના કુટુંબોની માહિતી આપવા વિનંતીઃ**

આવીજ રીતે બુદ્ધભટ્ટી દામાણી પરિવાર સિવાયના પરિવારોની વાત કરીએ તો છૂટાછવાયા લેખો આપણા સેતુમાં તેમજ અન્ય જગ્યાએ પણ ઉપલબ્ધ હશે, પરંતુ જ્યારે વંશાવળીની વાત કરીએ ત્યારે તો તે રસ ધરાવતા કુટુંબોના વડિલો પાસેથી મળી શકે. થોડી વિગતો પોમલ્સ પરિવારની મળેલ છે, જે વસ્તીની દૃષ્ટીએ આપણા સમાજમાં બીજા નંબરનું સ્થાન ધરાવતી ઓળખ છે. તે વિશે મારી પાસેની જાણકારી મુજબ અહિં શરૂઆત કરૂં તે પહેલાં સેતુના ગયા અંકમાં પરેશકુમારનો સ્વ. મથુરાદાસ કોટડિયાના કુટુંબનો, જબલપુરના એક માત્ર કોટડિયા પરીવારની માહિતીની જેમ અન્ય કોટડિયાઓમાં મારી જાણ મુજબ એક તો અમદાવાદ-ગાંધીનગર મંડળના પ્રમુખ કોટડિયા છે, તેમજ ઉપર વાત કરી તે દમુબેન પણ કોટડિયા પરિવારમાં છે. જે મૂળ પરિવાર આફ્રિકામાં વસે છે અને નરેન્દ્રભાઇ તેમના ફેમીલી સાથે ઇદી-અમીનના સમયમાં દિલ્હી આવીને પ્રથમ ટી.વી. ઉપર હાથ અજમાવેલ, કારણકે ત્યારે બ્લેક એન્ડ વ્હાઇટ ટી.વી.નો જમાનો હતો અને વાલ્વવાળા મોટા ટી.વી. આવતા હતા. અને ત્યારબાદ પોતાના પરંપરાગત જ્વેલરીના બિઝનેસમાં સ્થાયી થયા. તો આ અને આવા અનેક દેશ કે પરદેશમાં વસતા પરિવારો

પોતપોતાની માહિતી આ લેખમાળાના પ્રથમ મણકામાં આપેલ ટેબલ મુજબ ઇ-મેઇલ કે પત્ર લખીને આ લખનારને મોકલાવી શકે છે.

અને હવે, મારી પાસેની પોમલ પરિવારની માહિતી નીચે આપેલ છે, અને તેનું બેકવર્ડ તેમજ ફોરવર્ડ સંકલન, મતલબ તે પહેલાની પેઢી અને આપેલ નામોના વંશવેલાની માહિતી મોકલાવી તેઓ આપણા સેતુનો હેતુ બર લાવવામાં પોતાનો વૈચારિક ફાળો આપશે.

- **પોમલ્સ :**

પોમલોમાં એક પરિવાર માધવજી પ્રેમજીભાઇ પોમલ - ઝવેરીનો. તેઓ મુખ્યત્વે ઝવેરાતના વેપારને કારણે મુંબઇ વસતા હતા અને પરિવાર ભુજમાં પીપળા ફળિયામાં. મુંબઇમાં તેમની પેઢી એટલે દરેક કંસારાને ઉતરવાનું સ્થળ. તેમને નવ સંતાનો, જેમાં એક પુત્રી ભચીબેન અને આઠ પુત્રો. જેમના નામ (૧) મીઠુભાઇ, (૨) માવજીભાઇ, (૩) ખીમજીભાઇ, (૪) વેલજીભાઇ, (૫) કેશવજીભાઇ, (૬) લાલજીભાઇ, (૭) ચુનીલાલભાઇ અને (૮) નાનાલાલભાઇ.

અને આ વંશ નીચે મુજબ આગળ વધેલ છે.

(૧) મીઠુભાઇ - ને ત્યાં બે પુત્રો જટુભાઇ અને જેન્તિભાઇ તેમજ ચાર પુત્રીઓ - પદ્મમણી, કસ્તુરી, બબુબેન અને સવિતાબેન.

(૨) માવજીભાઇને સાત સંતાનોમાં ચાર પુત્રીઓ- કબુબેન, ત્રિવેણીબેન, ધનુબેન અને મુક્તાબેન તેમજ ત્રણ પુત્રોમાં મનસુખભાઇ, મોતીલાલભાઇ અને તેમના મોટાભાઇ.

(૩) ખીમજીભાઇના એક પુત્ર ધનજીભાઇ અને એક પુત્રી માકુબેન.

(૪) વેલજીભાઇને ત્યાં ચાર સંતાનોમાં જયંતીભાઇ અને રાજેન્દ્રભાઇ તેમજ દયાકુંવરબેન અને પ્રેમીલાબેન.

(૫) કેશવજીભાઇને ઘેર ત્રણ પુત્ર અને ત્રણ પુત્રીઓ - નવીનભાઇ, કનુભાઇ અને નરેન્દ્રભાઇ, જયોતિબેન, અનિલાબેન અને ભાવનાબેન.

(૬) ચુનીલાલભાઇને ત્યાં ધીરજલાલ, મોહનલાલ, ભરત અને વિજય નામે ચાર પુત્રો અને સુભદ્રા દિકરી.

(૭) લાલજીભાઇને માત્ર એક પુત્ર હર્ષદભાઇ.

(૮) નાનાલાલભાઇને બે સંતાનોમાં કિશોરભાઇ અને જયશ્રીબેન.

(૯) ભચીબેનના સંતાનોમાં એક પુત્ર રમેશભાઇ અને ત્રણ પુત્રીઓ.

- **સુરખાબનું પેઇન્ટીંગ - એક સચવાયેલ યાદ :**



ઉપર જણાવેલ નામોમાંથી આગળ વાત કરીએ તો સાતમા નંબરે લખેલ લાલજીભાઇના નામથી તો આપણી જ્ઞાતિ માત્ર નહિં પણ ગુજરાત અને મુંબઇ પણ 'ચિત્રલેખા'ના વજુભાઇ કોટકના મિત્ર તરીકે અને એક નામાંકિત ફોટોગ્રાફર એલ. એમ. પોમલ તરીકે આજે પણ અનેક લોકો યાદ કરે છે અને સેતુમાં પણ તેમના વિશે અવાર-નવાર ઉલ્લેખ થતા રહે છે. અહીં તેમની યાદગીરી રૂપે મારી પાસે સચવાયેલ એક સુરખાબના પેઇન્ટીંગનો ફોટો આપેલ છે. તેઓ પોતાની ફુરસદમાં ફોટોગ્રાફી અને કવિઓ સાથેની સંગત ઉપરાંત પેઇન્ટીંગ પણ કરતા હતા તે કદાચ ઘણા લોકોને ખ્યાલ ન હોય તે સ્વાભાવિક છે. પોમલ પરિવાર તેમજ અન્ય કંસારા જ્ઞાતિમાં અત્યારે અનેક કુટુંબોનો મુખ્ય વ્યવસાય ફોટોગ્રાફી થયેલ છે તેમાં તેમની પ્રેરણાનો મુખ્ય ફાળો છે.

અને પાંચમાં નંબરે ઉલ્લેખિત શ્રી કેશવજીભાઇ અત્યારે સમયના વહેણ અને સંજોગોની મજબૂરીને કારણે લગભગ લુપ્ત થઇ ગયેલ મીનાકારી કામના છેલ્લા કારીગર કે કલાકાર હતા. તે ગુણની દૃષ્ટિએ મૂલવીએ તો મીનાકારીનું કામ તેમને શોધતા આવતું, નહિ કે તેમને પોતાની દુકાનની બહાર તેના માટે પગ મૂકવો પડતો. પછી ભલે તે રાજા-મહારાજા કે રા-બાવાના કામ કેમ ન હોય! તેમને મોઢેથી સાંભળેલ એક નાની વાત અહીં મૂકી દઉં. રાજ પલટા પછી કલેક્ટરે એક વખત કહેણ મોકલાવ્યું તો તેમણે જવાબ મોકલાવ્યો કે તમારે મારું કામ હોય તો તમારે મારે ત્યાં આવવું જોઇએ. મારે હાલે તમારું કોઇ કામ નથી એટલે અત્યારે આવી શકાશે નહીં. આવી ખુમારી આપણા કારીગરો તેમજ કલાકારો બન્નેમાં જોવા મળે છે, પરંતુ કારીગરોમાં જોવા મળતી બીડી પીવાની ટેવ સિવાય અન્ય કોઇ આદત તેમણે રાખેલ ન હતી, અને પોતાના હસ્તેજ, પોતે બેસતા તે દુકાન જ્ઞાતિને અર્પણ કરી ગયા.

- **દિકરીઓની માહિતીનો પણ સમાવેશ :**

હવે આપણે મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઇના સૂચનને ખ્યાલમાં રાખી



# 18 # SETU-NOV.-2011 # FINAL PROOF # 18 #

દિકરીઓને પણ સ્થાન આપીએ તો કેશવજી-પ્રેમજી-દયાળજી-કુંવરજીને ત્યાં ત્રણ પુત્રો સાથે ત્રણ પુત્રીઓ પણ હતી, જેમાંથી સૌથી મોટાં લક્ષ્મીબેન અમદાવાદ ઘી-કાંટા રહેતા હતા, અને તેમના હુલામણા નામ લવિંગાબેન તરીકે ઓળખાતા હતા. તેમને એક પુત્ર ચુનીલાલ અને એક પુત્રી ચંપાબેન હતાં. ચુનીલાલભાઇને બે પુત્રો નામે પ્રકાશ અને દેવદાસ અનુક્રમે અમદાવાદ અને સુરતમાં સ્થાયી છે. પ્રકાશભાઇનો સાયકલ સ્પેરપાર્ટનો હોલસેલનો બિઝનેસ છે જ્યારે દેવદાસ હીરા બજારમાં કામકાજ કરે છે. એક દિકરી ઘીકાંટા-અમદાવાદ રહે છે. લવિંગાબેનની દિકરી રાજકોટ ગોકલદાસ ત્રિભોવનદાસ વંથલીવાળા સાથે વળાવેલ, જેમની મુખ્ય દુકાન પરાબજારમાં કંસારા જેસુખલાલ ગોકલદાસ તરીકે જૂની અને જાણીતી છે, જ્યાં તેઓ બેસતા અને હસતે હસતે વાસણોનો વેપાર કરતા. આજે તો તેમની પેઢીમાં છોકરાઓએ સારી પ્રગતિ કરેલ છે અને રાજકોટમાં કારખાના તેમજ દુકાનોની હારમાળા છે. તેમની એક દિકરી થાણાવાળા લક્ષ્મીદાસભાઇ પોમલના પરિવારમાં છે.

કેશવજીભાઇની બીજી દિકરી સાકરબેન નડિયાદના તે સમયના એક માત્ર મારૂ કંસારા નાગરદાસ વનમાળીદાસ પવારની સાથે વળાવેલ. તેમને ત્યાં પાંચ પુત્રીઓ અને ત્રણ પુત્રો, નામે મનેશચંદ્ર-ઉર્ફે બાબુભાઇ જેઓ આફ્રિકા થઇને લંડનમાં, પિતાશ્રી તરફથી મળેલ સંગીતનો વારસો જાળવતા હતા, અને તેમના એક પુત્ર અત્યારે અમેરિકામાં છે અને બીજા લંડનમાં. સાકરબેનના બીજા પુત્ર મધુસૂદન બેંક ઓફ ઇંડિયામાં હતા અને તેમના ત્રણ પુત્રોમાંથી બે ફોટોગ્રાફી તેમજ સંગીતનું કામકાજ કરે છે અને એક બેંક ઓફ ઇંડિયામાં છે. તેમજ ત્રીજા પુત્ર ચંદ્રકાન્તભાઇને પણ વારસામાં સંગીત પિતાશ્રી તરફથી અને ચિત્રકામ મોસાળ તરફથી મળેલ છે, જેઓ હમણાંજ અમદાવાદની પ્રખ્યાત સ્કૂલ સી.એન. વિદ્યાલયની આર્ટ સ્કૂલમાંથી પ્રિન્સીપાલનો હોદ્દો ભોગવીને નિવૃત્ત થયેલ છે. અને જો કેશવજીભાઇની ત્રીજી અને સૌથી નાની દિકરી કમળાબેનની વાત કરીએ તો તેમના લગ્ન મુંબઇ બાંડિયાવાળા પરિવારમાં બાબુભાઇ સાથે થયેલ અને બે પુત્રીઓ- દમુબેન અને તારાબેનના જન્મ પછી નાની વયમાં તેમનો દેહાંત થયેલ. દમુબેનના દિકરાઓ અત્યારે દિલ્હીમાં જ્વેલરીનો બિઝનેસ કરે છે અને તારાબેન મુંબઇ રહે છે.

- **એક એસ.એમ.એસ. :**

  *You give but little, when you give your possessions,*
  *It is when you give yourself, that you truly give.*

  **- Khalil Gibran**

<u>**તા.ક.**</u> : *ઉપર આપેલ માહિતીમાં સુધારો અને વધારો સૂચવવા માટે tulsi_66@yahoo.in ઈ-મેઈલનો ઉપયોગ કરવા માટે વિનંતી. તેમજ આ કોલમને રસપ્રદ બનાવવા માટે પોત-પોતાની પેઢીના વડવાઓ કે પુત્ર-પુત્રીઓએ મેળવેલ સિદ્ધીને લગતા દસ્તાવેજો, ફોટોગ્રાફ્સ વિગેરે મોકલવા ખુલ્લું આમંત્રણ છે. જેથી દરેક પરિવારની એક સુગ્રથિત માહિતીનો સેતુ આપણા 'જ્ઞાતિસેતુ'માં રચાય. ફેસબુક ઉપરના દરેક ગ્રુપમિત્રોને વિનંતી કે પોતપોતાના પરિવારની વંશાવલી તૈયાર કરીને મને ઉપરના સરનામે ઈ-મેઈલથી મોકલાવી ફેસબુક ઉપર જાણ કરે.*

## આટલું યાદ રાખીએ

| | |
|---|---|
| સૌથી મોટી પંગુતા છે.... | ભય |
| સૌથી મોટી ખોટ છે.... | ઉત્સાહ ગુમાવવો |
| સૌથી સરસ દિવસ છે.... | આજ! |
| સૌથી મોટી જરૂરિયાત છે.... | સામાન્ય બુદ્ધિ |
| સૌથી સરળ કામ છે.... | બીજાના દોષને શોધવા |
| સૌથી હલકી લાગણી છે.... | કોઇની સફળતાની ઈર્ષ્યા આવવી. |
| સૌથી ખરાબ ગુણ છે.... | અભિમાન |
| સૌથી ઉત્તમ ભેટ છે.... | ક્ષમા |
| સૌથી મોટી ભૂલ છે.... | જીંદગીમાં નાસીપાસ થવું, ધ્યેય પ્રાપ્તિના પ્રયત્નો છોડવા |
| સૌથી ઉત્તમ ક્ષણ છે.... | મૃત્યુની |

સૌથી ઉત્તમ રાહતની લાગણી છે....સારી રીતે કાર્યને પૂર્ણ કરવું

સૌથી ઉત્તમ જ્ઞાન છે.... ભગવાનની અનુભૂતિ

દુનિયાની સૌથી ઉત્તમ વસ્તુ છે.... સ્નેહ!

*ગોહિલ કોમલ જયસુખલાલ - મીરજાપુર, ભુજ*

## જાણવા જેવું

★ કેલિફોર્નિયામાં આવેલું સિક્વોઇયા નામનું વૃક્ષ એટલું મોટું છે કે તેના થડમાંથી મોટર જેવા વાહનોને જવા આવવાના માર્ગ કાઢવામાં આવે છે.

★ કોકોદ મેર નામની વનસ્પતિનું બીજ સૌથી વધુ વજનદાર છે. જેનું વજન ૨૦ કિ.ગ્રા. છે.

★ સૌથી વધુ ઘોંઘાટ કરતું પ્રાણી દક્ષિણ અમેરિકામાં છે. જેનું નામ ભૂકતું વાંદરું છે. એનો અવાજ ૧૬ સે.મી. સુધી સંભળાય છે.

★ સ્પેનના માકિડ પ્રાંતના સેરવેરા ગામમાં વસતા તમામ માણસોના હાથે ને પગે છ-છ આંગળીઓ છે.

★ મોરોક્કોના પ્રધાનમંત્રી હાજી મોહમ્મદ અલમકરી ૧૧૪ વર્ષની ઉંમરે ૧૯૫૫માં ફ્રાન્સના સરકારને મળવા જાતે જ વિમાન ચલાવીને પેરિસ ગયા હતા.

★ સૂટી પક્ષી એક વન્ડર પક્ષી ગણાય છે કારણકે તે સતત ૩ વર્ષ સુધી ઉડી શકે છે.

અતુલ સોની

# ટુરીઝમ હોસ્પિટાલીટી અને ઈવેન્ટ મેનેજમેન્ટ

*એસ.કે. ટુરીઝમ પ્રાઈવેટ લીમીટેડ - ભુજની વેબસાઈટ, ઈ-મેઈલ તેમજ એના ડાયરેક્ટર શ્રી સુનીલ સોની સાથેની વાતચીત દ્વારા મેળવેલી વિગતોનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે. તદુપરાંત એમની કંપનીની નોંધ લેતા 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને 'દિવ્ય ભાસ્કર'માં સમાચાર / લેખ પ્રકાશિત થયેલ છે, જેના પરથી કચ્છમાં ટુરીઝમ ક્ષેત્રે વ્યવસાયની વિપુલ તકોનો આછેરો ખ્યાલ મળી શકે છે.*

*– અતુલ સોની*



શ્રી સુનીલભાઈ ભુજના વતની છે. એમના પિતાશ્રી કિશોરભાઈ લખમશી નાનજીની ભુજમાં સોના ચાંદીના આભૂષણોની દુકાન છે. સત્તાવીસ (જન્મ વર્ષ ૧૯૮૪)ના સુનીલે હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ કર્યો છે. એમણે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ તેમજ જામનગરની ઈરવીન હોસ્પિટલમાં ઓર્થોપેડિક્સ (અસ્થિ વિજ્ઞાન)ની શાખામાં પેરા મેડિકલનો અભ્યાસ કર્યો. એનાથી અગાઉ સુનીલે 'ઈન્સ્ટ્રુમેન્ટેશન'ની પણ થોડી તાલીમ મેળવેલ હતી.

સુનીલને સ્વભાવગત નોકરીમાં રસ નહોતો. એને એનો પોતાના વ્યવસાય કરવો હતો. વિવિધ સ્થળે ફરવાનો શોખ ધરાવતા સુનીલને યોગાનુયોગ ટુરીસ્ટ બસ વ્યવહાર અને ટુરીઝમ ક્ષેત્રે કાર્યરત લોકોનો સંપર્ક થયો. એમાંથી રસ્તો શોધતાં એમને International Air Transport Association (IATA) દ્વારા વોશિંગ્ટન (યુ.એસ.એ.)માં આયોજીત ૧૫ દિવસની તાલીમ શિબિરમાં ભાગ લેવાની તક મળી. આ બધા અનુભવોના નિષ્કર્ષ રૂપે સુનીલની એસ.કે. ટુરીઝમ કંપનીના ભુજ ખાતે શ્રીગણેશ થયા.

*આ અંકથી આપણે એક નવી શ્રેણીનો આરંભ કરીએ છીએ. સોના ચાંદી તેમજ અન્ય ધાતુઓના ભાવ આસમાને જતાં આપણઆ ત્રાંબા, પિત્તળ અને કાંસાના વાસણો તેમજ સોના - ચાંદીના આભૂષણોના પરંપરાગત કસબમાં ભારે ઓટ આવી ગઈ છે. યંત્રીકરણને કારણે થતા બહોળા ઉત્પાદન સામે વ્યક્તિગત કસબ આધારીત, હસ્તકળા ઉદ્યોગો હરીફાઈ કરી શકે તેટલા સક્ષમ નથી. ડિઝાઈનર વેરની માંગ મર્યાદિત છે. આ સંયોગોમાં આપણી નવી પેઢી સ્વાભાવિક રીતે જ વ્યવસાયિક વિકલ્પો શોધવા અને અજમાવવા લાગે. સમયની આ માંગને લક્ષ્યમાં રાખી, આ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. જેના અંતર્ગત વૈકલ્પિક વ્યવસાય ક્ષેત્રે જેમણે અગ્રસ્થાન જમાવ્યું છે, તેવા અને જેઓ અવનવા ક્ષેત્રે સાહસ કરી રહ્યા છે તેવા નવોદિતોના અનુભવો પ્રસ્તુત કરવામાં આવશે. આયોજન એવું છે કે એક અંકમાં નવોદિત અને બીજા અંકમાં સ્થાપિત ઉદ્યમ વિશે રૂબરૂ, પત્ર, વેબસાઈટ કે ટેલીફોનીક સંપર્ક દ્વારા મેળવેલી મુલાકાતોનો સંક્ષેપ પ્રસ્તુત કરવામાં આવશે.*

*આશા છે, ઉદ્યમીઓ, ખાસ કરીને નવોદિતોના અનુભવો આપણા સમાજની પાંગરતી પેઢીને પ્રેરણાદાયક રહેશે તેમજ એમને અનેક અવનવા વ્યવસાય - રોજગારની ઉપલબ્ધ તકોની જાણકારી મળશે.*

*સાથે સાથે આપણા સમાજના ઉદ્યમ સાહસિકોને અનુરોધ છે કે તેઓશ્રી એમના ઉદ્યમ વિકલ્પ વિશેની માહિતી 'સેતુ'માં પ્રકાશન હેતુ મોકલે.*

*– મુખ્યતંત્રી*

છેલ્લા પાંચ વર્ષથી આ વ્યવસાય સાથે સંકળાયેલા અત્યારે એમની કંપની ગુજરાત ટુરીઝમ ડેવલપમેન્ટ સોસાયટીની કચ્છ ખાતેની એકમાત્ર ઓથોરાઈઝ્ડ ટુર ઓપરેટર કંપની છે.

તદુપરાંત એમની કંપનીએ ટુરીઝમ ક્ષેત્રના અલગ અલગ મોટા પ્રોજેક્ટ્સ પણ સફળતાપૂર્વક કર્યા છે. આ પ્રોજેક્ટ્સમાં વર્લ્ડ બેંકની "MIGA" પ્રોજેક્ટનું ભારત ખાતેનું ૨૨ દિવસનું ટુર પેકેજનું મેનેજમેન્ટ, સ્વામિનારાયણ સંપ્રદાય આયોજીત દેશ વિદેશમાં અલગ અલગ યોજાયેલા કાર્યક્રમમાં ટુર મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ટિકીટીંગ આદિનું કાર્ય એમણે સંભાળેલ હતું. ગત વર્ષે આયોજીત "રણોત્સવ"ની બધી ટ્રાવેલ એમની કંપનીએ સંભાળી હતી. એમની કંપનીની કાર્યશૈલીથી પ્રભાવિત થઈને "Economic Development Forum" જેવી અગ્રણી સંસ્થાએ વર્ષ ૨૦૧૧માં બેંગકોક ખાતે ટુરીઝમ ક્ષેત્રના Tourism And Hospitality Excellence એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

દુબઈ, સીંગાપોર સહિત ૩૬ બ્રાંચોનું વિશાળ કાર્યક્ષેત્ર સાથે સુનીલે ગર્વપૂર્વક કહ્યું કે પૂ. મોરારી બાપુની વિદેશમાં થતી રામકથાઓનું ટ્રાવેલ મેનેજમેન્ટ પણ એ સંભાળે છે. તદુપરાંત એમની કંપનીએ હવે ટુરીઝમની સાથે સાથે હોસ્પિટાલીટી અને ઈવેન્ટ મેનેજમેન્ટના કાર્યક્ષેત્રમાં પણ ઝંપલાવેલ છે.

સુનીલની કંપની હવે પોતાની ટુર ઈટીનરી સાથે હોસ્પિટાલીટી અને ઈવેન્ટ મેનેજમેન્ટને લગતી પ્રવૃત્તિઓ સંભાળે છે.

આ વ્યવસાયમાં આપણા યુવાનો કે યુવતીઓ માટે કેવી તકો છે? તેના ઉત્તરમાં સુનીલે કહ્યું કે, ઔદ્યોગીકરણના પગલે તેમજ પ્રવાસન સ્થળ તરીકે વિકસતા કચ્છમાં 'ટુરીઝમ' હોસ્પિટાલીટી અને ઈવેન્ટ મેનેજમેન્ટ, ત્રણે ક્ષેત્રે વ્યવસાય તેમજ રોજગારીની વિપુલ તકો છે. ટુર ઓપરેશન ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા પૂરતો સીમિત નથી. એ માટે ગાઈડ તેમજ સ્થાનિક મેનેજરો આવશ્યક હોય છે. એજ રીતે હોસ્પિટાલીટી માટે પણ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

"જ્ઞાતિસેતુ" પરિવારના નીચેના સભ્યોના અંકો સતત પરત આવી રહ્યા છે. તેઓના સરનામામાં ફેરફાર થયેલ હોય તો પોસ્ટકાર્ડ દ્વારા જણાવવા વિનંતી છે. હાલમાં તેઓના વર્તમાન સરનામે અંક મોકલવાનું બંધ કરેલ છે. જેની નોંધ લેવા વિનંતી છે.

| સભ્ય ક્રમાંક | નામ | |
|---|---|---|
| ૪ | વસંત પ્રેમજી પોમલ | ભુજ, કચ્છ |
| ૩૬ | હિંમતલાલ એલ. પોમલ | થાણા (મહારાષ્ટ્ર) |
| ૪૫ | ચાંદનીબેન વ્રજલાલ બીજલાણી | થાણા (મહારાષ્ટ્ર) |
| ૪૮ | ઈશ્વર વિશ્રામ સોની | પાટણ (ગુજરાત) |
| ૫૦ | જમનાદાસ પોપટલાલ પરમાર | કોડીનાર (જુનાગઢ) |
| ૮૩ | રામદાસ લખમશી સોની | અંજાર, કચ્છ |
| ૧૪૮ | હરીશભાઈ ચંદ્રકાંત કંસારા | અંજાર, કચ્છ |
| ૧૫૩ | ચીમનલાલ રવજી બુધ્ધભટ્ટી | અંજાર, કચ્છ |
| ૧૮૧ | મહેન્દ્ર વિઠ્ઠલદાસ છત્રાળા | અંજાર, કચ્છ |
| ૧૮૩ | શંકરલાલ છગનલાલ મહીચા | અંજાર, કચ્છ |
| ૨૬૮ | ચંદ્રકાંત સી. પરમાર | વડોદરા |
| ૨૮૨ | ભરત નરશીભાઈ સાકરીયા | રાયપુર (છત્તીસગઢ) |
| ૨૯૬ | દયારામ હરીલાલ બીજલાની | ભુજ, કચ્છ |
| ૩૨૪ | નિખિલ પ્રેમજીભાઈ પોમલ | ભુજ, કચ્છ |
| ૩૨૮ | શાંતિલાલ મીઠુભાઈ સોની | દહીંસરા, ભુજ |
| ૩૪૩ | સુરેન્દ્ર માવજી સોની | ભુજ, કચ્છ |
| ૩૫૦ | અરૂણભાઈ ટી. કંસારા | ગાંધીધામ, કચ્છ |
| ૩૫૬ | પ્રાણલાલ જે. સોલંકી | ગાંધીધામ, કચ્છ |
| ૪૧૮ | ભરતભાઈ વિશનજી કટ્ટા | નખત્રાણા, કચ્છ |
| ૪૭૧ | હરેશ ભીમજીભાઈ સોની | નરોડા, અમદાવાદ |
| ૫૩૯ | નરેન્દ્ર ડી. સોની | દયાપર, નખત્રાણા, કચ્છ |
| ૫૫૩ | રમેશભાઈ લક્ષ્મીદાસ બારમેડા | અંજાર, કચ્છ |
| ૫૫૪ | ભાણજીભાઈ ચુનીલાલ સોની | નાગપુર (મહારાષ્ટ્ર) |
| ૫૭૭ | શશીકાંત ગાંગજી સોની | નખત્રાણા, કચ્છ |

| સભ્ય ક્રમાંક | નામ | |
|---|---|---|
| ૫૮૯ | પ્રભુલાલ વી. સોની | મુલુંડ, મુંબઈ |
| ૬૧૧ | ડાયરેક્ટર - માહિતી ખાતુ | ગાંધીનગર, ગુજરાત |
| ૬૩૧ | સુનીલ એસ. બીજલાણી | વડોદરા |
| ૬૪૧ | સુરેશભાી વલ્લભદાસ હેડાઉ | માંડવી, કચ્છ |
| ૬૫૫ | ઈંદીરાબેન એમ. પોમલ | અંજાર, કચ્છ |
| ૬૬૯ | કાર્તિક નવીનચંદ્ર બારમેડા | અંજાર, કચ્છ |
| ૬૭૨ | કમલેશ મીઠુભાઈ કંસારા | અંજાર, કચ્છ |
| ૭૦૪ | રમેશભાઈ એચ. પરમાર | હૈદ્રાબાદ (આંધ્ર પ્રદેશ) |
| ૭૧૩ | વસંતકુમાર લાલજી સોની | ભુજ, કચ્છ |
| ૭૨૮ | જયરામભાઈ સોની | જેતપુર, રાજકોટ |
| ૭૮૯ | પ્રવીણભાઈ ઘેલાભાઈ સાકરીયા | નાગપુર, મહારાષ્ટ્ર |
| ૭૯૮ | જગદીશભાઈ એ. પોમલ | ભુજ, કચ્છ |
| ૮૨૩ | જીતેન્દ્ર ખીમજીભાઈ સોની | ગાંધીનગર |
| ૮૨૭ | રીધીતા જ્વેલર્સ | નખત્રાણા, કચ્છ |
| ૮૫૪ | મગનભાઈ અમરશીભાઈ પોમલ | મોરબી |
| ૮૫૯ | સતીષ ચીમનલાલ સોની | અંજાર, કચ્છ |
| ૮૬૬ | રમેશભાઈ જે. બુધ્ધભટ્ટી | ભુજ, કચ્છ |
| ૮૮૩ | કિરણકુમાર એચ. બુધ્ધભટ્ટી | અંજાર, કચ્છ |
| ૮૯૩ | હરીશ પ્રભુદાસ બુધ્ધભટ્ટી | જામજોધપુર, ગુજરાત |
| ૮૯૪ | રમેશ જટાશંકર બુધ્ધભટ્ટી | ભુજ, કચ્છ |
| ૯૬૯ | અશોકકુમાર દશરથલાલ કંસારા | ભુજ, કચ્છ |
| ૯૮૮ | ભરત નરશીભાઈ સાકરીયા | રાયપુર (છત્તીસગઢ) |
| ૯૮૯ | સંજીવ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી | ભુજ, કચ્છ |
| ૯૯૩ | પ્રકાશ કે. સોની | આદિપુર, કચ્છ |

## વાંચકો તેમજ લેખકો જોગ નિવેદન

"જ્ઞાતિસેતુ" સંદર્ભિત તમામ પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા અનુરોધ છે.

**અતુલ એસ. સોની**

ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે,

દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

## પાંગરતી પ્રતિભા



★ **કુ. નેહા હસમુખભાઈ બગ્ગા (ભુજ)** એ 1st year M.B.B.S. ની પરીક્ષામાં ૬૦૦માંથી ૪૩૦ ગુણ (૭૧.૬૭%) મેળવ્યા છે. કુ. નેહાએ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલી આ પરીક્ષામાં બી.જે. મેડિકલ કોલેજમાં ટોપ ટેનમાં સ્થાન મેળવેલ છે. આ અગાઉ કુ. નેહાએ વર્ષ ૨૦૦૭માં S.S.C.માં કચ્છમાં પ્રથમ અને બોર્ડમાં ૧૦મું સ્થાન મેળવેલ તેમજ વર્ષ ૨૦૦૯માં H.S.C.માં પણ કચ્છમાં પ્રથમ અને ગુજરાત મેડિકલ મેરીટ લીસ્ટમાં ૧૩મું સ્થાન મેળવેલ. આ બદલ કુ. નેહાને 'કચ્છમિત્ર' અખબાર તરફથી બે વાર સન્માનિત કરવામાં આવેલ તેમજ અખિલ ભારતીય મારૂ કંસારા સોની મંડળ દ્વારા પણ સન્માનિત કરવામાં આવેલ. કુ. નેહા, હાલે બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદમાં M.B.B.S.ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

★ મૂળ માંડવીના મુકુંદ નાનજી બુધ્ધભટ્ટીના સુપુત્રી **કુ. અવનીબેન બુધ્ધભટ્ટી,** M.Sc. (Mathematics) વડોદરા હાલે ગુજરાત સરકારની GPSC દ્વારા લેવાયેલ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ની પરીક્ષા પાસ કરી વ્યાખ્યાતા તરીકે સરકારી ઈજનેરી કોલેજ - ભુજ ખાતે નિમણુંક મેળવેલ છે. અગાઉ વડોદરામાં બરોડા ટેકનોલોજી કોલેજમાં લેક્ચરર તરીકે સેવા આપતા હતા.

★ **કિશન પરેશભાઈ ગુજરાતી (ભુજ)** તાજેતરમાં C.A. I.P.C.C. (Group I & II) ની પરીક્ષા એકસાથે ઉત્તીર્ણ કરી પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. સાથે તેઓ અમદાવાદ મધ્યે B.Com. પણ કરી રહેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

★ **વિવેક પરેશભાઈ ગુજરાતી (ભુજ)** M.Sc. (Physics) સેમેસ્ટર-૧ માં ૬૧% ગુણ પ્રાપ્ત કરી એસ.પી. યુનિ. - વિદ્યાનગરમાં સાતમું સ્થાન પ્રાપ્ત કરી પરિવાર તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

## પુત્ર — પુત્રી : એક જ સ્થાન

**દીકરી - દીકરાની ગરજ સારે છે....**

દુર્ગ (છત્તીસગઢ) નિવાસી નરોત્તમભાઈ રવજીભાઈ પોમલનું તા. ૮-૮-૨૦૧૧ના રોજ સ્વર્ગવાસ થયો.

એમના સુપુત્રીઓ (૧) કુ. દિપાલી પોમલ (જેઓ મુંબઈમાં ફિઝિયોથેરાપીસ્ટ તરીકે કાર્ય કરે છે) અને (૨) ભૂમિ પોમલ, જેઓ M.B.A. (Human Resources - Mumbai) નો અભ્યાસ કરે છે, તેમણે એમના સ્વર્ગસ્થ પિતાશ્રીની તમામ વિધિ જેવી કે અગ્નિ સંસ્કાર, કપાલ ક્રિયા, દશાવાની વિધિ તેમજ દસમા - બારમાની વિધિ શાસ્ત્રોક્ત રીતે પૂર્ણ કરી આપણા સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

આપણી જ્ઞાતિની આ કન્યાઓ એમનું ભણતર પૂરૂં કરીને પુત્ર જેટલી જવાબદારી ઉપાડવા સક્ષમ થયેલ છે.

તેમના માતા ચંદ્રિકાબેન પોમલના પ્રોત્સાહન અને સંસ્કાર થકી આ પરિવાર ઉજળો થયો છે.

સદ્‌ગતના આત્માને પરમાત્મા પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે.


## સંબંધ

*સંબંધને બસ રહેવા દો સંબંધ, ના આપશો એને કોઈ નામ,*
*સંબંધને બસ જાળવી જાણો, સંબંધને ના કરશો બદનામ.*
*સંબંધ છે એક અમૂલ્ય જણસ, સંબંધના નથી હોતા કોઈ દામ.*
*બને આ જગ સ્વાર્થી જ્યારે, સંબંધ સાચો આવે છે કામ.*
*સંબંધને રાખશો સદા શંકાથી પર, નહિતો પસ્તાશો જીવનભર.*
*સંબંધને બસ જીવી જાણજો, સંબંધની મીઠાશ સદા માણજો.*
*સંબંધને ઓળખની જરૂર નથી, સંબંધ તો છે વિશ્વાસનું નામ.*


## તેજસ્વી તારલાઓ



**પાર્થ**
**આનંદકુમાર સોની**
**ભુજ**
**Std.-2 (Eng.) - 83.80%**



**માનસી**
**અનિલ કટ્ટા**
**ભુજ**
**S.S.C. : 90%**




**હાર્દિક**
**હસમુખભાઈ બગ્ગા**
**ભુજ**
**Std.-11 : 71.5%**



**મિત**
**કાંતિલાલ પોમલ**
**કોઠારા, કચ્છ**
**H.S.C. (Sc.) : 73.11%**

પ્રફુલ એમ. કંસારા

## સુગર ફ્રી ડ્રાયફ્રુટ લાડુ

***સામગ્રી :-*** ખજૂર ૧૦૦ ગ્રામ, અંજીર ૫૦ ગ્રામ, અખરોટ ૩૦ ગ્રામ, બદામ ૩૦ ગ્રામ, કાજુ ૩૦ ગ્રામ, દ્રાક્ષ ૨૦ ગ્રામ, પીસ્તા ૧૦ ગ્રામ, ઘી ૨ થી ૩ ચમચી, કેસર ૧૦ થી ૧૨ તાંતણા. એલચી તથા જાયફળનો ભૂકો અડધી (૧/૨) ચમચી

***સજાવટ :*** ખસખસ અને ટોપરાનું છીણ ૨ ચમચી

***રીત :-*** સૌપ્રથમ એક બાઉલમાં અંજીર અને ખજૂરના નાના ટુકડા કરી અલગ મૂકવા. પછી એક બાઉલમાં કાજુ, બદામ, અખરોટ, પીસ્તા, દ્રાક્ષના નાના-નાના ટુકડા કરી લેવા.

એક નોનસ્ટીક કડાઈમાં ઘી મૂકી તેમાં અંજીર અને ખજૂરને સાંતળવા. તે બરાબર સંતળાઈ જાય એટલે તેમાં બધા ડ્રાયફ્રુટ, એલચી, જાયફળનો ભૂકો તથા કેસરને નાખી એકદમ બરાબર મિક્સ કરવા. એ મિક્સ થઈ જાય એટલે ગરમ-ગરમ વાળી તેને ખસખસ અને ટોપરાના છીણમાં રગદોળી અને પીરસવા. આ લાડું ૧૦ થી ૧૨ દિવસ રહી શકે છે.

આ લાડુંને ચોકલેટ ડ્રાયફ્રુટ લાડુ બનાવવા હોય તો તેમાં ૨ ચમચી ડ્રિન્કીંગ ચોકલેટ પાવડર અને ૧ ચમચી કોકો પાવડર નાંખી બનાવવા.

ઉપરની સામગ્રીમાં પોતાના સ્વાદ પ્રમાણે ફેરફાર કરી શકાય છે.

***વાનગી બનાવનાર : કીમ જયભાઈ છત્રાળા***

## લીલા ટોપરાનો ખોરાક પાક

***સામગ્રી :-*** ૩ વાટકી ટોપરાનું છીણ, ૧૫૦ ગ્રામ માવો, ૧૫૦ ગ્રામ ખાંડ, ચપટી કેસર, યલો ફુડ કલર, કાજુ બદામ પીસ્તાની કતરણ, ચાંદીનો વરખ, ૧ ચમચી ઘી

***રીત :*** સૌ પ્રથમ નાળિયેરમાંથી ટોપરું કાઢી છાલ આવે નહિ એ રીતે ખમણી લેવું. ત્યારબાદ ગેસ પર એક કડાઈમાં ઘી મૂકી તેમાં ટોપરાનું છીણ નાખી પાંચ મિનિટ સાંતળવું. ત્યારબાદ તેમાં ખાંડ નાખી ત્રણ મિનિટ હલાવવું. પછી તેમાં બદામ, પીસ્તા અને કાજુની કતરણ, દૂધમાં પલાળેલું કેસર, યલો ફુડ કલર અને માવો નાખી બે મિનિટ હલાવવું. પછી નીચે ઉતારી એક બાઉલમાં કાઢી, ઉપરથી ચાંદીનું વરખ અને બદામ, પીસ્તા, કાજુથી ડેકોરેશન કરવું.

***વાનગી બનાવનાર : અરૂણા નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી***

## મિલ્ક કેક વીથ કેસર રોલ

***સામગ્રી :*** મિલ્ક કેક માટે ૪ કપ દૂધ, ૧ કપ મિલ્ક પાવડર, ૧ કપ ખાંડ, ૧ કપ ઘી.

***કેસર રોલ :*** ૧ કપ મિલ્ક પાવડર, ૨ ચમચી મલાઈ, થોડી કેસર, ૧/૨ કપ દળેલી ખાંડ, ૧ કપ કોકોનટ પાવડર

***રીત : મિલ્ક કેક :*** સૌ પહેલા આ ચારે વસ્તુ એક વાસણમાં લઈ મિક્સ કરવી. ત્યારબાદ તેને ગેસ પર મીડીયમ તાપ પર મૂકી હલાવતા રહો. દૂધ બળી જાય ત્યાં સુધી હલાવવું. ત્યારબાદ તેને એક ડબ્બામાં ઠાલવી ડબ્બાને બંધ કરી તેના પર નેપકીન વીંટી દેવું. ઠરી જાય બાદ તેને પ્લેટમાં અનમોલ્ડ કરવું.

***કેસર રોલ :*** સૌ પ્રથમ એક વાસણમાં મિલ્ક પાવડર, ખાંડ, મલાઈ, દૂધમાં પલાળેલું કેસર અને ૧/૨ કપ કોકોનટ પાવડર નાખી બરાબર હલાવો. ત્યારબાદ તેનો નાના લંબગોળ બોલ બનાવી તેને વધારાના કોકોનટ પાવડરમાં રગદોળો. તેને મિલ્ક કેકની આજુબાજુ ગોઠવવું.

***વાનગી બનાવનાર : દિપાલી વિશાલભાઈ બુધ્ધભટ્ટી***

## જીવડો

શિવનું ધાર્યું થાય ધરા પર
જીવનું ધાર્યું કશું નહિ
ખુશ કર્યા જો આશુતોષ ને
અશક્ય જગતે કશું નહિ

જીવ બાપડો વલખાં મારે
એના ચિત્ત ને સુખડું નહિ
એક જીવ ન ભાળ્યો જેના
જીવનમાં કોઈ દુખડું નહિ.

ધાર્યું ધણીનું થાય છે એમાં
શંકા શિદને લાવું મને?
કર્યું કરતારે પણ જીવડો
યશ લેવા તલપાપડ બને

મતિને સ્થિર કરવાને કાજે
કઈક ગતકડાં જીવ કરે.
પરદુખભંજન બનતા જીવડા
શાશ્વત સુખને નિશ્ચિત વરે.

પ્રભુએ પુષ્પો વેર્યાં ચોફેર
સૌરભ સૌ બ્રહ્માંડે ભળે
જીવ જોઈલે જાતે જઈને
તને કાં કષ્ટ-કંટક જ મળે?

પ્રલોભનોના અકળ વમળમાં
જીવ નિરંતર વ્યથિત રહે
જૂઠી યશ-કીર્તિ ના મોહે
સાર્થક કર્મ ન કરી શકે.

***-ભાણજી***

*એટલા નરમ ના થાઓ કે લોકો તમને ખાઈ જાય!*
*એટલા ગરમ ના થાઓ કે લોકો તમને અડી પણ ન શકે!*
*એટલા સરળ ના થાઓ કે લોકો તમને મૂરખ બનાવી દે!*
*એટલા અતડા પણ ના થાઓ કે લોકો તમને મળી પણ ના શકે.*
*એટલા ગંભીર ના થાઓ કે લોકો તમારાથી કંટાળી જાય.*
*એટલા છીછરા પણ ના બનો કે લોકો તમને ગણકારે નહિ.*
*એટલા મોંઘા ના બનો કે લોકો તમને બોલાવી ન શકે.*
*એટલા સસ્તા પણ ના બનો કે લોકો તમને નચાવ્યા કરે.*

***કોમલ જયસુખલાલ ગોહીલ - મીરજાપર, ભુજ***

# વ્હોટ એ પર્સનાલીટી!!

મીતા એન. સોલંકી - ભુજ

વાચક મિત્રો,આજે આપણે એવા વિષયને 'ટચ' કરવા જઇ રહ્યા છીએ. જે દરેક વ્યક્તિની આંતરીક ઇચ્છા હોય છે, કે તેની પાસે પણ તે સારી હોય!! એ વિષય છે પર્સનાલીટી!!

મિત્રો, અમુક વ્યક્તિને જોઇને આપણા મનમાં તરત વિચાર આવે છે કે શું જોરદાર પર્સનાલીટી છે!

આખરે આ પર્સનાલીટી (વ્યક્તિત્વ) શું બાહ્યસ્તરે દેખાતી સુંદરતા કે પ્રતિભા છે? ના, એ માત્ર બાહ્ય વ્યક્તિ સાથે સંબંધિત વસ્તુ નથી!

બાહ્ય દેખાવથી જ 'ઇમ્પ્રેસ્ડ' થઇ જતી આજની નવી પેઢી સાથે વાતચીત કરતા ખ્યાલ આવે છે કે તેઓ સુંદર દેખાવ, આધુનીક કપડાં, યોગ્ય કટ કરેલા વાળ, વાકછ્ટા, જેવી દૂરથી દેખાતી વસ્તુ તથા ઇઝીલી મેઈન્ટેઈન થઇ શકે તેવી વસ્તુને વ્યક્તિનો પર્યાય સમજે છે. માની લઇએ કે ઉપરોક્ત વસ્તુ સારી પ્રતિભા વિકસાવવા જરૂરી તો છે જ પરંતુ આંતરિક સૌંદર્ય માનસિક વિકાસ, બુદ્ધિજન્ય વર્તન એ જીવનમાં પળેપળ ઉપયોગી છે, તેનાથી જ પર્સનાલીટી ડેવલપ થાય છે.

સારૂં વ્યક્તિત્વ મેળવવા સ્વમૂલ્યાંકન કરવું જરૂરી છે. ક્યા એવા પરિબળો છે જેનાથી તમારા 'વીક પોઇન્ટ' તથા 'સ્ટ્રોંગ પોઇન્ટ' સાબિત થાય છે.

તમારામાં પડેલી કોઇ વિશેષ આવડત હોય, વાત કરવાની સ્ટાઇલ સારી હોય, સ્વભાવમાં સરળતા હોય, તો તે તમારા માટે 'તાકાત' સાબિત થઇ શકે છે. જ્યારે 'નબળાઇ' દેખાડતા પોઇન્ટમાં અતિ ગુસ્સો આવવો, આળસુ હોવું, જૅલસી નેચર, નેગેટીવ વિચારો જ આવવા, ભાષા રફ હોવી – આવી વાતો તમારી પર્સનાલીટીમાં બાધારૂપ બની શકે છે!

આધુનિક યુગમાં 'પર્સનાલીટી' ડેવલપમેન્ટના પુસ્તકો, સેમિનારો, ક્લાસીસ, પ્રવચનો, ઓડિયો-વીડિયોના માધ્યમો દ્વારા ધૂમ કમાણી કરવાનારા સાધનો બની ગયા છે! આજનો યુવા વર્ગ પોતાની પર્સનાલીટી વિશે સાભાન થઇ ગયો છે જે તેમનું જીવનસ્તર ઊંચું લાવવામાં ઉપયોગી સાબિત થઇ રહ્યું છે.

મને, થોડા સમય પહેલાં એક સેમિનારમાં જવાનું આમંત્રણ મળ્યું હતું જેનો મુખ્ય વિષય હતો : 'પર્સનાલીટી ડેવલપ કેમ કરવી?' તેમાંથી મને મળેલું જ્ઞાન હું મુદ્દાસર અહીં વાચક મિત્રો માટે રજૂ કરું છું. જે મને ખાત્રી છે કે વાચકવર્ગને ઉપયોગી થશે. ખાસ કરીને જેઓ પોતાનું કેરીયર બનાવવા જઇ રહ્યા છે, એવા યુવાવર્ગને જરૂર ગમશે. અને આ આર્ટીકલથી કોઇ ક્ષેત્રમાં નબળી પડતી વ્યક્તિને પ્રેરણા મળશે. તો થઇ જાવ તૈયાર. આ મુદ્દાઓને રોજના જીવનમાં ઉતારીને તમારી શક્તિઓનો તમે ઇચ્છો તે રીતે ઉપયોગ કરી શકશો!

★ ઉત્સાહી બનો : કલ્પનામાં જે જીવન ઇચ્છ્યું છે તે હકીકત બને તે માટે જીવનમાં દરેક ક્ષેત્રમાં ઉત્સાહ હોવો જરૂરી છે.

★ આજનો દિવસ માણો : જે આજમાં નથી જીવતું તે ભૂતકાળને વાગોળીને દુ:ખી થાય છે અને ભવિષ્યની ચિંતા કરે જાય છે!

★ આત્મવિશ્વાસુ બનો : કોઇ કાર્ય તેના વગર અધુરુ જ લાગશે.

★ ફુરસદના સમયનો સદુપયોગ કરો : ભલે ૨૪ કલાકમાં એ સમય માત્ર ૨૪ મીનીટનો જ હોય!

★ કશુંક સર્જનાત્મક કરો : તેનાથી તમારી અંદર કાટ ખાવા જઇ રહેલી શુષ્કતા ઓછી થશે.

★ કશુક નવું કરો : અને સર્જનાત્મક કર્યાનો આનંદ અનુભવો!

★ થોડાક ધીરજવાન બનો - આજની નવી પેઢીમાં આનો અભાવ જોવા મળે છે. જેના કારણે અધીરાઇમાં ખોટા નિર્ણય લઇને પસ્તાય છે.

★ હાથમા લીધેલું કાર્ય પૂર્ણ કરવું : મોટાભાગે આરંભે શૂરા હોય તે અંતમાં નબળા પડી કાર્ય અધવચ્ચે છોડી દેતા હોય છે. તેવા લોકોનું વ્યક્તિત્વ નબળું હોય છે.

★ નવા ફ્રેન્ડ બનાવો : તેવા ફ્રેન્ડ જે તમને તમારી ઘરેડમાંથી બહાર કાઢે. તમારા કરતાં વધુ રસિક તેમજ હોંશિયાર હોય.

★ જે કામની બીક લાગતી હોય તે પહેલા કરો. જેથી આત્મ વિશ્વાસની મૂડી વધે.

★ જે પ્રવૃત્તિ આનંદ આપતી હોય તે પણ કરો. ચાહે તે પ્રવૃત્તિ બિન આર્થિક કેમ ન હોય!

★ હાસ્યવૃત્તિ કેળવો : હસવાના એક પણ ચાન્સ જતા ન કરવા. રમુજવૃત્તિ કેળવી મિલનસાર બનો. તે તંદુરસ્તીની સરળ પદ્ધતી છે, હસવાથી અનેક રોગો પર સારા પરિણામ મળવાના દાખલા સાબિત થઇ ચૂક્યા છે.

બીજાથી કાંઇક 'અલગ' કરવાની ઇચ્છા રાખવી- એ પણ પર્સનાલિટી ડેવલપમેન્ટનું મહત્વનું પાસુ છે.

---

### વ્યવસાયિક વિકલ્પો

(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)


વિશેષ અનુભવ ધરાવતા લોકો જરૂરી છે અને ઈવેન્ટ મેનેજમેન્ટ માં ઈવેન્ટ માટેની બધી જ વ્યવસ્થા અંગે વિવિધ વ્યવસાયીકો સાથેના સંપર્કો કેળવવા જરૂરી હોય છે.

આ અંગે પ્રોફેશનલ તાલીમ આપતી સંસ્થાઓ વિશે પૂછતાં, એમણે કહ્યું કે મુળભૂત રીતે આમાંના દરેક કાર્ય માટે વિશેષ તાલીમ આપતી અનેક સંસ્થાઓ છે પરંતુ એવી કોઈ તાલીમ ન લીધી હોય તો પણ અનુભવે અને કોઠાસુઝે બેઝીક (ગ્રેજ્યુએટ અથવા ઉચ્ચત્તર માધ્યમિક) શિક્ષણ ધરાવતી વ્યક્તિ, આ કાર્ય સાથે જોડાઈ શકે છે.

**તા.ક. :** ***ટુરીઝમ, ઈવેન્ટ મેનેજમેન્ટ તેમજ ટુરીસ્ટ ગાઈડ અંગેની તાલીમ આપતી સંસ્થાઓ / વ્યક્તિઓની વિગતો આગામી અંકમાં.***

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૯

તુલસીદાસ એલ. કંસારા




**હાર્ડવેર**



તાજેતરમાં જ આવેલ સમાચાર મુજબ ભારત સરકારે બ્રિટીશ બનાવટનું દુનિયાનું સસ્તામાં સસ્તું ટેબલેટ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવેલ છે જેનું નામ 'આકાશ' રાખેલ છે, જે સરકારને લગભગ રૂા. ૩૦૦૦/-માં પડશે અને તેના ઉપર સબસીડી આપીને વિદ્યાર્થીને રૂા. ૧૭૦૦/-માં આપવામાં આવશે. આ ટેબલેટમાં ટચ સ્ક્રીન ટેકનોલોજીનો ઉપયોગ થયેલ છે તેમજ કલર ડિસ્પ્લે છે. બે યુ.એસ.બી. પોર્ટ અને ૨૫૬ મેગાબાઇટ રેમ છે.

- **ટેબ્લેટ :**

અત્યાર સુધી આપણે દવાની ટીકડીઓ માટે વપરાતા આ શબ્દને મેડિકલ દુનિયાના સંદર્ભમાં જ જોતા. પરંતુ કમ્પ્યુટરોની દુનિયા દરેક ફિલ્ડમાંથી શબ્દો ઉઠાવીને તેના નવાનવા પ્રયોગો કરતી જ રહે છે. દવાની ટીકડી સિવાય ટેબલેટનો મતલબ થાય છે કોતરેલા લખાણવાળી તકતી અને બીજો અર્થ થાય છે એકસાથે બાંધીને બનાવેલી લખવાના કાગળની થપ્પી. બસ અહીંજ આ ટેબલેટ પી.સી.નું મૂળ છે. કાગળની થપ્પીને બદલે એલસીડી સ્ક્રીનની વ્યવસ્થા છે. આમ તો ટેબ્લેટ પી.સી. તરીકે ઓળખાતા આ કમ્પ્યુટર નોટબુક કમ્પ્યુટરની શ્રેણીમાં આવે છે, જેમાં એક લીક્વીડ ક્રિસ્ટલ ડિસ્પ્લે સ્ક્રીન હોય છે, જે આડું-અવળું ફરી શકે તેવું હોય છે અને તેનો ડિસ્પ્લે ટચ સ્ક્રીન વાળો હોય છે જેના ઉપર તેના વપરાશકર્તાઓ સ્પેશિયલ પરપઝ પેન કે લખવાની અણિયાળી લેખણીથી લખી શકે છે. હસ્તાક્ષરો અહીં ડીજીટલાઇઝ થઇ જાય છે, મતલબ અંકમાં ફેરવાઇ અને ઇલેક્ટ્રોનિક રીતે લખાઇ જાય છે, જે હસ્તાક્ષરો ઓળખીને ધોરણસરના મૂળાક્ષરોમાં ફેરવાઇ જાય છે અથવા તો હસ્તાક્ષરો તરીકે રહે છે. આ અણિયાળી લેખણીનો ઉપયોગ કી બોર્ડ આધારિત લે આઉટ ઉપર પણ થઇ શકે છે, કે જ્યાં QWERT સિવાય ABCD જેવા લેઆઉટ દ્વારા અલગ રીતે પણ ટાઇપ કરી શકાતું હોય છે.. દા.ત. ટેબ્લેટ પી.સી.માં ટાઇપ કરીને ડેટા દાખલ કરવા માટે લાક્ષણિક કીબોર્ડ અને / અથવા માઉસ પણ હોય છે. આ ટેબ્લેટો ડીજીટલ ઇન્ક ટેકનોલોજી ઉપર આધારિત હોય છે. જ્યાં ડીજીટાઇઝરને એલ.સી.ડી સ્ક્રીન ઉપર કે તેની નીચે ગોઠવવામાં આવેલ હોય છે. જે સ્પેશીયલ પરપઝ પેનની મુવમેન્ટને પકડીને ઇલેક્ટ્રો મેગ્નેટીક ફીલ્ડ ઉભું કરીને એલ.સી.ડી. સ્ક્રીન ઉપર લખે છે. જે જાણે પેન કે બોલપેન મારફતે શાહીથી કાગળ ઉપર લખાતું હોય તેવું દેખાય છે. આ ટેબ્લેટ પી.સી. ટેકનોલોજી માટે ખાસ માઇક્રોસોફ્ટ વિન્ડોઝ ઓપરેટીંગ સીસ્ટમ તૈયાર કરવામાં આવેલ અને તે માઇક્રોસોફ્ટે ૨૦૦૧માં પ્રચલિત કરેલ. પરંતુ આજે તે લીનક્ષ જેવી અન્ય ઓપરેટિંગ સિસ્ટમ ઉપર પણ ચાલે છે અને ટેબલેટ નામ મુખ્યત્વે ટચ સ્ક્રીનને કારણે કમ્પ્યુટર જેવી અન્ય ડિવાઇસો માટે પણ વપરાય છે.

હમણાંજ વાંચેલ એક ન્યૂઝ આઇટમ મુજબ ભારતમાં ટેબલેટનું બજાર ખૂબજ ઝડપથી વિકસી રહેલ છે. અત્યારે એકાદ લાખ ટેબલેટ પીસી બજારમાં વેચાઇ રહેલ છે અને ૨૦૧૧ના અંત સુધીમાં દસ લાખ ટેબલેટ પીસી વેચવાની આશા છે. બજારની આ તેજીની સ્થિતિ જોઇને વિદેશી અગ્રણીઓ સિવાય ભારતીય અને ચીની કંપનીઓ આ બજારમાં મોટો હિસ્સો પડાવવા માટે પ્રયાસ કરી રહેલ છે. તાજેતરમાં જ ટેલિકોમ સર્વિસ આપનાર કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સે ટેબલેટ લોન્ચ કરવા પોતાનો ઇરાદો સ્પષ્ટ કરી દીધો કે કંપની ૩જી નેટવર્ક દ્વારા ટેબલેટ બજારને શરૂઆતના તબક્કાથી જ તાબામાં રાખશે. લાવા ઇન્ટરનેશનલ લિમિટેડના ડાયરેક્ટર એસ.એન. રાયેલ કહ્યું છે કે, તેમાં કોઇ શંકા નથી કે જે તેજીની સાથે ટેબલેટ બજાર વધી રહ્યું છે તેમાં સ્થાનિક કંપનીઓનું સૌથી મોટું યોગદાન છે. તેમણે કહ્યું છે કે લાવા પણ ટૂંક સમયમાં જ અઢારથી વીસ હજાર રૂપિયાની વચ્ચે ટેબલેટ લોન્ચ કરવાની તૈયારીમાં છે. રિલાયન્સ કોમ્યુનિકેશન્સના પ્રવક્તાએ જણાવ્યું કે કંપનીએ તાજેતરમાં જ ટેબલેટ લોન્ચ કર્યું છે, જેનો કંપનીને જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો છે. તેમણે કહ્યું કે કંપની આવનારા સમયમાં ૩જી ઇકો સિસ્ટમને વધારવા માંગે છે. તેના માટે કંપની ટેબલેટના નવા મોડલ પણ બજારમાં ઉતારશે કારણકે કંપની સ્માર્ટફોન અને ટેબલેટના બજારમાં સક્રિય ભાગીદારી નિભાવવા માંગે છે.

- **એસીક (ASIC) :**

એ.એસ.આઇ.સી. - જે એક એક્રોનીમ (દરેક શબ્દોનો પ્રથમ અક્ષર લઇને અંગ્રેજીમાં બનાવવામાં આવતો ટૂંકો શબ્દ) છે, જે એપ્લીકેશન સ્પેશીફીક ઇન્ટીગ્રેટેડ સર્કીટ, કે ચીપ, જે ખાસ ઉપયોગ માટે બનાવવામાં આવે છે, તેની ઓળખ માટે વપરાય. આ ચીપ એક, ઇન્ટીગ્રેટેડ સર્કીટ (આઇસી), જે એક જનરલ પરપઝ સાધન છે તેના કરતાં વિરૂદ્ધમાં ચોક્કસ કામ માટે બનાવેલ સાધન છે, કારણકે આઇસીનો ઉપયોગ એક સામાન્ય કંટ્રોલના કામ માટે થાય છે જેમ કે પર્સનલ કમ્પ્યુટરમાં રેન્ડમ એક્સેસ મેમરી (RAM)ના કાર્યોને કંટ્રોલ કરવા માટે આઇસીની જરૂરત હોય છે જે દરેક કમ્પ્યુટરમાં હોય છે. જ્યારે આ સ્પેસીફીક - ચોક્કસ કાર્ય કરવા માટે જે એપ્લીકેશનનો વિકાસ કરવામાં આવે છે, જે સોફ્ટવેર લખવામાં આવે છે, તેને

ઈલેક્ટ્રોનીક ફોર્મમાં આ ચીપ ઉપર ઢાળી દેવામાં આવે છે. દા.ત. તમારા એટીએમ કાર્ડની ચીપ, કે ડ્રાઈવિંગ લાયસન્સની ચીપ, જે ચોક્કસ પ્રકારના કમ્પ્યુટર (એટીએમ મશીન) માં કે માત્ર ચોક્કસ કામ માટેજ ઉપયોગી છે. આ એસીકોની બાંધણી લાયબ્રેરીમાંથી મળતા જરૂરિયાત મુજબના બ્લોક્સને જોડીને કરવામાં આવે છે, જેવી રીતે વિવિધ રંગોની ટાઈલ્સ જોડીને કે મોઝાઈક પત્થરો નવી નવી રીતે ગોઠવીને તમે જોઈતી ડિઝાઈન, રંગોળી કે ચિત્ર બનાવી શકો છો તેવીજ રીતે આ બ્લોક્સ જોડીને આવી એસીકો બનાવવામાં આવે છે. તમારે આઈસી જેવી ચીપ બનાવવાની હોય તો તેની પ્રથમથી તેના ડ્રોઈંગ વિગેરે કરીને બધુંજ નવેસરથી વિચારીને આખી ડિઝાઈન તૈયાર કર્યા પછી તેનું નિર્માણ થઈ શકે, જ્યારે એસીક માટે બ્લોક્સ તૈયાર મળી રહે અને તમારે માત્ર જોડવા પડે. પ્રક્રિયા તો બન્નેમાં સરખીજ થાય, પરંતુ સમય નવા નિર્માણમાં સ્વાભાવિક રીતેજ વધારે લાગે. જ્યાં જ્યાં સ્વયં સંચાલિત સાધનો ચલાવવાના હોય ત્યાં એસીકનો ઉપયોગ થતો હોય છે. દા.ત. આજકાલની કાર કે વ્હીકલોમાં ઘણા કંટ્રોલો ઓટોમેટીક હોય છે, જેને આપણે કમ્પ્યુટરાઈઝડ કંટ્રોલ કહીએ છીએ ત્યાં આવી સર્કીટો બનાવવામાં આવતી હોય છે, તેવી જ રીતે આપણે જેને પી.ડી.એ. (પર્સનલ ડીજીટલ આસીસ્ટન્ટ) તરીકે ઓળખાવીએ છીએ, તેવી ખિસ્સામાં રહેતી અને હાથમાં પકડીને વપરાતી ડિવાઈસોમાં પણ આવી એસીકનો ઉપયોગ થતો હોય છે.

- **ઊર્જામાં ૯૦ ટકાની બચત કરતી ચીપ :**

તાજેતરમાં જ વાંચેલ એક સમાચાર મુજબ આઈ.આઈ.ટી. - ખડગપુરમાંથી એન્જિનિયરિંગની પદવી મેળવનાર ભારતીય રાજદત્ત દ્વારા આધુનિક કોમ્પ્યુટર ચીપ વિકસાવવામાં આવી છે. જેના કારણે ઊર્જામાં ૯૦ ટકાની બચત થાય છે અને કોમ્પ્યુટર પ્રોસેસિંગની ઝડપમાં ૬૦ ટકાનો વધારો થાય છે. દત્તની આ શોધ પર અમેરિકા સ્થિત પેન્ટાગોને નજર માંડી છે અને આધુનિક એફ-૩૫ જોઈન્ટ સ્ટ્રાઈક ફાઈટર્સમાં તેની પ્રાયોગિક ધોરણે ચકાસણી થનાર છે.

રાજ દત્ત પ્રાઈવેટ કંપની એપિક કોર્પોરેશન અને ફોટોનિક કોર્પના ચેરમેન અને સીઈઓ છે. તેમના જણાવ્યા મુજબ તેમની આ નવી ચીપમાં ઈલેક્ટ્રોન્સનો ઉપયોગ કરવાને બદલે લાઈટ ફોટોન્સનો ઉપયોગ કરીને સેમીકન્ડક્ટર ચીપ પર માહિતી ટ્રાન્સફર કરી શકાય છે. આ નવી ચીપના અનેક ફાયદાઓમાં વીજ બચત તેમજ ઝડપની સાથે કદ વજનમાં ઘટાડો શક્ય બનશે. કોમ્પ્યુટરમાં ફોટોનના વપરાશથી ગરમી પેદા થતી નથી તેથી કોમ્પ્યુટર ચલાવવા માટે કૂલિંગની જરૂર પડતી નથી. જ્યારે ઈલેક્ટ્રોનિક્સમાં કૂલીંગ ફરજિયાત છે, જેને કારણે ઊર્જાનો વધુ વપરાશ થાય છે. આ ચીપમાં ઈલેક્ટ્રોનિક્સ કોપર ઈન્ટરકનેક્શન કરતાં ઓછી સાઈઝની જરૂર પડે છે તેથી તેમાં વધુ ટ્રાન્ઝિસ્ટર્સ મૂકી શકાય છે. સેમી કન્ડક્ટર ચીપ્સનાં ઉત્પાદનમાં સસ્તી પ્રોસેસનો ઉપયોગ શક્ય બને છે જેથી સામાન્ય લોકોને પરવડે તેટલા ભાવે બનાવી શકાય છે.

- **સોફ્ટવેર :**

DAEMON - ડેમોન આ ડેમોન શબ્દ ખરેખર તો ગ્રીક ભાષાનો શબ્દ છે જેનો અર્થ થાય છે પોતાનો ખાસ પાડેલો ભૂત કે સ્પીરીટ જે ચીંધેલા બધાજ કામો કર્યા કરે. આ શબ્દ કમ્પ્યુટરની ભાષામાં એકદમ યથાયોગ્ય વાપરવામાં આવેલ છે, કારણકે તે સતત કમ્પ્યુટરના પ્રોગ્રામને ચાલુ રાખે છે અને જ્યારે ઈન-પુટ મળે કે તુરતજ તે એક્શનમાં આવી જાય છે, કામે લાગી જાય છે. દા.ત. જ્યારે વપરાશકર્તા નક્કી કરે કે તેને એક ડોક્યુમેન્ટ પ્રિન્ટ કરવાનું છે અને પ્રિન્ટર સ્વિચઓન થાય કે તુરત જ પ્રિન્ટર ડેમોન તે માહિતી કમ્પ્યુટરમાંથી ખેંચીને પ્રિન્ટરને આપે છે.

એક ડેમોન જે મેઈલ સર્વરના ટુર ઉપર કાર્યરત હોય છે તે આવતા મેઈલને લાગતા વળગતા મેઈલબોક્ષમાં નાખવાનું કામ કરે છે. વેબસર્વર એચટીટીપીડી ડેમોનનો ઉપયોગ કરે છે જે જ્યારે વપરાશકર્તા વેબપેઈજનું જોડાણ સાધે છે ત્યારે તેને ડેટા મોકલાવે છે. ડેમોનનો પ્રથમ વખત ઉપયોગ બેલ લેબોરેટરી દ્વારા ૧૯૬૦માં બનાવવામાં આવેલ યુનિક્સ ઓપરેટીંગ સિસ્ટમે કરેલ હતો. મેક ઓએસ એક્ષમાં તે વણી લેવામાં આવેલ. જે પણ યુનિક્સ આધારિત છે.

- **એક કમ્પ્યુટર વિઝાર્ડની વિદાય.....**



સ્ટિવન પાઉલ જોબ્સ – એક સિરીયન મુસ્લિમ પિતા અને અમેરિકન ક્રિશ્ચિયન માતાનું લગ્નના બંધન વિનાનું ફેબ્રુઆરી ૨૪, ૧૯૫૫માં સાનફ્રાન્સિસ્કો કેલિફોર્નિયામાં જન્મેલ સંતાન. જેને અનાથાશ્રમને સોંપવામાં આવેલ અને એક ગરીબ કહી શકાય તેવા, રોજેરોજનું મજુરી કરીને કમાઈને ખાનાર પિતા અને માતાએ દત્તક લીધેલ બાળકે, કમ્પ્યુટર વિઝાર્ડ બની ઓક્ટોબર ૫, ૨૦૧૧ માં ૫૬ વરસની વયે કેન્સરને કારણે આ દુનિયામાંથી વિદાય લીધી. જેની નોંધ માત્ર કમ્પ્યુટરની દુનિયાએજ નહિં પરંતુ આ પૃથ્વી ઉપરના બધા જ દેશોએ લીધી.

ખાસ આપણા દેશ માટે આ વિભૂતિનું મહત્વ એ હતું કે આખી દુનિયાને આઈ પોડ, જેણે પાંચ ગીગાબાઈટ જેટલા સંગીતને એક નાની ડિવાઈસમાં સંગ્રહીને મ્યુઝિકને ફરતું કર્યું, આઈ-ફોન જેવા સુંદર ટચ-સ્ક્રીનનો ટચ કરાવ્યો અને આઈ-પેડ, જે લેપટોપ કરતાં વજનમાં ઘણું જ હલકું અને હેરફેરમાં સગવડદાયક કહી શકાય તેવું, હાથમાં રાખી શકાતું કમ્પ્યુટર ટેબલેટ

બનાવ્યું, તે એપલ કંપની સ્થાપવાનો વિચાર તેમને ભારતમાં આવેલ હતો. તેમણે ભારતમાં ૧૯૭૪માં વીડિયો ગેમ બનાવનારી કંપની અટારીમાં નોકરી લીધેલ હતી. નૈનીતાલમાં તેઓ બાબા નીમકરોલીના કૈંચી આશ્રમમાં પણ રહ્યા. જોબ્સ અહીં આધ્યાત્મિકતા સાથે સંકળાયા. ભારતથી અમેરિકા પાછા ફરીને પોતાના મિત્ર સ્ટીવ વોજનિયાક સાથે ઍપલની સ્થાપના કરી. તેમણે એક ઇન્ટરવ્યૂમાં કહેલ કે ભારત યાત્રા દરમિયાન તેમને આ કંપની વિષે વિચાર આવ્યો હતો.

૨૧ વર્ષની નાની ઉંમરે (૧૯૭૬) પિતાના ગેરેજમાં તેમણે ઍપલ કંપનીનો પ્રારંભ કર્યો. ત્યાં તેમણે તથા મિત્ર વોજિનિયા કે કમ્પ્યુટર સર્કિટ બોર્ડ બનાવ્યું. ઍપલ-૧ કમ્પ્યૂટર બનાવ્યું અને એક વરસ પછી ઍપલ-૨ કમ્પ્યૂટર બનાવ્યું. આ પહેલું પર્સનલ કમ્પ્યૂટર હતું જેના પર રંગીન ગ્રાફિક્સની સુવિધા હતી. તેની કિંમત ૧૦ લાખ ડોલર હતી. ત્યારબાદ ઍપલ કંપની વેચીને ૩૧ વર્ષની ઉંમરે કમ્પ્યૂટર સિસ્ટમ બનાવનારી કંપની નેકસ્ટની શરૂઆત કરી. તે વર્ષે તેમણે એક કરોડ ડોલરમાં પિકસર કંપની ખરીદી અને ૧૯૮૯માં જોબ્સે પર્સનલ કમ્પ્યુટર લોન્ચ કર્યું.

આમ કોમ્પ્યુટરની દુનિયાનો આ જાદુગર આગળ વધતો ગયો અને ૧૯૯૫માં કમ્પ્યુટર નિર્માણને બદલે કમ્પ્યુટર એનિમેશન ફિલ્મોની શરૂઆત કરી. ૧૯૯૫માં 'ટોય સ્ટોરી' નામની તેની કંપનીની ફિલ્મે દુનિયામાં ૩૫ કરોડ ડોલરની કમાણી કરી. ત્યારબાદ 'એ બગ્સ લાઇફ', 'ફાઇન્ડીંગ નીમો' તથા 'મોન્ટર્સ ઇંક' જેવી ફિલ્મો પણ બનાવી. તેના એક વર્ષ બાદ ૧૯૯૬માં તેમની કંપની નેકસ્ટને ઍપલે ૪૦.૩ કરોડ ડોલરમાં ખરીદી. પરંતુ તે ઍપલ કંપનીને સતત નિષ્ફળતાઓ મળતી રહી. આથી, કંપનીએ ૧૯૯૭માં ફરી એક વખત સ્ટિવ જોબ્સને ઍપલમાં તેના ચીફ તરીકે લીધા અને તેમણે નુકસાનમાં ચાલતી તે કંપનીને ઉગારી.

સ્ટીવ કહેતા હતા કે- જ્યાં સુધી તમે વસ્તુ બનાવશો ત્યાં સુધી લોકો નવી વસ્તુ માંગશે. આથી જ વિશ્વ જયારે વોકમેનની વાત કરતું હતું ત્યારે તેમણે ૧૦૦૦ ગીતો આઇપોડમાં સમાવીને લોકોના હાથ સુધી પહોંચાડી દીધા. ઍપલની શરૂઆતના પ્રોડક્ટસ જોબ્સના મિત્ર અને એન્જિનિયર સ્ટીવ વોજનિયાકે બનાવ્યા હતા, પરંતુ જોબ્સ એક અદભૂત ડિઝાઇનર પણ હતા. તેમણે કેલીગ્રાફી (લેખનકળા) ને કારણે તેમાં નિપુણતા હાંસલ કરી હતી. કમ્પ્યૂટર ફોન્ટ બનાવતી વખતે તેમને તેનો લાભ મળ્યો હતો. કમ્પ્યૂટર બનાવતા પહેલાં જ તેને વેચવા માટે એડવાન્સ ઓર્ડર મેળવી લેવાની તેમની માર્કેટીંગ વ્યૂહરચનાને કારણે, અન્ય લોકોએ તેમના આઇપોડ, આઇફોન અને આઇપેડ મોં માગ્યા દામે ખરીદ્યા.

તેમની અને કમ્પ્યુટરની દુનિયાની એ કમનસીબી હતી કે ૪૯ વર્ષની વયે તેમને પેન્ક્રિયાટિક કેન્સર થયું હોવાનું જાણવા મળ્યું હતું. તેમને ઘણા સમય પહેલાં અંદાજ આવી ગયો હતો કે મૃત્યુ નજીક છે. તુરતમાંજ બજારમાં મુકાનાર વોલ્ટર આઇજેક્સનના પુસ્તક જોબ્સમાં જીવનચરિત્રમાં આ વાત લખાઇ છે.

- **એક એસ.એમ.એસ :**

***હસી કો INBOX, આંસુ કો કરો OUTBOX, ગુસ્સે કો કરો OK, દિલ કો કરો VIBRATE, RINGTONE કો કરો HOLD, મુસ્કાન કો કરો SENT. ફિર દેખો જીંદગી કી HELP કિતની POLYPHONIC હો જાતી હૈ.***

## જ્ઞાન ગોષ્ટી

૧. પીન કોડ ક્યારથી શરૂ થયો?
☞ ૧૫ ઓગસ્ટ ૧૯૭૨થી.

૨. આપણા દેશની 'ભારતીય રેલ્વે'ના કુલ કેટલા રેલ્વે સ્ટેશનો છે?
☞ ૧૦૧૩

૩. ભારતના સૌથી ઊંચા ધોધનું નામ શું છે? તે ક્યાં આવેલો છે?
☞ જોગનો ધોધ -કર્ણાટકમાં.

૪. ભારતનો સૌથી ઊંચો દરવાજો કયા નામથી ઓળખાય છે? તે ક્યાં છે?
☞ બુલંદ દરવાજો, ફતેહપુરસિક્રી (ઉત્તરપ્રદેશ)

૫. ભારતનું સૌથી લાંબુ રેલ્વે સ્ટેશન પરનું પ્લેટફોર્મ ક્યાં આવેલું છે?
☞ ખણપુર, પશ્ચિમ બંગાળ

૬. રેલ્વેના એન્જિનો બનાવવાનું કારખાનું ક્યાં આવેલું છે?
☞ ચિત્તરંજન, પશ્ચિમ બંગાળ

૭. તાંબાની ખાણો માટે ભારતમાં કયું સ્થળ જાણીતું છે?
☞ ખેત્રી - રાજસ્થાન

૮. ભારતમાં સોનાની ખાણો ક્યાં આવેલી છે?
☞ કોલાર, કર્ણાટક

૯. ભારતમાં ચલણી નોટો ક્યાં છપાય છે? તે પ્રેસ ક્યાં આવેલું છે?
☞ નાસીક (મહારાષ્ટ્ર)માં.

૧૦. ભારતમાં સૌપ્રથમ વર્તમાનપત્રોનો આરંભ કઇ સાલમાં થયો છે?
☞ ઇ.સ. ૧૭૮૦માં

૧૧. દિલ્હીની ગાદી પર બેસનાર સૌપ્રથમ મહિલા રાજયકર્તા કોણ હતા?
☞ રઝિયા બેગમ

૧૨. ગુજરાતમાં સૌથી પહેલી કાપડની મિલ કોણે શરૂ કરી?
☞ શેઠ રણછોડલાલ

૧૩. ગુજરાતી ભાષાનું સૌપ્રથમ દૈનિક કયું?
☞ મુંબઇ સમાચાર

૧૪. આપણા દેશના પ્રથમ મહિલા પાયલોટ કોણ હતા?
☞ હર્બા બેનરજી

૧૫. ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ કોણ હતા?
☞ પ્રતિભા પાટિલ

# શતરંજના ખેલ

**હંસરાજ કંસારા - અમદાવાદ**

*ગત અંક સુધી આપણે વાંચ્યું....*

*એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. આપેલા વચન મુજબ, સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક પછી પ્રત્યેક કોઠામાં બમણાના હિસાબે અનાજ આપવા હુકમ કર્યો. રાજના અન્નભંડાર ખાલી થઈ જાય એવો આ હુકમ હતો. પાડોશના સામંતની મદદથી રાજસત્તા પોતાના હાથમાં લેવાની વેતરણમાં સફળ થવાની અણી ટાણે, આ રાજ હુકમે દીવાન મૂંઝાયો. કારણ કે રાજ્યના અન્ન ભંડારનું ભોંયરૂં, જે પડોશી રાજની હદ સુધી જતું હતું ત્યાંથી શસ્ત્રો, આવી ગયા હતા. આવા કટાણે રાજાનો વિશ્વાસુ ચાકર ભંડારમાં ન આવે તે માટે દીવાને તરૂણને એક મહિના પછી સોમવતી અમાસને રોજ અનાજ લેવા આવવાનો આદેશ આપ્યો. સુકાળ રાજમાતાનો પણ વિશ્વાસુ હતો.*

*ગામની પાદરે ટેકરી પર કાલી માતાના મંદિરના વૃદ્ધ પુજારી અને રાજમાતાને દીવાનની હીલચાલની ગંધ હતી પરંતુ એની આગલી ચાલ સમજાતી નહોતી. આગામી સંકટનો સામનો કરવા અને દીવાનની ચાલ નિષ્ફળ કરવાના પૂજારીના આયોજનને અનુસરતા સુકાળને મહેલ અંદરના ભેદી ભોંયરાઓની ભાળ મળી. એ ભોંયરાના ત્રિભેટે, એક રસ્તો કાલી મંદિરે જતો હતો અને બીજો રસ્તો રાજમાતાના પિયરના ગામ તરફ જતો હશે એવું અનુમાન સુકાળે કર્યું. હવે સુકાળ ત્રિશૂળની વચલી પાંખે જતા રસ્તે આગળ વધ્યો. કાલી માતાની ખંડિત મૂર્તિએ એને રસ્તો સુઝાડ્યો. અનાયાસ એને ભંડારની પછીત ભોંયરામાં પડતી હોવાનું સમજાયું. ત્યાં દીવાન અને ભંડારીને જોઈ એને ભય લાગ્યો. કાલીમાંની મૂર્તિને પગથી પર છૂપાવા જતાં એ જમીન ખસકી અને અંધારા કૂવામાં એ ઉતરી ગયો.*

*હવે આગળ વાંચો....*

ભંડારની પછીતે, દસેક કદમ દૂર ખાંચામાં જે ઓરડો છે, તેમાં શસ્ત્રો છે. પૂજારીએ જવાબ આપ્યો.

'તમે આ ભોંયરૂં પહેલાં જોયું છે?' સુકાળે નવાઈ પામતાં પૂછ્યું.

'હા, પણ એ બધું પછી. સૌપ્રથમ તું ભોજન કરી લે. તેં આજે સવારથી કંઈ ખાધું નથી.' એમ કહી પૂજારી સુકાળને એમની કુટીરમાં લઈ ગયા. એને બાજરાનો રોટલો, ડુંગળી, મરચું અને ઘાસ આપ્યા. સુકાળે ધરાઈને ખાધું. પૂજારી બાબાના હેત અને એમના હાથે ઘડેલા રોટલાથી સુકાળને તૃપ્તિ થઈ.

'ગુરૂજી, હવે મારે શું કરવાનું છે?' સુકાળે પૂછ્યું.

'હવે તું પાછો મહેલમાં જશે.' પૂજારીએ કહ્યું.

'પણ બાબા, કાલીમાની મૂર્તિના પત્ર પાસેનું એ ચોરસ પથ્થરનું ઢાંકણ જે મને નીચે કૂવામાં લઈ આવ્યું હતું તે તો તેજ વખતે પાછું ઉપર સરકી ગયું હતું. હવે હું ઉપર કેમ જઈશ?'

'તું જ્યાં ઉતર્યો હતો તેની જમણી દીવાલ પર હાથ ફેરવજે. ત્યાં થોડો ભાગ ઉપસેલો હશે. એને જોરથી દબાવીશ એટલે ત્યાં તિરાડ પડશે. એ તિરાડમાં ચપ્પુ ભરાવીને જમણી તરફ ફેરવજે. ત્રીજે આંટે ચોસલું કાલીમાતાના પગથી પાસેથી સરકીને નીચે આવશે. એના પર ઊભો રહીને દીવાલની તિરાડમાંથી ચપ્પુ હટાવીશ કે ચોસલું પાછું ઉપર જશે.' પૂજારીએ સુકાળને સમજાવ્યું.

'બાબાજી, દીવાને ભંડારમાંથી ભોંયરામાં આવવા માટે બાકોરૂં કર્યું છે, તેનું શું? આ બાકોરા વાટે તો એ સીધો મહેલ સુધી આવી શકે.'

'એ નહીં આવે. એ વાટે તો એ કંઈક બીજું જ લાવશે. તારા ભલાભોળા મહારાજ અને રાજમાતાની જાનનું જોખમ છે.' એમ કહી પૂજારીએ સુકાળને બે-ત્રણ દિવસ સતત ભોંયરામાં રહીને ભંડારની પછીતે કાન સરવા કરી, ભંડારમાં થતી હિલચાલ પર નજર રાખવા સુચના આપી.

પૂજારી પાસેથી આગળનું આયોજન સમજી સંધ્યા ટાણે સુકાળ ગુફા રસ્તે પાછો ફર્યો. વીજુએ એના સમયે આવીને ગુફાનું બારણું ખોલ્યું. સુકાળ રાબેતા મુજબ, રાત્રિના પ્રથમ પહોરે, એના મહારાજાનો હુક્કો તૈયાર કરી એમની તહેનાતમાં હાજર થઈ ગયો. મહારાજાના શતરંજ સાથીઓ હજી આવ્યા નહોતા.

"મહારાજ, આપે બક્ષીસ ફરમાવેલું અનાજ લઈ જવા મારે થોડા ગાડાં અને ઊંટગાડીઓનો બંદોબસ્ત કરવા બે-ચાર ગામે જવાનું છે. આપ રજા આપો તો હું અને મારો સાથી તેજુ બે-ત્રણ દિવસ બહારગામ જઈ શકીએ." સુકાળે મહારાજને રજા માટે વિનંતી કરી.

મહારાજે એના હુક્કા પાણીનો બંદોબસ્ત વીજુ સંભાળે, એ શરતે બંનેને જવાની પરવાનગી આપી.

બીજે દિવસે વહેલી સવારે સુકાળ અને એનો મિત્ર વીજુ, પૂજારીબાબાની સૂચના મુજબનો સાજ સરંજામ સાથે લઈ ભોંયરામાં ગયા. બાબાએ કહેલી નિશાની મુજબ, ભંડારની પછીતથી દસેક કદમ દૂર નાની ટેકરી જેવા ખાંચામાં થોડો અંદરની તરફ એક વિશાળ ખંડ જોયો. એ ખંડમાં થોડાક જૂના જમાનાના તીર કામઠા, ભાલા, તલવાર, ગુડદ અને એવા જ બીજા શસ્ત્રો તેમજ ઢાલ, બખ્તર આદિ હતા. સુકાળ અને એના સાથી વીજુએ ભંડારની પછીતને બરાબર તપાસી. દીવાને જ્યાં બાકોરૂં કરાવ્યું હતું ત્યાં પણ જોયું. પથ્થરો એવી રીતે ગોઠવાયેલા હતા કે ઉપરથી જોતાં કોઈનેય ખ્યાલ ન આવે કે એ સ્થળે થોડા પથ્થરો ખસકી શકે તેવા હતા.

ભંડારમાંથી અત્યારે કાંઈ અવાજ આવતો નહોતો. ભંડાર ખુલવાને અને ભંડારીને આવવાની હજી ઘણી વાર હતી. સુકાળે થોડી હિંમત કરીને એ બાકોરાના ઉપરના બે પથ્થર ખેસવ્યા. એક વ્યક્તિ લેટીને એમાંથી બીજી તરફ જઈ શકે એટલી જગ્યા થઈ. એ બાકોરા વાટે ભંડારમાં દાખલ થયો. યોજના મુજબ, વીજુએ પથ્થર જેમ હતા તેમ ગોઠવી દીધા. સુકાળે દીવાલ સાથે યથાવત્ જડાઈ ગયેલા પથ્થરો જોયા.

એને ખાત્રી થઈ ગઈ કે એ પથ્થરો

પેલી તરફથી ખેસવીને પાછા મૂકવામાં આવે તો બરાબર ગોઠવાઈ જાય છે. ભંડારની છત નીચે તોતીંગ લાકડાની આડીઓ હતી. એમાંની એક આડી જેનો છેડો મહેલના ભોંયરાની પછીતે હતો, સુકાળ ત્યાં પડેલી નીસરણીથી એ આડી સુધી પહોંચી ત્યાં એના ઓજાર વડે, ભોંયરાની દીવાલમાં જતા આડીના છેડામાં થોડું ખોડીને ભંડાર અને ભોંયરાની દીવાલ આરપાર છીંડું કર્યું. એ છીંડા વાટે એણે એના શ્રવણ યંત્રના તાર ભોંયરા બાજુ પહોંચાડ્યા અને શ્રવણ યંત્રનું મુખ આડી પાછળ ગોઠવી દીધું. અને યંત્ર બરાબર કામ કરે છે તેની ચકાસણી કરી લીધી. ભંડારમાં થતો એકદમ હળવો અવાજ પણ હવે મહેલના ભોંયરામાં સંભળાતો હતો. પરંતુ ભોંયરાનો કોઈ અવાજ ભંડારમાં સંભળાતો નહોતો. ત્યારબાદ સુકાળ ભંડારની અંદરના ઓરડામાં ગયો. અહીં ભંગાર અને ખાલી ગુણીની થપ્પીઓ અને કાટમાળ પડ્યાં હતાં. સુકાળે એ ઓરડો ખૂબ જ ધ્યાનપૂર્વક જોયો. પ્રમાણમાં સાફ જણાતા એક ખૂણામાં દીવાલ પર માથા સમાણી ઊંચી બે ખીંટીઓ હતી. એણે એક પછી એક બંને ખીંટીને આમતેમ ફેરવી જોઈ. પછી બંને હાથ પહોળા કરીને બંને ખીંટીને એક સાથે અંદરની બાજુ ફેરવી. એના આશ્ચર્ય વચ્ચે ખીંટી ફરવા લાગી અને એની સાથે જ બે ખીંટી વચ્ચેનો ભાગ બારણાની માફક ખસક્યો. સામે ઘોર અંધારૂં હતું. છતાં સુકાળને ભોંયરૂં હોવાનો આભાસ થયો. સુકાળે આગળ જોવાની લાલચ રોકી, જલદી પાછા ભોંયરામાં પહોંચી જવા વિચાર્યું. એણે એના ભોંયરામાં રહ્યાની તમામ નિશાનીઓ ભૂંસી નાંખી બાકોરા વાટે ભોંયરામાં પાછો આવી ગયો.

હવે એમને ભોંયરામાં દીવાલની પછીતે ખૂણામાં લપાઈને ભંડારમાં થતી બોલચાલ સાંભળવાની હતી. ભંડારમાં કોઈ આવે તે પહેલાં બંનેએ થોડો નાસ્તો કરી પાણી પી લીધું અને પછી કોઈ ભોંયરામાં આવે તો પણ એમની નજરે ન ચડે તે રીતે થાંભલાની આડે ભંડાર પછીતે કાન સરવા કરી ચૂપચાપ બેસી ગયા.

થોડીવારમાં ભંડારનું મુખ્ય દ્વાર ખૂલવાનો અવાજ સંભળાયો. ત્રણ ચાર જણ અંદર આવજાવ કરતા હોય તેવું લાગ્યું. સુકાળ અને વીજુ શ્વાસ થંભાવી બેસી રહ્યા.

'હજૂર, દીવાન સાહેબ પધાર્યા છે...' ભંડારમાંથી એક હાંફતો અવાજ સંભળાયો. દરવાજે એમની બગીમાંથી હમણાંજ ઉતર્યા.

'એમની સાથે કોઈ છે?'

'ના હજૂર...' એમનો અંગરક્ષક પણ દરવાજા આગળ જ ઊભો રહ્યો છે.

'ઠીક છે, તું પણ દરેક દરવાજે જઈને ઊભો રહે. ચકલુંય અંદર ન ફરકે એનું ધ્યાન રાખજે.'

ફરી પાછો કોઈના જવાનો હળવો અને પછી કોઈના આવવાનો ભારે પદચાપ બંનેએ સાંભળ્યો.

'સલામ હજૂર...'

'કેમ ભંડારી... આપણું કામ કેટલેક પહોંચ્યું?' ભંડારમાં એક પડઘો પડ્યો.

સુકાળ એ અવાજ ઓળખી ગયો. હા, એ દીવાનજીનો જ અવાજ હતો. અને પછી તરત જ ભંડારની અંદરનું લોખંડી દ્વાર કીચૂડ કીચૂડ કરતું બંધ થયું.

હજૂર શસ્ત્રોની છેલ્લી ખેપ પણ આવી ગઈ છે. ગઈકાલે એનો એક વિશ્વાસુ સરદાર પણ અહીં આવીને બધું જોઈ ગયો છે. આજે દસમ છે. તેરસના રોજ એકેક બબ્બે કરીને એમના સો ચુનંદા સૈનિકો આ ભોંયરા વાટે ભંડારમાં આવી જશે.

એમના શસ્ત્રો સાથે એક પછી એક બાકોરા વાટે મહેલ જતા ભોંયરા વાટે રાજમહેલના દરવાજા સુધી જશે.

'ઠીક છે, હું આવી જઈશ ભંડારી... તેરસની સવારે દીવાબત્તી બુઝાવવા પેલો રાજમાતાનો ચમચો - ભોંયરાનો મુખ્ય દરવાજો ખોલશે. ત્યારે જ એને ઝબ્બે કરવાની વ્યવસ્થા મેં કરી લીધી છે. એટલે ત્યારબાદ આપણા સૈનિકો માટે રાજ મહેલનો ઘેરો ઘાલવા મેદાન મોકળું હશે.'

પણ હજૂર, સેનાપતિ શમશેર બહાદુરના સૈનિકો અને બાસાહેબના અંગરક્ષકોનું શું?

'એનીય વ્યવસ્થા મેં વિચારી લીધી છે. શમશેરને તો હું બારસને રોજ રાજ આજ્ઞાથી સાથે સજ્જનગઢ પર હલ્લો લઈ જવા મોકલી દઉં છું.'

'હજૂર, ખરેખર આપની ચાલ ભલભલાને ન સમજાય! આપણો આ રાજા તો તમે ફરમાવો એમ જ કરે છે.

'પણ રાજમાતાને હું દીઠોય ગમતો નથી તેનું શું?'

આમેય બે-ત્રણ દિવસ પછી તો આમેય એ સોમવતી અમાસ પછી આપને જોઈ શકવાના નથી.

બંનેના ખડખડાટ હાસ્યથી ભંડારની દીવાલો કાંપી ગઈ.

સુકાળ અને તેજુને થોડી ક્ષણ એમના કાને આડા હાથ દેવા પડ્યા. સુકાળને દીવાનની ભયંકર ચાલ સમજાઈ ગઈ. થોડીવારે ભંડારમાં વાતચીત બંધ થઈ ગઈ. દીવાનના ભારે બૂટનો અવાજ ભંડારમાંથી બહાર જતો સંભળાયો.

થોડીવારે પાછો ભંડારીનો અવાજ સંભળાયો.

અબ્દુલ, ચાલ હવે ભંડારના બધા બારી બારણા બંધ કરાવ. હવે આપણને બહાર જવાનું છે. આ દરવાજે સીલ લગાડી દે અને મુખ્ય દરવાજે ચોકીયાતને ખબરદાર રહેવા સમજાવી દે...

સુકાળ તેજુને થોડીવાર સુધી બારી બારણા બંધ થવાના અને માણસોની અવર જવરના પદરવ સંભળાયા. પછી ભંડારમાં નીરવ શાંતિ છવાઈ ગઈ.

સુકાળ અને તેજુ થોડીવાર ત્યાં બેસી રહ્યા. ત્યારબાદ સુકાળે ભંડારમાં થયેલી બધી વાત પૂજારીને કહી.

પૂજારીએ થોડો વિચાર કર્યો.

'તેજુ, રાજમાતાના પીયરમાં એમના ભાઈને મળવા તું ગયો હતો, નહીં?'

'જી બાબાજી... અહીંથી મારતે ઘોડે ગયેલો. ચાર કલાકમાં તો હું ત્યાં પહોંચી ગયો હતો.'

'તો એક કામ કર. પહેલા જમી લે. પછી મંદિરની ઘોડી લઈ ત્યાં પહોંચી જા. મા સાહેબના ભાઈ ભૈરવસિંહ પર હું તને ચિઠ્ઠી લખી આપું છું. તે પહોંચાડી દે. રાત્રે અથવા વહેલી સવારે પાછો આવી જજે.' અહીં મંદિરમાં જ રહેવાનું છે.

વીજુ, જમીને તરત જ ભૈરવસિંહને ચિઠ્ઠી આપવા રવાનો થઈ ગયો.

પૂજારી બાબાની સુચના મુજબ રાજમાતાને બધી વિગતોથી વાકેફ કરવા સુકાળ રાજમહેલમાં પાછો આવ્યો. રાજમાતાને મળ્યો. રાજમાતાએ પૂજારીની ચિઠ્ઠી ધ્યાનથી વાંચી, એમના વિશ્વાસુ અંગરક્ષક શમશેરસિંહને બોલાવવા મોકલ્યો. શમશેરસિંહ તરત જ હાજર થયો.

'પ્રણામ રાજમાતા...' શમશેરે અદબથી નીચે વળી રાજમાતાને નમન કર્યું.

'શમશેર, તમે આવતીકાલે સજ્જનગઢ કબજે કરવા જાઓ છો?'

'જી, બા સાહેબ... મહારાજનો હુકમ છે, એટલે લાચાર. બાકી સજ્જનગઢ તો આપણું મિત્ર છે...'

'ઠીક છે, તમતમારે લાવ લશ્કર તોપ, બંદૂર, અસ્ત્ર શસ્ત્ર અને તમારા ચુનંદા સૈનિકોને લઈને જરૂર જાઓ...'

'શું આપ પણ....'

'હા... હું પણ...'

તમે ત્યાં જજો.

લશ્કરને સજ્જનગઢથી દૂર રાખી, એકલા જઈને સજ્જનસિંહજીને મારો આશિષપત્ર આપજો અને પછી લડાઈ કર્યા વિના જ વિજય પતાકા ફરફરાવતા તેરસને રોજ વહેલી સવારે અચૂક આવજો. પણ ગઢરાંગની બહાર મહાકાલીના મંદિરની ટેકરી પાસે મુકામ કરજો. ત્યાં તમને મારો સંદેશો મળશે. તમારા અને મારા સિવાય કોઈને જાણ ન થાય તેની ખાસ તકેદારી રાખજો.

આજે તમે મને મળ્યા હતા તે અને તમારા તેરસને રોજ કાલીમાતાના પ્રાંગણમાં પડાવની વાતની ગંધ કોઈ કહેતા કોઈનેય ન આવે તેની તકેદારી રાખજો.

રાજ્યના વફાદાર સેનાપતિ શમશેરને રાજમાતાએ સૂચના આપી વિદાય કર્યા.


***(વધુ આવતા અંકે)***

## સમાજનું ગૌરવ

ઑસ્ટ્રેલિયાનાં મેલબોર્ન શહેરમાં પ્રખ્યાત સ્વીનબર્ન યુનિવર્સિટી. જ્યાં સાયન્સ અને ટેકનોલોજીનું શ્રેષ્ઠ ભણતર આપવામાં આવે છે. બહુ જૂજ વિદ્યાર્થીને ત્યાં એડમિશન મળે છે. કેતન પરમારે માસ્ટર સાયન્સ ઈન કોમ્પ્યુટર નેટવર્કિંગનું એજ્યુકેશન લઇ M.Sc. in Comp. Networkingની ડિગ્રી લીધી.

કેતન પરમાર ઈન્ડિયામાં પોતાનાં ત્રણ વર્ષનાં ફુલટાઈમ બેચલર્સની ડિગ્રી સાથે સાથે એડવાન્સ ડિપ્લોમા ઇન નેટવર્કિંગ, સર્ટીફાઇડ નોવેલ એન્જીનીયર થયા. તે ઉપરાંત સીસ્કો, માઈક્રોસોફ્ટ જેવી મોટી ઈન્ડસ્ટ્રીઝનું ITનું ક્વોલીફીકેશન લીધું. ત્યારબાદ માસ્ટર ઈન કોમ્પ્યુટર નેટવર્ક સીસ્ટમ ઑસ્ટ્રેલિયામાં પુરુ કર્યું. અને હાલ તેઓ ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત કંપની C.S.G.માં નેટવર્ક એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે અને ઓસ્ટ્રેલિયાની સ્ટેટ ગર્વમેન્ટનું નેટવર્ક સંભાળે છે.

આ ઉપરાંત ઈતર પ્રવૃત્તિમાં બોક્સીંગમાં સ્ટેટ લેવલ પર મેડલો મેળવ્યાં. રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજયને બે વખત રીપ્રેઝન્ટ કર્યું અને તે ઉપરાંત સાઈક્લીંગ, સ્વીમીંગ, રેસલીંગ જેવી સ્પર્ધાઓમાં પ્રભુત્વ મેળવ્યું. આ બધી પ્રવૃત્તિઓમાં ભણતરની



સાથે સાથે પ્રવૃત્ત રહ્યા. આ ઉપરાંત તેઓને દેશ-વિદેશની સંસ્કૃતિ તેમજ ભાષા જાણવાનો શોખ છે. આ માટે તેઓ દુનિયામાં સાત દેશોમાં ફર્યા છે અને ભવિષ્યમાં વર્લ્ડ ટુરની ઈચ્છા ધરાવે છે.

શ્રી કેતન પરમાર સ્વ. શ્રી લાલદાસ વિઠ્ઠલદાસનાં પ્રપૌત્ર અને સ્વ. શ્રી મોહનલાલ લાલદાસનાં પૌત્ર અને અનંતરાય મોહનલાલ પરમાર તથા માલાબેનનાં પુત્ર થાય. આ કુટુંબ મૂળ કવિ કલાપીનાં લાઠી (સૌરાષ્ટ્ર) ગામનાં અને હાલ અમદાવાદમાં સ્થાયી થયેલ છે. તેમનાં વડદાદા લાલદાસ પરમાર ૧૯૦૬માં જ્ઞાતિમાં સૌપ્રથમ ગ્રેજયુએટ અને બ્રિટીશ રાજમાં રેલ્વેમાં મેનેજર કક્ષાએ સેવાઓ આપી. ત્યારે તેઓ સીમલા મીટીંગમાં બ્રીટીશરો તરફથી મુખ્ય ઉમેદવાર તરીકે ઉપસ્થીત રહેવાનું સન્માન મેળવનાર વ્યક્તિ તરીકે સૌપ્રથમ હતા. કેતનના દાદા સ્વ. શ્રી મોહનલાલ લાલદાસ પરમારે, પુના યુનિવર્સીટીમાં બી.ઇ. સીવીલ એન્જીનીયરીંગ કર્યું અને સેન્ટ્રલ ગર્વનમેન્ટનાં પ્રોજેક્ટ જેવા કે ઓરીસ્સામાં હીરાકુંડ ડેમ, અમદાવાદમાં રેલ્વે બ્રિજ, સરદાર બ્રિજ વગેરેની ડિઝાઇન બનાવી.

આ કુટુંબમાં ધાર્મિક પ્રવૃત્તિ અને સામાજીક પ્રવૃત્તિમાં પણ સારો ફાળો આપ્યો છે. કેતન પરમારની જનરેશનમાં ભાઇ-બહેનો ઉચ્ચ અભ્યાસ કરી પરદેશમાં પણ સ્થાયી થયેલ છે. તે ઉપરાંત ઇજનેરી, બેન્કિંગ, શિક્ષણ વગેરે સંસ્થામાં કાર્યરત છે.

કેતન પરમાર સ્વ. શ્રી દેવશી માધવજી સોની ભુજ (કચ્છ) (તોળાવારા)નો દોહિત્ર તેમજ સ્વ. શ્રી સોની હીરાલાલ દેવશી "દેવસન્સ"ના ભાણેજ થાય. સ્વ. શ્રી સોની હિરાલાલ દેવશીભાઇ ભુજ ખાતે બુલીયન એસો.ના પ્રમુખ હતા અને ભુજના અગ્રગણ્ય વેપારી હતા.

★ સૌપ્રથમ 'જ્ઞાતિસેતુ'ના સમસ્ત પરિવારને મારા તેમજ મારા કુટુંબ તરફથી અભિનંદન પાઠવું છું. સમગ્ર મારૂ કંસારા સમાજ જે વિશ્વ ફલક પર પથરાયેલું છે, તેઓ સૌને સેતુના એક તાંતણે બાંધવામાં જ્ઞાતિસેતુએ જે ભગીરથ કાર્ય શરૂ કર્યું છે અને સાત સાત વર્ષોથી સમાજના ભાઈ-બહેનોને પણ પોતાના વિચારો માટે એક મંચ પૂરૂં પાડ્યું છે તે માટે ફરી હૃદયથી અભિનંદન પાઠવું છું.

'જ્ઞાતિસેતુ'એ મારા કુટુંબમાં એક સભ્ય તરીકે સ્થાન બનાવી લીધું છે. જેની અમે સૌ ચાતક નજરે રાહ જોતા હોઈએ છીએ. 'જ્ઞાતિસેતુ'માં આવતી બધી જ બાબતો ખૂબજ રસપ્રદ, જ્ઞાનવર્ધક અને સાથે સાથે મનોરંજક પણ હોય છે. તેથી દરેકે દરેક અંક જતનથી સાચવવાનું મન થાય છે. રંગબેરંગી પૃષ્ઠ અને નયનાકર્ષક ફોટો'ઝ વગેરે અત્યંત સુંદર છે.

પાછલા સાત વર્ષ દરમ્યાન 'જ્ઞાતિ સમાચાર' શિર્ષક હેઠળ દરેક અંકમાં માહિતી પહોંચાડવી, વ્યવસાયલક્ષી લેખમાં સોની સમાજમાં જે કારીગર વર્ગ છે તેમના અંગેનો લેખ, બીજી ભાષામાં કહીએ તો આપણી વારસાગત કારીગરીની જે કલા છે તેને લુપ્ત થતી અટકાવવા અંગેનો પ્રયાસ, તે અંગેના લેખ, બીજું આપણા સમાજમાં કલા-સંસ્કૃતિ ક્ષેત્રે એટલે કે સંગીત, નાટ્યકલા, રમતગમત ક્ષેત્રે પણ યુવાધનને તૈયાર કરવા અંગેના લેખો, 'પ્રતિભાવ' વગેરે વિવિધ મથાળા હેઠળ આપેલ છે. આ બધા જ લેખો જ્ઞાતિસેતુના અંકોમાં મોજુદ છે.

***રોહિણી ભરત બુધ્ધભટ્ટી - ભુજ***

★ મારૂં નામ કીર્તિભાઈ જગદીશભાઈ સોની (સોલંકી). હું મૂળ નખત્રાણા તાલુકાના નાના ગામ કાદિયાનાનાનો રહેવાસી છું પણ હાલે અમારૂં કુટુંબ છેલ્લા ૩૦ વર્ષથી કર્ણાટકમાં વસીએ છીએ. આટલા દિવસ એમ લાગતું હતું કે આખા કર્ણાટક રાજ્યમાં આપણી જ્ઞાતિનું એક જ - મારૂં જ કુટુંબ છે. પણ 'જ્ઞાતિસેતુ'ના અંકમાં વાંચ્યું કે વાડી ગામમાં આપણી નાતનું કુટુંબ છે, તો વાંચી બહુ આનંદ થયો.

તો તંત્રીશ્રીને મારી વિનંતી છે કે કર્ણાટક અને આંધ્રપ્રદેશ રાજયમાં આપણી નાતના કેટલા કુટુંબ રહે છે, જે ધંધાર્થે દૂર દૂર વસે છે ને એકલાપણું અનુભવે છે, એવા કુટુંબના નામ, સરનામું, ફોન નંબર વગેરે માહિતી ભેગી કરી 'સેતુ'ના આવતા અંકમાં જણાવવા વિનંતી.

બીજું તંત્રીશ્રી, જણાવવા માગું છું કે મારી એવી ઈચ્છા છે કે દક્ષિણ ભારતમાં વસતા આપણી નાતના બધા કુટુંબોનું એક સ્નેહ મિલન કરવું. જેથી પરિવારોમાં ઓળખાણ વધે. જેથી બધાને એમ લાગે કે આપણે એકબીજાનો સહકાર મેળવી શકીએ.

બીજું, હું સેતુને અભિનંદન આપું છું કે આપણો સેતુ દૂર દૂર રહેતા આપણી નાતના કુટુંબોને જોડે એવી શુભેચ્છાની સાથે જય માતાજી.

***કીર્તિભાઈ જગદીશભાઈ સોની - કનકગીરી,***
***તા. ગંગાવતી, જી. કોપ્પલ, કર્ણાટક***

★ મીતા'સ કોર્નરને વાચકો તરફથી ખૂબજ સારા પ્રતિભાવો મળે છે. તેમાં અપાતા લેખ જીવનમાં કોઈને કોઈ રીતે ઉપયોગી થાય તેવા વિષયને પ્રાથમિકતા આપું છું.

ગત અંકમાં 'વ્હોટ ઈઝ સુખ?' વિશે મળેલા દરેક પ્રતિભાવોનો હું અહીં જાહેરમાં આભાર માનું છું.

'જ્ઞાતિસેતુ'માં પેજ નં.-૫ માં 'સાચો પ્રેમ કેમ પીછાણવો?' આર્ટીકલ ખૂબ ગમ્યો. અજ્ઞાત લેખકને અભિનંદન.

રશ્મિન બારમેડાની પ્રાર્થના ચિઠ્ઠીની રજુઆત ખૂબ જ ગમી! વિચારમંચ હેઠળ 'સગાઈ લગ્ન વિચ્છેદ'નું વધતું પ્રમાણવાળો આર્ટીકલ પણ ખૂબ પ્રેક્ટીકલ મુદ્દા સાથેનો લાગ્યો. જયાબેન કાકુભાઈ બુધ્ધભટ્ટીને મારા અભિનંદન.

***મીતા એન. સોલંકી***

★ 'જ્ઞાતિસેતુ'ને સાત વર્ષ પૂરા થશે તે બદલ હાર્દિક અભિનંદન.

હજુ જાણે કાલની જ વાત લાગે છે જ્યારે પ્રથમ મુખપત્ર સેતુ મારા હાથમાં આવ્યું હતું અને સાત વર્ષ પૂરા કરવાની તૈયારીમાં જ છે. વાહ... ખૂબ જ સારૂં આવું ભગીરથ કાર્ય કરવા બદલ ખૂબજ અભિનંદન 'સેતુ'ની પૂરી ટીમને. દરેકે દરેક અંક ખૂબ જ સુંદર અને સારા હોય છે. જાણે જમવાની પ્લેટમાં અલગ અલગ વાનગી પીરસી હોય. એજ રીતે 'જ્ઞાતિસેતુ'ના દરેક અંકમાં માહિતીનો ભંડાર પીરસાય છે. જે સાચવવા યોગ્ય હોય છે. જેટલા ફળ મીઠા લાગે છે તેની પાછળ પુરૂષાર્થ પણ તેજલો જ છુપાયેલો હોય છે તે વાસ્તવિક્તા સ્વીકારવી જ પડે. 'સેતુ'ની પૂરી ટીમને ખૂબ અને ખૂબ જ અભિનંદન. આપણું આ 'સેતુ' ઉત્તરોત્તર ઉન્નતિ અને પ્રગતિ કરતું રહે તેવી અંતરની શુભેચ્છા.

***આર. પી. પોમલ - અંજાર***

★ 'જ્ઞાતિસેતુ' પારિવારિક સામાયિક છે. તેને સાચવવું એ ખૂબ સારી બાબત છે. મારી પાસે 'સેતુ'ના ૩૧ અંકો પડ્યા છે. જયારે 'સેતુ'ના બે મહિના આવ્યું નહિં એ દરમ્યાન મેં આ બધા અંકો ફરી વાંચીને 'સેતુ' વાંચવાની જીજ્ઞાસા પૂરી કરી.

'જ્ઞાતિસેતુ'ને સાત વર્ષ પૂરા થયા તે બદલ હાર્દિક અભિનંદન. આપણું આ 'સેતુ' ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા.

***મધુ પ્રશાંત બીજલાની - અમદાવાદ***

## આભાર

આપ સૌના પ્રોત્સાહન, લાગણી, હુંફથી ''જ્ઞાતિસેતુ'' સાત વર્ષથી સમાજમાં સેતુરૂપ બની શકેલ છે. સૌ વાચકો, વિજ્ઞાપન દાતાઓ, લેખકો, હિતેચ્છુઓ, દાતાઓ — સૌનો ખૂબ ખૂબ આભાર.

***— "જ્ઞાતિસેતુ" પરિવાર***

## બોળચોથના દિવસે ગવાતું ગાયનું ગીત

સ્વર્ગભુવનથી ઊતર્યા ગવતરી
આવ્યા તે મૃત્યુલોક માલવાજી
ચડવા ડુંગરીએ ને પાણી પીવા ગંગા
વાઘ-વીરાને નજરે ચઢ્યાજી
ઉભોને ગાય માત કઉં એક વાવડી
મોઢે દીઠુંલી ખાજ નહીં મેલું રે જી
ઉભોને વાઘ-વીરા કઉં એક વિનંતી
ઘરે રે મેલ્યા નાના વાછરું રે જી
વાછરું ધવરાવીને વેલા રે આવજો.
નહીંતર રે બાળનંદજીની આણ રે.
નંદજીની આણ તમને ચંદ્રની આણ તમને
ચાંદો ને સૂરજ બન્ને આંખીયા રેજી
પેલો હીંડોળો ગાયે જંગલમાં નાંખ્યો
બીજો હીંડોળો નાવ્યો વાડીએ રેજી
ત્રીજો હીંડોળો નાંખ્યો પાદરે રે જી.
ચોથે હીંડોળે નાંખ્યો પાદરે રેજી
ઉઠોને નાના વાછરું ધાવી લો
માતાના દૂધ
અવધૂરે આવી વાઘ વીરની રે જી.
ઘેલી કામધેનુ માતા ઘેલું શું બોલો
કડપેલું દૂધ કડવો લીમડો રેજી
આગળ રે ચાલ્યા નાના વાછરું
પાછળ કામધેનુ માવડી રે જી
પેલો હીંડોળો જંગલમાં નાંખ્યો.
બીજો હીંડોળો નાંખ્યો વાડીએ રે જી.
ત્રીજો હીંડોળો નાંખેલો પાદરે જી.
ઉઠોને વાઘમામા ભરખો રે અમને રેજી.
પછી તરવો મારી માતને રે જી
આવા નાના વાછરું કોને ભાળ્યા
કોને રે તમને શીખવ્યા રેજી.
કાયા વેરી વાચાની ઉંરે જી
રામે તોળવ્યાને લક્ષ્મણે શીખવ્યા
અર્જુન વેદી એ વાયા વેરીયાજી
વાઘ રૂપે બ્રહ્માજી પ્રગટ્યા
સર્વને દર્શન આપીયા રેજી
ગાય શીખે-સુણે ને સાંભળે. વૈંકુઠ રે વાસરેજી

*પ્રેષક : કનુભાઈ એન. બીજલાની*

## ક્યાં કશુ નવું કરી રહ્યો છે???

ક્યાં કશુ નવું કરી રહ્યો છું?
ડાળીએથી દૂર થવા યત્ન કરી રહ્યો છું.

જમણેરી વાયરાની વાટ જોઇ રહ્યો છું.
ક્યાં કશુ નવું કરી રહ્યો છું?

કૂંપળને ફૂટવા જગા કરી રહ્યો છું.
કુદરતના ક્રમને ધીરેથી જાળવી રહ્યો છું.

ધીરે ધીરે હસી હસીને ખસી રહ્યો છું.
ક્યાં કશુ નવું કરી રહ્યો છું?

ઉગમણા ઉમંગને આવકારી રહ્યો છું.
અસ્તના શોકને ઘટાડી રહ્યો છું.

અસંગના શસ્ત્રથી છેદવાનો યત્ન કરી રહ્યો છું.
ગીતાના ઉપદેશનો આચરણ કરી રહ્યો છું.
પતન કે ઉત્થાન ની સીમા વળોટી રહ્યો છું.
માનવ છું માનવ બનવા મથી રહ્યો છું.
ક્યાં કશુ નવું કરી રહ્યો છું?

*પ્રેષક : હીરાલાલ એન. સોની - ગાંધીધામ*

## કિશ્તી જ્ઞાતિ ગંગાની

જ્ઞાતિસેતુ છે માસિક રૂડું
દેખીને મનડું હરખાતું
સોની મહાજન જ્ઞાતિજનોમાં
હોંશભેર એ નિત્ય વંચાતું.

હજાર હજાર માઈલ વતનથી
વસું દૂર હું જ્ઞાતિજનોથી
મુઠ્ઠી ઊંચેરું મુખપત્ર આ
મેળવતું મુજને સ્વજનોથી.

ધન્ય છે એવા જ્ઞાતિજનો
જે રસપૂર્વક વાંચે છે એને
જેના ઘેર ન આવે ઘડીએ
યાદ કરાવી આપે તેને.

બન્યું કુટુંબે સારૂં નરસું
એની જાણ કરાવે તેને
જ્ઞાતિગંગાની આ કિશ્તીને
ખૂબ વધાવે નમ્ર મને.

*ભાણજી ચુનીલાલ સોની - નાગપુર*

*પ્રાચીન રોમમાં મીઠું એટલું કિંમતી હતું કે પેગેલિઅસ સીઝર પોતાના સૈનિકોને પગારને બદલે મીઠું આપતો. અંગ્રેજી ભાષામાં પગારને 'સેલરી' કહેવાય છે. જે શબ્દ 'સૈલ' પરથી આવે છે જેનો અર્થ મીઠું થાય.*

# સન્માન – 'સેતુ' સન્મિત્રોનું.....

*સાધારણ રીતે કોઈ પણ સામાયિક વંચાઈ ગયા પછી, અથવા તો એના પછીનો બીજો અંક આવે ત્યાં સુધી જ સચવાતું હોય છે. મોટેભાગે સામયિકો, વહેલા કે મોડા પસ્તીમાં જ જતા હોય છે. પરંતુ એ ખરેખર આશ્ચર્યની વાત છે કે, સેતુના અનેક સભ્યોએ એના છ વર્ષ પહેલાના આરંભના અંકથી લઈને આજ સુધીના અંકો પ્રેમથી જાળવી રાખ્યા છે. અમારા એક પ્રશ્નના ઉત્તરમાં 'સેતુ'ના અનેક વાંચકોએ જણાવ્યું છે કે એમણે 'સેતુ'ના અંકો સાચવ્યા છે. એટલું જ નહીં, કેટલાક સુજ્ઞ વાંચકોએ તો, ઉત્તરમાં અંકોનો ક્રમ, પ્રકાશન માસ અને પ્રત્યેક અંકમાં પ્રકાશિત મહત્ત્વની માહિતીનો પણ નિર્દેશ કર્યો છે. 'સેતુ'ના તંત્રી મંડળ માટે આ હકીકત ખૂબ જ પ્રોત્સાહક છે. એ માટે તંત્રી મંડળ સુજ્ઞ વાંચકોનું ઋણી છે. અમને અમારી મહેનત સફળ થયાનો હર્ષ છે. જે વાચકે સૌથી વધુ અંકો સાચવ્યા હોય તેને બિરદાવવાનું આયોજન હતું. પરંતુ અમને લાગે છે કે જેમણે પણ 'સેતુ'ના પ્રકાશન આરંભથી લઈને આજ લગી, દસથી વધુ અંકો સાચવ્યા છે, વિગતો આપવાની તસ્દી લીધી છે તે બધા વાચકોને યથાશક્તિ બિરદાવી આભાર માનીએ છીએ. અને સન્માનના પ્રતીકરૂપે આ વાચકોને પ.પૂ. મોરારી બાપુનું તાજેતરમાં પ્રકાશિત પુસ્તક "માનસ દર્શન" ભેટરૂપે મોકલવામાં આવશે.*

*અમારા માટે બીજી પણ એક વધુ હર્ષની વાત એ છે કે, આપણા મહામંડળના માનનીય પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની, જેમને અમે 'સેતુ'ની આવી સજ્જડ લોકપ્રિયતાની વાત કરી તો એમને અત્યંત હર્ષ થયો. એમણે 'સેતુ'ના આ વાચકોને બિરદાવવા માટેના પુસ્તકો એમના સૌજન્યથી આપવા જણાવ્યું. આપણા સમાજના વરિષ્ઠ નેતૃત્વનું 'સેતુ' પ્રત્યેનો આ સદ્‌ભાવ અમારા માટે અણમોલ છે.*

*અત્યાર સુધી 'સેતુ' તથા 'જ્ઞાતિસેતુ'ના કુલ ૩૯ અંકો પ્રસિદ્ધ થયેલ છે, જેની વિગત નીચે મુજબ છે. ૧૦થી વધારે અંકો સાચવેલ છે તેમના નામો નીચે આપેલ છે. સર્વેને હાર્દિક અભિનંદન.*

***– તંત્રી મંડળ***

| | મહિનો / વર્ષ | વર્ષ/અંક નં. | |
|---|---|---|---|
| | **"સેતુ"** | | |
| ૧. | ૧૫ ઓગસ્ટ / ૨૦૦૪ | ૧ / ૧ | પ્રવેશાંક |
| ૨. | નવેમ્બર / ૨૦૦૪ | ૧ / ૨ | દીપોત્સવી |
| ૩. | જાન્યુઆરી / ૨૦૦૫ | ૨ / ૧ | |
| ૪. | મે / જુન - ૨૦૦૫ | ૨ / ૨ | |
| | **"જ્ઞાતિ સેતુ"** | | |
| ૫. | ઓગસ્ટ / ૨૦૦૫ | ૧ / ૧ | |
| ૬. | નવેમ્બર / ૨૦૦૫ | ૧ / ૨ | દીપોત્સવી |
| ૭. | જાન્યુઆરી / ૨૦૦૬ | ૧ / ૩ | મંદિર વિશેષાંક |
| ૮. | માર્ચ / ૨૦૦૬ | ૧ / ૪ | |
| ૯. | જુલાઈ / ૨૦૦૬ | ૧ / ૫ | ચંદર અષાઢી |
| ૧૦. | ઓગસ્ટ / ૨૦૦૬ | ૧ / ૬ | મહામંડળ વિશેષાંક |
| ૧૧. | ઓક્ટો./નવે. / ૨૦૦૬ | ૧ / ૭ | દીપ સે દીપ |
| ૧૨. | ડિસે./જાન્યુ. ૨૦૦૬/૦૭ | ૨ / ૨ | |
| ૧૩. | ફેબ્રુ./માર્ચ ૨૦૦૭ | ૨ / ૩ | ફાગણીયો લહેરાયો |
| ૧૪. | એપ્રિલ/મે ૨૦૦૭ | ૨ / ૪ | સમર વેકેશન |
| ૧૫. | જુન/જુલાઈ ૨૦૦૭ | ૨ / ૫ | અષાઢી બીજ |
| ૧૬. | ઓગસ્ટ/સપ્ટે. ૨૦૦૭ | ૨ / ૬ | ચોથા વર્ષમાં પ્રવેશ |
| ૧૭. | ઓક્ટો./નવે. ૨૦૦૭ | ૩ / ૧ | અંજાર શાહ મહોત્સવ |
| ૧૮. | ડિસે. / જાન્યુ. ૨૦૦૭-૦૮ | ૩ / ૨ | યુવા પરિચય મેળો |
| ૧૯. | ફેબ્રુ./માર્ચ ૨૦૦૮ | ૩ / ૩ | હોળી |
| ૨૦. | એપ્રિલ/મે ૨૦૦૮ | ૩ / ૪ | ફોટોગ્રાફી સ્પર્ધા |
| ૨૧. | જુન/જુલાઈ ૨૦૦૮ | ૩ / ૫ | IAS બુધ્ધભટ્ટી |
| ૨૨. | ઓગસ્ટ/સપ્ટે. ૨૦૦૮ | ૩ / ૬ | બ્રિટનમાં નવરાત્રી |
| ૨૩. | ઓક્ટો./નવે. ૨૦૦૮ | ૪ / ૧ | સ્વર્ણિમ સમાજ |
| ૨૪. | ડિસે./જાન્યુ. ૨૦૦૮-૦૯ | ૪ / ૨ | ગોમતી બા |
| ૨૫. | ફેબ્રુ. / માર્ચ ૨૦૦૯ | ૪ / ૩ | પાર્ટી પ્લોટ |
| ૨૬. | એપ્રિલ / મે ૨૦૦૯ | ૪ / ૪ | આપણું ઘર |
| ૨૭. | જુન / જુલાઈ ૨૦૦૯ | ૪ / ૫ | ભણતરનું ચણતર |
| ૨૮. | ઓગસ્ટ / સપ્ટે. ૨૦૦૯ | ૪ / ૬ | પ્રગતિના પંથે |
| ૨૯. | ઓક્ટો. / નવે. ૨૦૦૯ | ૫ / ૧ | ભવાનજીભાઈ |
| ૩૦. | ડિસે. / જાન્યુ. ૨૦૦૯-૧૦ | ૫ / ૧ | મહા સંમેલન |
| ૩૧. | ફેબ્રુ. / માર્ચ ૨૦૧૦ | ૫ / ૨ | બ્યુટી કોન્ટેસ્ટ |
| ૩૨. | એપ્રિલ / મે ૨૦૧૦ | ૫ / ૩ | પૌષ્ટિક પીણા |
| ૩૩. | જુન / જુલાઈ ૨૦૧૦ | ૫ / ૫ | સાગરથી સેતુ |
| ૩૪. | ઓગસ્ટ / સપ્ટે. ૨૦૧૦ | ૫ / ૬ | દુલ્હન શણગાર |
| ૩૫. | ઓક્ટો. / નવે. ૨૦૧૦ | ૬ / ૧ | ૨૫મો સમૂહ લગ્નોત્સવ |
| ૩૬. | ડિસે. / જાન્યુ. ૨૦૧૦-૧૧ | ૬ / ૨ | સમૂહ લગ્ન મહોત્સવ |
| ૩૭. | ફેબ્રુ. / માર્ચ ૨૦૧૧ | ૬ / ૩ | વસંતના વધામણા |
| ૩૮. | એપ્રિલ / મે ૨૦૧૧ | ૬ / ૪ | |
| | જુન / જુલાઈ ૨૦૧૧ | ૬ / ૫ | વર્ષાના વધામણા |
| ૩૯. | ઓગસ્ટ / સપ્ટે. ૨૦૧૧ | ૬ / ૬ | ફેસ બુક |

## "જ્ઞાતિસેતુ"ના અંકો સાચવેલ વાચકોના નામ

| | | |
|---|---|---|
| ૧. | અતુલભાઈ કાકુભાઈ બુધ્ધભટ્ટી - નયા અંજાર | ૩૯ |
| ૨. | રોહિણીબેન બુધ્ધભટ્ટી - ભુજ | ૩૯ |
| ૩. | મધુબેન પ્રશાંત બીજલાણી - અમદાવાદ | ૩૫ |
| ૪. | મણિબેન નંદલાલ બીજલાણી - ભુજ | ૩૩ |
| ૫. | ગોહીલ વિશલ જે. - મીરજાપુર, ભુજ | ૩૨ |
| ૬. | આર.પી. પોમલ | ૩૨ |
| ૭. | અલ્પા જયમીન સોની - અમદાવાદ | ૩૨ |
| ૮. | કનૈયાલાલ એમ. કંસારા - ડીસા | ૨૬ |
| ૯. | મૌલીક અનિલભાઈ બારમેડા - ભુજ | ૨૬ |
| ૧૦. | ભૂપેન્દ્ર જેઠાલાલ પોમલ - ધાણેટી | ૨૩ |
| ૧૧. | ઈશ્વર ડી. મૈચા, માંડવી, કચ્છ | ૨૦ |

**આપની ભેટ મેળવવા આપનું સરનામું 96012 75078 પર SMS કરવા વિનંતી છે.**



# 33 # SETU-NOV.-2011 # FINAL PROOF # 33 #